# અંગ અર્પણ એ જ સાચું તર્પણ



ડૉ. ચિંતન ચૌધરી

# અંગ અર્પણ એ જ સાચું તર્પણ

ડૉ. ચિંતન ચૌધરી

નમસ્કાર Research & Policy Foundation

**અંગ અર્પણ એ જ સાચુંતર્પણ**

**ડૉ. ચિંતન ચૌધરી**


| | |
|---|---|
| પ્રથમ આવૃતિ | : જૂને ૨૦૨૨ |
| પ્રકાશક | : નમસ્કાર રિસર્ચ સેન્ટર એન્ડ પોલિસી ફાઉન્ડેશન<br>૧૧૪૩, ગ્રેવિટાસ, શ્યામલ ચાર રસ્તા,<br>સેટેલાઈટ, અમદાવાદ. |
| મુદ્રણ | : થીઓ પ્રિન્ટ<br>બેઝમેન્ટ, ગોલ્ડન ટ્રાયએંગલ,<br>સરદાર પટેલ સ્ટેડિયમ પાસે,<br>નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૦૯ |
| મૂલ્ય | : અમૂલ્ય |


અંગદાન કરી

અનેકનું

જીવન ઉજાળનાર

અંગદાતા પરિવારજનોને

અર્પણ...



**ભૂપેન્દ્ર પટેલ**

**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

**સંદેશ**

દરેક પરિવાર માટે પોતાના સ્વજનના અંગદાન કરવાનો નિર્ણય સરળ નથી હોતો, પરંતુ અંગદાન માટે તબીબો અને સેવાભાવી સંસ્થાઓના પ્રયાસથી અનેકના જીવનમાં પ્રકાશ ફેલાઈ રહ્યો છે. અંગદાન દ્વારા સ્વજનને અન્યના માધ્યમથી જીવંત રાખી શકશે તેવી સમજ હવે સમાજમાં વધી રહી છે. સમાજ સેવાની સફરમાં સક્રિય રહેનાર સંસ્થા અનેકવિધ જનસહાયક પ્રવૃત્તિ દ્વારા માનવસેવાનો ઉમદા હેતુ પાર પાડે છે.

અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અંગદાન માટેની જાગૃતિનો પ્રયાસ તેમજ આ પ્રયાસને વેગ આપવા ‘‘અંગોનું અર્પણ એ જ સાચું તર્પણ’’ નામનું પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે, જે અનુકરણીય તેમજ પ્રશંસનીય છે. આપના ટ્રસ્ટ તરફથી સેવાકાર્યો થઈ રહ્યાં છે તે બદલ ધન્યવાદ સાથે પુસ્તક સૌને ઉપયોગી બની રહે તે માટે શુભેચ્છા પાઠવું છું.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)



# સી. આર. પાટીલ

પ્રદેશ અધ્યક્ષ

ભારતીય જનતા પાર્ટી - ગુજરાત

## શુભેચ્છા સંદેશ

ગુજરાતની પાવનભૂમિ એ વિવિધ પ્રકારના લોક જાગરણ, વૈચારિક ક્રાંતિ કે પરિવર્તનના શરૂઆતની સાક્ષી રહી છે. મેડિકલ ક્ષેત્રે થયેલા વિવિધ આવિષ્કાર અને અંગોના પ્રત્યારોપણને મળેલી સફળતા પછી અંગદાન પણ લોક સેવાનું એક અનન્ય ઉત્કૃષ્ટ માધ્યમ બની શકે છે એ છેલ્લાં થોડાક સમયથી આપણે જોઈ શકીએ છીએ.

અંગદાન થકી અનેકોના જીવન ઉજાળી શકાય છે એ અંગદાનથી નવજીવન પામેલા શ્રી દિલીપભાઈ દેશમુખે પોતાના જીવનની ત્રીજી પારીથી પુરવાર કરી બતાવ્યું છે. એમણે પોતાના જીવનને અંગદાન માટેના લોક જાગરણને સમર્પિત કરી દીધું છે. તેઓશ્રીના અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ-અમદાવાદ દ્વારા અંગદાન અંગે જાગૃતિ ફેલાવવાનું કાર્ય 'અંગદાન મહાદાન' નામના અભિયાન રૂપે ખૂબ ઝડપથી થઈ રહ્યું છે. આ અભિયાનથી પ્રેરિત થઈ અનેક પરિવારે અંગદાનના અનેક ઉમદા અને પ્રેરણારુપ ઉદાહરણ સમાજને પૂરા પાડ્યા છે.

આવા અનેકો ઉદાહરણ સમાજને પ્રેરણામય બને એવા ઉમદા ઉદ્દેશ્યથી પ્રકાશિત થઈ રહેલું 'અંગોનું અર્પણ એ જ સાચું તર્પણ' એ પુસ્તક સમાજ માટે ખરા અર્થમાં એક દીવાદાંડી રુપ બનશે એવી મને આશા છે.

આમ જુઓ તો માનવશરીર એ કુદરતનું અણમોલ સર્જન છે તો માનવજીવન એ કુદરતની અણમોલ ભેટ. પોતાના સ્વજનને ગુમાવવાનું દુઃખ અસહ્ય હોય છે તેમ છતાં તેમના જુદાજુદા અંગનુ દાન કરી અનેકના જીવન ઉગારી શકાય છે. આમ અંગદાનના પુણ્યકાર્ય દ્વારા આપણાં એક સ્વજનને અનેકમાં પુનઃ જીવંત કરી અનેક પરિવારને ધબકતા રાખવાનું પવિત્રકાર્ય થઈ શકે છે. અંગદાનના મહિમાને ઉજાગર કરી અંગદાનની જ્યોત જલાવનાર દરેક અંગદાતા પરિવાર, સંસ્થાના કાર્યકર્તાઓ, દિલીપભાઈ દેશમુખ તેમજ અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટને આ યજ્ઞકાર્ય માટે અંતઃકરણ પૂર્વક શુભેચ્છા સહ વંદન

સી. આર. પાટીલ



**ઋષિકેશ પટેલ**
આરોગ્ય અને પરિવાર કલ્યાન તબીબ શિક્ષણ
જળ સંપત્તી અને પાણી પુરવઠો મંત્રી

**શુભેચ્છા સંદેશ**

અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા ગુજરાતમાં અંગદાન તેમજ પ્રત્યારોપણ પ્રત્યે લોકોમાં જનજાગૃતિ આવે તે માટે આપના દ્વારા ‘‘અંગોનું અર્પણ એ જ સાચું તર્પણ પુસ્તક પ્રસિધ્ધ કરવા જઇ રહ્યા છો તે જાણી આનંદ થયો.

મનુષ્ય જીવન કુદરતની અદભૂત અને અમૂલ્ય ભેટ છે, ઘણીવાર બીમારી કે આકસ્મિત બનાવને કારણે વ્યક્તિ શારીરિક દુઃખ સહન કરતો હોય છે, તેવામાં જો કોઈ પરિવાર દ્વારા અંગદાન કરવામાં આવે તો તેને એક નવીન જીવન પ્રાપ્ત થતું હોય છે, જેના થકી તેનો પરિવાર પુનઃ જીવંત થતો હોય છે અને આવી આરોગ્ય વિષયક મુશ્કેલીમાંથી બહાર આવે છે.

આજના સમયમાં ‘‘અંગદાન એક શ્રેષ્ઠ દાન‘ ના વિચાર તરફ લોકો આગળ વધી રહ્યા છે તેવામાં આપના દ્વારા પ્રસિધ્ધ થનાર પચાસ લોકોના જીવન પ્રસંગ પર આધારિત ‘‘અંગોનું અર્પણ એ જ સાચું તર્પણ’’ પુસ્તક અંગદાન અંગેની જનજાગૃતિ પ્રત્યે ખૂબ અગત્યનો ભાગ ભજવશે. આશા રાખું કે સત્ય ઘટનાઓ પર આધારિત આ પુસ્તકમાંથી લોકો પ્રેરણા લઈને અંગદાન કરવા પ્રેરાશે. આ પુસ્તકના સર્જનમાં લેખન, સંકલન અને સંપાદન સાથે જોડાયેલ સર્વેને મારી શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું.

ઋષિકેશ પટેલ)



## હર્ષ સંઘવી

ગૃહ અને પોલીસ હાઉસીંગ રમત ગમત યુવક સેવા
અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રી

### શુભેચ્છા સંદેશ

ગુજરાત રાજ્યમાં ધીરે ધીરે પણ મક્કમ ગતિએ અંગદાનની જાગૃતિ સામાન્ય પ્રજામાં વધી રહી છે, જેના કારણે હવે આ જનજાગૃતિ અભિયાન એક લોક આંદોલનનું સ્વરુપ લઇ રહ્યું છે, જેના હકારાત્મક પરિણામોનો આપણને અનુભવ થઈ રહ્યો છે. ગુજરાતમાં અંગદાન તેમજ પ્રત્યારોપણ પ્રત્યે જાગૃતિ આવે તે માટે અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના માધ્યમથી આપ પ્રયત્નશીલ છો.

અંગદાનથી કેવળ એક વ્યક્તિનું જીવન પુનઃ ધબકતું થયું નથી સાથે સાથે આખો પરિવાર ફરી કિલ્લોલ કરતો થયો છે. ઘરમાં ઉલ્લાસ અને ઉમંગનું વાતાવરણ બન્યું છે.જે પુણ્યશાળી જીવનોએ પોતે અંગદાન કરી અન્યના જીવનમાં રોશની પાથરી નવજીવન આપ્યું છે, એવા પચાસ વ્યક્તિઓના જીવન પ્રસંગ આધારિત પુસ્તક ‘‘અંગોનું અર્પણ એ જ સાચું તર્પણ’’ -પ્રસિદ્ધ કરવા જઈ રહ્યા છો. જે ખૂબ જ આનંદની વાત છે.

આ લોકકલ્યાણ અને માનવતાના કાર્ય માટે સંસ્થાના કાર્યકર્તાઓને હદયપૂર્વક શુભેચ્છાઓ.

આપનો સ્નેહાધીન

(હર્ષ સંઘવી)

# મારી વાત...

૧૦ જૂલાઈ ૨૦૨૦ નો દિવસ મારા જીવનને વળાંક આપનારો બની રહ્યો. એક રીતે જોઈએ તો એ દિવસે મારા શરીરમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન પછી મારા જીવનની થર્ડ ઈનિંગની શરૂઆત થઈ. મેં આ ઈનિંગમાં અંગદાન જાગૃતિ માટે સંકલ્પબદ્ધ થઈને કામ કરવાનો વિચાર કર્યો.

૮ એપ્રિલ ૨૦૨૧ ના રોજ હું સંપૂર્ણપણે સ્વસ્થ થયો. સ્વસ્થ થયા પછી મને મનોમન લાગ્યું કે મારે મારા જીવનમાં આવેલી આ અણધારી મુશ્કેલીમાંથી સફળતાપૂર્વક કેવી રીતે બહાર આવ્યો? એની પાછળ ક્યા ક્યા લોકોની શુભકામના-સહાયતા રહી તેમજ આવા ગંભીર ઓપરેશન પછી પણ શરીરને ફરી જીવનના પાટે દોડતું કરી શકાય છે એ બધી વાત લખવાનો નિર્ણય કર્યો. એ અનુભવ પર આધારિત પુસ્તક 'મારી લીવર ટ્રાન્સપ્લાન્ટ યાત્રા-થર્ડ ઈનિંગ'નું ૧૪ જૂન ૨૦૨૧ ના રોજ ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલ સાહેબના હસ્તે વિમોચન થયું.

શરૂઆતના દિવસોમાં આ પુસ્તકને ૧૦૦૦ લોકો સુધી પહોંચાડીને અંગદાન જાગૃતિ બાબતે વાત કરવાની શરૂઆત કરી. જેમ જેમ કામ કરતો ગયો તેમ તેમ ડૉ. ધર્મેન્દ્રભાઈ ગજ્જર, ડૉ. ભાવેશભાઈ મોદી, ડૉ. ચિંતન ચૌધરી, ડૉ. જય પટેલ જેવા અનેક સહયોગી મિત્રોનો સાથ મળતો ગયો.

પ્રારંભિક તબક્કામાં ગાંધીનગર, સુરત, ભુજ, દાંતીવાડા અને પાટણ જેવા સ્થાનો પર પુસ્તકને લઈને કાર્યક્રમો થયા. ૩૧ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ ડૉ. એચ. એલ. ત્રિવેદી સાહેબના જન્મ દિવસે લગભગ ૧૫૦ જેટલા લોકોની ઉપસ્થિતિમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક હેલ્થ (IIPH) ગાંધીનગર ખાતે કાર્યક્રમ થયો. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ આપના આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મ દિવસે લાખો લોકો સુધી અંગદાન જાગૃતિનો સંદેશ પહોંચાડવાનો સફળ પ્રયાસ થયો.

૧૬ નવેમ્બર ૨૦૨૧ ના રોજ 'અંગદાન જાગૃતિ રથ' અને અંગદાનનો સંદેશો આપતી શોર્ટ ફિલ્મ 'તર્પણ' નું માનનીય શ્રી સી. આર. પાટીલ સાહેબના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. આ રથની સાથે હમણાં સુધીમાં રાજ્યના ૧૫ જિલ્લાના દરેક નગર - તાલુકા મથક સુધી અંગદાન જાગૃતિ કાર્યક્રમ થયા છે. જે આગામી સમયમાં રાજ્યના દરેક નગર તેમજ તાલુકા મથકોમાં યોજાશે. અંગદાન જાગૃતિ રથ શ્રી ટી. પી. રાજપૂત (બનાસકાંઠા) ના સૌજન્યથી મળ્યો છે. તર્પણ શોર્ટ ફિલ્મ રત્નમ ફાઉન્ડેશન (વડોદરા) ના સૌજન્યથી નિર્માણ થઈ છે. ફિલ્મના ડાયરેક્ટર - રાઈટર તરીકે શ્રી પંકજભાઈ ઝાલા એ સુંદર કામ કર્યું છે. આ ક્ષણે તેમને પણ યાદ કરું છુ.

ધીમે ધીમે સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં આ દરમિયાન બ્રેઈનડેડ દર્દીઓના અંગદાનની ઘટનાઓ વધવા લાગી. આ પ્રક્રિયામાં ડૉ. રાકેશભાઈ જોશી, ડૉ. સંજયભાઈ

સોલંકી, ડૉ. નિલેશભાઈ કાછડીયા, ડૉ. પુંજીકાબેન, મિત્ર શ્રી પ્રણવભાઈ મોદી તેમજ બધાજ કો-ઓર્ડીનેટર અને કાઉન્સિલર મિત્રોની વિશેષ ભૂમિકા રહી છે.

જ્યારે ૨૫ થી વધારે અંગદાતાઓ થયા ત્યારે ગુજરાત ભરમાં જ્યાં અંગદાતાઓ છે તેમાંથી થોડાક અંગદાતાઓની માહિતીનું પુસ્તક ‘અંગોનું અર્પણ એજ સાચું તર્પણ’ તૈયાર કરવાનો વિચાર આવ્યો. ડૉ ચિંતન સાથે આ વિશે વાત કરતાં તેમણે કામ કરવાની તૈયારી બતાવી અને પુસ્તક તૈયાર થયું. આ પુસ્તકમાં સમગ્ર ગુજરાતની અંગદાનની ઘટનાઓ આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે.

રાજયમાં અંગદાન ક્ષેત્રે વર્ષોથી સક્રિય એવા શ્રી નીલેશભાઈ માંડલેવાલા (સુરત), ડૉ દિવ્યેશભાઈ વિરોજા સાહેબ (રાજકોટ), ભાવનાબેન મંડલી (રાજકોટ),ડૉ રાજેન્દ્રભાઈ કાબરિયા સાહેબ (ભાવનગર), ડૉ મીતાબેન (જામનગર), ડૉ દીપાલીબેન તિવારી (વડોદરા) વગેરેનું સમાજમાં નોંધપાત્ર યોગદાન રહ્યું છે.

ઓર્ગન ડોનેશન અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ ની વાત આવે એટલે ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડીસિઝ અને રિસર્ચ સેન્ટર (IKDRC) ના ડાયરેક્ટર ડૉ વિનીતભાઈ મિશ્રા સાહેબ અને ગુજરાત યુનિવર્સીટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સ (GUTS) ના વાઈસ ચાન્સેલર ડૉ પ્રાંજલભાઈ મોદી સાહેબ અને અને સિવિલ હોસ્પિટલ અમદાવાદના સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ રાકેશભાઈ જોશીની ભૂમિકા અત્યંત મહત્વની રહેલી છે.ગુજરાત સરકારના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ પણ અંગદાનના કાર્યને સતત પ્રોત્સાહિત કરતા રહે છે.

અંગ દાતાઓની આ કથા સમાજમાં અંગદાન જાગૃતિ લાવવામાં ખુબ જ ઉપયોગી નીવડે તેવી મને આશા છે.આપણા દેશમાં લાખો ભાઈ- બહેનો જે અંગોની પ્રતીક્ષામાં મૃત્યુની પ્રતીક્ષા કરે છે તેમની આ અમૃત કાળમાં મૃત્યુની પ્રતીક્ષા સમાપ્ત થાય તેજ એકમાત્ર ઉદ્દેશ્ય છે. બધાજ અંગ દાતાઓની વાત આ આવૃત્તિમાં કરી શક્યા નથી. ભવિષ્યમાં વધુ અંગ દાતાઓની કથા લખવાનો પ્રયાસ જરૂર કરીશું.

અંગદાન ક્ષેત્રે કાર્યરત સૌ ડોક્ટરશ્રીઓ , મિત્રો અને સર્વ અંગદાતાઓ ને નતમસ્તક વંદન

આપનો,

દિલીપ દેશમુખ

# પ્રસ્તાવના

## ડૉ. પ્રાંજલ મોદી

શરીરની રચના અદભૂત છે. શરીરની બહાર દેખાતા અવયવો જેવાં કે નાક, કાન, હાથ, પગ વગેરેના કાર્યો વિશે સામાન્ય વ્યકિતને જાણ છે. શરીરના અંદરના જેવા કે મગજ, હૃદય, ફેફસાં, લિવર (યકૃત) કિડની વગેરે વિશે ઓછા પ્રમાણમાં સમજ અને  જ્ઞાન હોય છે. શરીરના અંદરના અવયવો એ જીવન જીવવા માટે આવશ્યક છે. એક પણ અંગ ખોટકાય તો જીવન જીવવું શક્ય હોતું નથી. મૃત્યું વિશેનું જ્ઞાન પણ સીમિત છે. હૃદય બંધ પડી જવાથી થતા મૃત્યું વિશેના લક્ષણોમાં શરીરનું હલનચલન બંધ થઈ થઈ જવું, હૃદયના ધબકારા બંધ થઈ જવા, શરીર ઠંડુ પડી જવું અને ચામડીનો રંગ બદલાઈ જવો વગેરે વિશે સમજ છે. મગજને જઓ ગંભીર ઈજા પહોંચે તો તે મૃત્યું પામે છે. મગજનું મૃત્યું થાય તો તે વ્યક્તિનું  મૃત્યું થયું ગણાય. મગજના મૃત્યુંને ‘‘બ્રેઈન ડેથ’’ તરીકે ઓળખવામાં આવે છે. જે વ્યક્તિનું બ્રેઈન ડેથ થાય તે વ્યક્તિને વેન્ટીલેટર પર રાખી કૃત્રિમ શ્વાસ પર તેનાં અંગોને થોડા સમય જીવિત રાખી શકાય છે અર્થાત વ્યક્તિનું અવસાન થઈ ચુક્યું છે. પરંતુ વેન્ટીલેટરની મદદથી કૃત્રિમ રીતે શ્વાસ આપી તેનું હૃદય અને અન્ય અંગો થોડા સમય માટે જીવિત રખાય છે.

બ્રેઈન ડેથ વ્યક્તિના પરિવારજનો દર્દીનાં મૃત્યું અંગે જાણ ડોકટરો દ્વારા કરવામાં આવે ત્યારે પરિવારજનો પાસે બે વિકલ્પો હોય છે. (૧) અંગોનું દાન કરવું (૨) વેન્ટીલેટર કાઢીને અંતિમ ક્રિયા કરવી.

આ પુસ્તિકામાં પચાસ પરિવારજનો કે જેમણે તેમના વહાલસોયાનાં બ્રેઈન ડેથ પછી અંગદાનનો નિર્ણય લીધો તે વિશેની માહિતી છે. ચારસો વર્ષ પહેલા નરસિહ મહેતાએ ભજન લખ્યું હતુ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું પ્રિય ભજન હતું તેની પ્રથમ બે પંક્તિઓ ‘‘વૈષણવજન તો તેને રે કહીયે જે પીડ પરાઈ જાણે રે, પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે’’ મને આ પરિવારજનોના નિર્ણયથી થતાં તેમની યાદ આવી ગઈ. આ તમામ પરિવારજનોને મારા વંદન.

ગુજરાત રાજયમાં અંગદાનનું પ્રમાણ વધે તે માટે દાદા શ્રી  દિલીપભાઈ દેશમુખે ભેખ લીધો છે. અંગદાનના એક પરિવારજનના નિર્ણયને કારણે તેમનું પોતાનું લિવર પ્રત્યારોપણ શક્ય બન્યું હતું. નવી જીદંગી મળતા જ તેમણે અંગદાન માટે કાર્ય કરવાનું નક્કી કર્યુ હતું અને તેના ભાગ રૂપે પચાસ અંગદાન કરનાર પરિવારજનોને મળીને તેમણે આ પુસ્તિકા તૈયાર કરી છે. ગુજરાતી ભાષામાં આ પ્રકારનું સાહિત્ય નથી. આ પુસ્તિકાનાં તમામ પ્રસંગો સત્ય છે. અંગદાન દ્વારા અન્ય વ્યક્તિનું જીવન બચાવી શકાય તેવી ભાવના સાથે સમર્પિત પરિવારજનોએ અત્યંત વિકટ પરિસ્થિતીમાં લીધેલા નિર્ણયોનું તાદ્રશ વર્ણન કર્યું છે. આપવાની ભાવના સાથે લીધેલા નિર્ણયો જ સમાજની સુવાસ છે અને દરેક દાતાનાં જીવનને અંજલી અર્પણ કરવાનો પ્રયાસ છે.

# અનુક્રમણિકા


મહર્ષભાઈ પટેલઃ
અંગદાન પ્રવૃત્તિને આંદોલિત કરી ——— ૦૧

કૌટિલ્ય કુમારે ત્રણને નવજીવન આપ્યું ——— ૦૪

લવજીભાઈઃ એકમાંથી ત્રણ થયા! ——— ૦૫

કુશાલભાઈના પરિવારનું
પોલીસે સન્માન કર્યું... ——— ૦૭

વેદ ભાવેશ આજે પણ અમર છે ——— ૦૯

ધર્મેશભાઈની ઈચ્છા
પત્નીએ પૂરી કરી ——— ૧૧

દિપકભાઈએ છ
પરિવારમાં પ્રકાશ ફેલાવ્યો ——— ૧૩

જીગ્નેશભાઈના પરિવારને
ગુજરાતી ફિલ્મમાંથી પ્રેરણા મળી ——— ૧૫

દિનેશભાઈઃ ઝૂંપડે દીવાના સાંસાં,
પણ બીજાના ઘર ઉજાળ્યા ——— ૧૭

સમજુબેન વીઠાણીઃ ૮૮ વર્ષે પણ બીજાને
જીવતદાન આપી શકાય ——— ૨૦

રેજી વર્ગીસઃ
દફન કરતાં અંગદાન વધુ અગત્યનું ——— ૨૧

મનીષાબેન ગેડીયાઃ
જીવનનો પ્રકાશ અખંડ રહ્યો ——— ૨૩

મિત્તલબેન પ્રજાપતિ
'સાત જનમ' સુધારી ગયા ——— ૨૫

મિતઃ જીવતાં જેનો સંદેશો આપ્યો તેનું
મૃત્યુ પછી પાલન કર્યું ——— ૨૭

ક્રિશ ગાંધીઃ
છેવટ સુધી નિભાવી મિત્રતા! ——— ૨૯

સૂરજભાઈ વાછાણીએ બીજાના જીવનમાં
પરોઢનું અજવાળું પાથર્યું ——— ૩૧

અરુણભાઈ પ્રજાપતિઃ
સમયસર નિર્ણયથી સાત નવજીવન ——— ૩૩

વિદ્યાબેનના પરિવારને
આજે સંતોષ છે ——— ૩૫

રમીલાબેન સલટઃ
અંગદાનને ઉંમર નડતી નથી ——— ૩૭

જ્યોત્સનાબેન પારેખઃ
કેડી કંડારીને રસ્તો બનાવ્યો ——— ૩૯

દક્ષ ભાટીયાઃ અંગો બીજાની
બાસ્કેટમાં નાખી ગોલ કર્યો ——— ૪૧

રાધિકા મંડલીઃ
માતાની પ્રેરણાનું ઝરણું ——— ૪૩

મનહરભાઈ ડાભીઃ મૃત્યુનો અફસોસ,
જીવન આપ્યાનો સંતોષ ——— ૪૫

જશ સંજીવભાઈ ઓઝાઃ
અઢી વર્ષની ઉંમરે આઠ જીવન ઉજાળ્યા ——— ૪૭

ચંદ્રકાન્તભાઈ પટેલની પાછળ
ડૉક્ટર દીકરીનો અંગદાન-યજ્ઞ ——— ૪૯

અરવિંદભાઈ ભટ્ટઃ પુત્ર સોહમને
જીવનનું મિશન સોંપતા ગયા ——— ૫૧

મુકેશભાઈ પટેલઃ
જનારને આમ અમર કરી શકાય ——— ૫૩

છાયાબેન પટેલઃ નવજીવનની પ્રેરણા ——— ૫૫

પંકજભાઈ ગક્રરઃ આખા ભાવનગરને
અંગદાન માટે પ્રેરિત કર્યું ——— ૫૭

જીલુબેન જોગરાણાઃ
મિશન જિંદગીના પથદર્શક બન્યા ——— ૫૯

શશિકાન્તભાઈ ભટ્ટીઃ
ડૉક્ટર પોતે દીવાદાંડી બન્યા ——— ૬૧

મનન વોરા દિકરો તો ચાલ્યો ગયો
પણ બીજાને જીવાડતો ગયો ! ——— ૬૩

ભૂપેન્દ્રસિંહ રાવના પત્નીના હિંમતભર્યા
નિર્ણયે બીજાનું જીવન બચાવ્યું ——— ૬૫

ગીરીશચંદ્ર જોષીઃ આંખ બંધ થતા પહેલાં
સરહદના સૈનિકની ચિંતા ——— ૬૭

વિજયભાઈ રાવળ
ના અંગદાને આખા સમાજને જગાડ્યો ——— ૬૯

તુષારભાઈ પૂજારાની ઈચ્છા
પત્નીએ સહર્ષ પૂરી કરી ——— ૭૧

મંગુબેન બારૈયાઃ અજાણ્યું પાત્ર,
જેને આજે બધા નામથી ઓળખે છે ——— ૭૩

શ્રી અતુલભાઈ સક્સેનાઃ
He covered miles before sleep ——— ૭૫

મુકેશભાઈ સોલંકીઃ
પરિવારે ગૌરવનું કામ કર્યું ——— ૭૭

ભાવનાબેન ઠાકોરઃ
બજરંગદળની હૂંફ કામ કરી ગઈ ——— ૭૯

મેહુલભાઈ પરમારઃ
રાત ટૂંકી, ને ઝાઝા વેશ ——— ૮૧

ભાવિનભાઈ પરમારઃ
ટૂંકી જિંદગીમાં એકમાંથી અનેક ——— ૮૩

કાંતિભાઈ ગરાળા જીવતા તો લોકસેવા કરતા
મૃત્યુ પછીય અંગદાન કરતા ગયા ——— ૮૫

હિતેશભાઈ દાવડા :
પપ્પા અંગદાન બાદ અમર થઈ જશે ——— ૮૭

રૂગનાથભાઈ સંતોકી ;
નિર્ણયને સમાજના લોકોએ પણ બિરદાવ્યો ——— ૮૯

જંગલ સિંહ પારઘીઃ પરિવારના નિર્ણયની
મીડિયાએ પણ નોંધ લીધી ——— ૯૧

અશોકભાઈ મારુઃ
જીવંત રહેવાની ચાવી, અંગદાન ——— ૯૨

વેલજીભાઈ શિયાળ બીજાની જિંદગી બચાવી,
આજે પણ એ જીવે છે ——— ૯૩

શૈલેષભાઈ પટેલની પાછળ
પરિવારે પણ પ્રતિજ્ઞા લીધી ——— ૯૪

ભારતીબેન ધામેલિયા આપણું અંગ
બીજાને કામ આવે એથી રૂડું શું ! ——— ૯૫

વિક્રમભાઈ વોરાઃ
અગ્નિદાહ પહેલાં અંગદાન ——— ૯૬

ધર્મેશભાઈ પટેલઃ
મા અંબાની મરજી સર્વોપરી રહી ——— ૯૭

અંગદાન એજ મહાદાન ——— ૯૮

આવો મળીને અંગદાન કરીએ... ——— ૧૦૦

# DONATE LIFE

"એક દિવસ હૉસ્પિટલમાં ધોળી ચાદર નીચે મારો દેહ ઢંકાયેલો હશે.
ડૉક્ટર્સ આવીને અભિપ્રાય આપશે કે,
'મારું મગજ કામ કરતું બંધ થઈ ગયું છે.
અને તે હવે ફરીથી કાર્યરત થઈ શકવાનું નથી.'
ગણતરીના સમયમાં મારું હૃદય પણ ધબકતું બંધ થશે.
મારા વ્હાલા સ્વજનો, જ્યારે આવું બને, ત્યારે કૃત્રિમ શ્વાસોશ્વાસ વડે
મારું બનાવટી આયુષ્ય વધારશો નહીં.
મારા અંગોને બાળી કે દાટી દેવાને બદલે તેની મદદથી બીજા
કોઈનું જીવન ચેતનવંતુ બનાવજો.
કોઈને મારી આંખ આપજો..., કોઈને હૃદય આપજો...,
દર અઠવાડિયે ડાયાલિસીસ મશીનથી જેમ તેમ જીવી રહેલા કોઈના
લાડકવાયાને મારી કિડની આપજો.
ઈશ્વરે આપેલી આ દેહની મિલ્કત, ઈશ્વરના જ કોઈ
સંતાનને આપીને તેને જીવાડજો.
મારી યાદને અમર કરવા માગતા હો તો મારા નામની
મૂર્તિ, સ્મારક, પાળિયો કે મંદિર બંધાવશો નહીં.
મારાં અંગોનું દાન કરી મને કોઈના જીવનમાં રોપી અમર કરજો.
આટલું કરશો તો તે મારું શ્રેષ્ઠ શ્રાધ્ધ ગણાશે."

# મહર્ષભાઈ પટેલ: અંગદાન પ્રવૃત્તિને આંદોલિત કરી



સુરત શહેર આમ તો કર્ણ-ભૂમિ કે દાન-પુણ્યની ભૂમિ તરીકે ઓળખાય છે. કેટલાયે પ્રસંગે સુરતે આ ઓળખાણની સાબિતી પણ આપી છે. પણ આ બધાથી ઉમદા કામ અમૂલ્ય અંગદાન દ્વારા એક મહર્ષ પટેલ નામનો જુવાનિયો કરી ગયો છે. મહર્ષભાઈ એમના માતા પિતા સાથે સુરતમાં રહેતા હતા. મોટોભાઈ ડેનિસ કેનેડા સ્થાયી થયેલો. પોતે એમ.બી.એ. નો અભ્યાસ કરતા હતા અને જીવનમાં કંઈક અનોખું કરવાનું સ્વપ્ન હતું. મહર્ષભાઈ એમના મમ્મીને ઘણી વાર કહેતા કે કંઈક એવું કરીને જાવું છે જેથી આ આખાયે મનુષ્ય સમાજનું ભલું થાય અને કંઈક બદલાવ ઊભો થાય.

મહર્ષભાઈને ૨૦૨૦ના જુલાઈ મહિનાની શરૂઆતમાં કોઈ કામ અર્થે કાર લઈને બહાર જવાનું થયું. એક તો કોરોનાનો સમય અને ઉપરથી વરસાદ કહે મારું કામ. એવામાં અચાનક બારડોલી પાસે પહોંચતા ટ્રક સાથે ગંભીર અકસ્માત થયો અને માથાના ભાગે ગંભીર ઈજા થઈ. આજુબાજુના લોકોએ તરત જ એમ્બ્યુલન્સ બોલાવીને એમને બારડોલી ખાતેની હોસ્પિટલ પહોંચાડ્યા. ઘરે ખબર પડતાં તાત્કાલિક બધા બારડોલી પહોંચ્યા. અને વધુ સારવાર માટે મહર્ષભાઈને સુરત ખસેડવાનું નક્કી કર્યું. મહર્ષભાઈને સારવાર માટે વેન્ટિલેટરની જરૂર પડે એમ હતી. એક તો કપરો કોરોના કાળ, જ્યારે ગમેતેટલા પૈસા આપતા પણ વેન્ટિલેટર મળે નહિ. કેટલીયે હોસ્પિટલોમાં તપાસ કર્યા પછી સુરતની આઈ.એન.એસ. હોસ્પિટલમાં જરૂરી સારવારની વ્યવસ્થા મળી રહે એવું હોવાથી એમને ત્યાં દાખલ કરવામાં આવ્યા. સી ટી સ્કેન અને બીજા કેટલાક રીપોર્ટ્સ પછી એમણે બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું અને પરિસ્થિતિ ખૂબ ગંભીર હોવાનું સારવાર કરનારા ડૉક્ટરે જણાવ્યું. અચાનક આવી પડેલી આ આફતમાં પટેલ પરિવાર તૂટી ગયો. મોટો દીકરો પણ જલ્દીથી આવી ગયો. ત્યારબાદ વધુ સારવાર માટે મુંબઈ લઈ

જવાનો વિચાર મુકાયો તેના માટે એમ્બ્યુલન્સમાં સતત સાથે રહે એવા ડૉક્ટરની જરૂર પડે એમ હતી. છેવટ સુધીની યોજના નક્કી કરવામાં આવી અને કદાચ કુદરતને કંઈક અલગ જોઈતું હશે એમ સાથે આવનારા ડૉક્ટર કોઈ સમસ્યામાં ફસાયા અને એ જ મોકે એર એમ્બ્યુલ્સની પણ વ્યવસ્થા ન થઈ શકી. આખરે સુરત ખાતે જ આગળની સારવાર ચાલુ રાખવાનું નક્કી થયું.

ત્યારબાદ મગજની સર્જરી કરવાનું પણ નક્કી થયું. પણ એ છતાં કોઈ સુધારાની શક્યતા દેખાતી નહોતી અને છેવટે મહર્ષભાઈને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. આ સંભાળતા જ કોરોનાથી મોટી આફત આ પરિવાર પર આવી પડી. આમ



તો પરિવારમાં થોડાં વર્ષો પહેલાં એક સંબંધીનું બ્રેન ડેડ થયેલું ત્યારે અંગદાન કરેલું એ માહિતી પરિવાર પાસે હતી અને જાહેર ખબર તથા સમાચાર માધ્યમથી અંગદાનની જાગ્રતિ હતી એથી પરિવારે સામેથી જ અંગદાન કરવાની વાત કરી. મહર્ષભાઈના માતા શ્રી જયાબેને પોતાના દીકરાના સમર્પણથી બીજાના જીવન ઉજાગર કરવાનું નક્કી કર્યું. અને આ પુસ્તક માટે અમે કરેલા બધા ઈન્ટરવ્યૂમાં સૌથી અલગ વાત એ લાગી કે આ કિસ્સામાં મહર્ષભાઈના માતુશ્રી એ સમગ્ર વાત જણાવી. આવી માતાઓને જોઈને જ ફરી ફરીને એ વાત યાદ આવે કે આ એ જ જીજાબાઈની ધરતી છે અને આવી માવડીઓની કૂખે જ આવાં રત્નો પાકે છે. મહર્ષભાઈના લીવર, હૃદય અને બે કિડનીનું દાન કરવામાં આવ્યું. સાથે જ પરિવાર રામાનુજ સંપ્રદાયનો અનુયાયી

હોવાથી એમને ત્યાંથી પણ આ પરોપકારી કાર્યની પ્રેરણા મળી.

કદાચ મહર્ષભાઈનું દુનિયા અને સમાજ માટે કંઈક અલગ કરી જવાનું સ્વપ્ન આ રીતે સાકાર થવાનું હશે એવું કુદરત ઈચ્છતી હશે. મહર્ષભાઈના દાન કરાયેલા અંગોમાંથી એમનું લીવર રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પૂર્વ પ્રચારક અને સમાજ જીવન માટે પોતાના આખા જીવનની અમૂલ્ય આહુતિ આપનારા એવા દિલીપભાઈ દેશમુખજી, જેમને સૌ દાદા તરીકે ઓળખે છે એમને મળ્યું. મહર્ષભાઈનું લીવર એવું કામ કરી ગયું કે દાદાની થર્ડ ઈનિંગ ચાલુ થઈ ગઈ (સમગ્ર માહીતી માટે દાદાનું પુસ્તક ‘‘થર્ડ ઈનિંગ – મારી લીવર ટ્રાન્સપ્લાન્ટ યાત્રા’’ જરૂર વાંચવું). દાદા જેવા હોસ્પિટલમાંથી રજા લઈને ગાંધીનગર ખાતેના આવાસે પહોંચ્યા કે તરત જ એમણે અંગદાન જાગૃતિ માટેના કાર્યનો શુભ આરંભ કરી દીધો. પહેલા તો અંગદાન જાગૃતિ અને પોતાના અનુભવ લોકો સમક્ષ મૂકવા માટે ઉપર જણાવ્યું એ પુસ્તક લખ્યું. ત્યારબાદ આ કાર્યને એક આંદોલન સ્વરૂપ આપવા માટે અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી અને અંગદાન જાગૃતિ રથ આજે ગુજરાતના ગામડે ગામડે ફરીને અંગદાનની જાગ્રતિ ફેલાવી રહ્યો છે. તેમજ ટ્રસ્ટ દ્વારા ચાલુ કરાયેલી વેબસાઈટમાં હજારો લોકો અંગદાન કરવાનો સંકલ્પ પણ કરી ચૂક્યા છે. દાદા સાથે આ કાર્યમાં ગુજરાત અને દેશભરમાં કેટલાયે લોકો જોડાતા ગયા અને દાદા પોતે ખૂબ સમય અને ઊર્જા વાપરીને અંગદાનની જાગ્રતિ માટે વિવિધ શહેરોમાં શિબિરો કરે છે. સાથે ઘણીવાર અમદાવાદ કે નજીકના વિસ્તારમાં જ્યારે કોઈનું અંગદાન થાય એમને શક્ય હોય ત્યાં સુધી રૂબરૂ મળીને સાંત્વના અને શુભેચ્છા પાઠવે છે. આ ભગીરથ કાર્યથી ગુજરાતમાં એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં અંગદાનમાં ૨૫૦-૩૦૦% નો વધારો નોંધાયો છે. અને આવી જ સતત મહેનતથી એક માત્ર ધ્યેય એ રાખે છે કે ગુજરાત અને સમગ્ર દેશમાં કોઈ પણ વ્યક્તિને અંગ માટે રાહ ન જોવી પડે કે આ રાહ જોવામાં કોઈનું મૃત્યુ ન થાય. આમ મહર્ષભાઈનું લીવર હજારો લોકો માટે જીવનદાનનું બીજ વાવી ગયું છે.

કદાચ મહર્ષભાઈનું દુનિયા અને સમાજ માટે કંઈક અલગ કરી જવાનું સ્વપ્ન આ રીતે સાકાર થવાનું હશે એવું કુદરત ઈચ્છતી હશે. મહર્ષભાઈના દાન કરાયેલા અંગોમાંથી એમનું લીવર રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પૂર્વ પ્રચારક અને સમાજ જીવન માટે પોતાના આખા જીવનની અમૂલ્ય આહુતિ આપનારા એવા દિલીપભાઈ દેશમુખજી, જેમને સૌ દાદા તરીકે ઓળખે છે એમને મળ્યું. મહર્ષભાઈનું લીવર એવું કામ કરી ગયું કે દાદાની થર્ડ ઈનિંગ ચાલુ થઈ ગઈ

# કૌટિલ્ય કુમારે ત્રણને નવજીવન આપ્યું



અમદાવાદ ખાતે રહેતા કૌટિલ્યભાઈ પોતે સરકારી નોકરી માંથી નિવૃત્ત થયેલા. પરિવારમાં બે દીકરા અને પત્ની હતા. મોટી દીકરીને લગ્ન કરીને સાસરે વળાવી હતી. ૨૦૨૧ના જુલાઈ મહિનામાં આખું વિશ્વ જ્યારે કોરોના મહામારીની ઝપટમાં હતું ત્યારે આ પરિવાર પર અલગ જ મહામારી આવી પડી.

કૌટિલ્યભાઈ પોતાના વાહન પર બહાર ગયેલા એ વખતે એમનો અકસ્માત થયો અને માથાના ભાગે ગંભીર ઈજા થઈ. તરત જ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા. પરિવારને જાણ થતાં તેઓ પણ હોસ્પિટલ ખાતે દોડી ગયા. એમની ગંભીર હાલત અને બેભાન હાલત જોઈને પરિવાર ભાંગી પડ્યો. સિટી સ્કેન વગેરે રીપોર્ટસ કરવામાં આવ્યા અને બાદમાં બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું. ત્યારબાદ પરિસ્થિતિ વધુ ખરાબ થતાં બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. એ વખતે ત્યાંના ડૉક્ટર દ્વારા અંગદાન કરવાનું જણાવ્યું.

આમ તો પરિવારને સમાચાર વગેરે માધ્યમો દ્વારા અંગદાન વિશે પ્રાથમિક માહિતી હતી ખરી, પરંતુ સિવિલ હોસ્પિટલ ખાતેના ડોક્ટર્સ અને સામાજિક આગેવાનો દ્વારા અંગદાન વિશે માહિતી આપવામાં આવી તેનાથી તેમને વધારે સંતોષ થયો. એ એવો સમય હતો જ્યારે સમગ્ર વિશ્વમાં કોરોનાનો રાક્ષસ છવાયેલો હતો. લોકો એકબીજાનું ભલું તો શું પણ માનવતા પણ ભૂલી ગયેલા એવા સમયે પરોપકારની ભાવના અને બીજા લોકોને નવજીવન મળે એ માટે સમગ્ર પરિવાર દ્વારા અંગદાન કરવાનું નક્કી કર્યું. એમના બે કિડની અને લીવરનું દાન કરવામાં આવ્યું. કૌટિલ્યભાઈ ત્રણ લોકોને નવજીવન આપીને અમર થઈ ગયા અને પરમ સુખ પામ્યા.

# લવજીભાઈ: એકમાંથી ત્રણ થયા!



તરસ હોય પાણીની, ને ભેટી પડે વહેલી પરોઢે ઝાકળ,
જોયાં તાં સપનાં નહેરનાં સાવ જ ઠાલેઠાલાં પોકળ.
એવી કેવી ખેંચતાણ હશે? આપોઆપ ફંટાઈ ગઈ?
એ નહેર જ વળી! વળતા વળાંકમાં વચ્ચે સૂકાઈ ગઈ.

ઘણીવાર આપણી આસપાસના સામાન્ય લાગતાં પાત્રો આપણી વચ્ચેથી વિદાય લેતી વખતે એવી અસામાન્ય કામગીરી કરી જતા હોય છે કે બીજા માટે માર્ગદર્શન અને પ્રેરણાના અમીઝરણાં વહાવી જાય.

આખી દુનિયાને રોજ ખાવા પૂરતું ધાન પૂરું પાડે એવા ગરીબ છતાં અમીર જગતાત ખેડૂતોનો ઉપકાર માનવજાત ક્યારેય ચૂકવી શકે નહિ. એમાંય વળી આ ઘટનામાં બોટાદમાં રહેતા એક એવા ખેડૂતની છે જેમણે જીવતા ધાન આપ્યું અને છેલ્લે મૃત્યુ પહેલાં અંગો આપીને કેટલીયે જિંદગી બચાવી.

બોટાદમાં રહેતા અને ખેતી કરીને જીવન નિર્વાહ કરતા લવજીભાઈ ડાભી પોતાના બે દીકરા અને પત્ની સાથે રહેતા હતા. એક દિવસ ગામડે ગયેલા તે વખતે અચાનક તબિયત બગડી. ઝાડા-ઊલટી વગેરે જેવી તકલીફો થઈ. તેમણે નજીકના દવાખાને પ્રાથમિક સારવાર લીધી. ત્યારબાદ લીંબડી જઈને એમ.આર.આઈ. જેવા રીપોર્ટસ કરાવતા ઊંચા બ્લડ પ્રેશરના લીધે મગજમાં હેમરેજ થવાનું જાણવા મળ્યું અને વધુ સારવાર માટે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

અમદાવાદ સિવિલ ખાતે મગજના નિષ્ણાત ડોક્ટરો દ્વારા મગજમાં વહી જતાં લોહીને અટકાવવા માટે ઓપરેશન કરવામાં આવ્યું. ઓપરેશન તો સફળ રહ્યું પણ પરિસ્થિતિ હજુ ગંભીર હોવાથી આઈ.સી.યુ. માં સારવાર ચાલુ રાખી. એવામાં તબિયત વધુ ખરાબ થતાં આખરે બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. આ સાંભળીને પરિવારના સભ્યો સ્તબ્ધ થઈ ગયા. પરિવારના મોભી અને એકમાત્ર કમાનાર માણસ આજે

મરણ પથારીએ સૂતેલો હતો. સ્થિતિ સમજી ગયેલા ડૉક્ટર તેમજ અન્ય સામાજિક આગેવાનો દ્વારા પરિવારજનોને અંગદાન કરવા માટે જણાવવામાં આવ્યું. ગામડાનો ખેડૂત પરિવાર અંગદાન વિશે તો શું જાણે! પણ ડોકટરોની સલાહ મુજબ બીજાની જિંદગી બચાવવા માટે એમના મોટા પુત્ર મિતેષભાઈ અને પરિવારના સભ્યો દ્વારા લવજીભાઈના અંગોનું દાન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

આ માટેની ઔપચારિકતાઓ પૂરી કર્યા બાદ લવજીભાઈના બે કિડની અને લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. લવજીભાઈએ ત્રણ લોકોને નવજીવન આપ્યું. પરિવારે કહ્યું, સ્વજન તો મૃત્યુ પછી તો આમ પણ રાખ થઈ જવાના, તો પછી એ પહેલાં જો બીજાની જિંદગી બચાવવા માટે અંગદાન થઈ શકે તો એનાથી મોટો માનવધર્મ બીજો કોઈ નથી.

ગામડાનો ખેડૂત પરિવાર અંગદાન વિશે તો શું જાણે! પણ ડોકટરોની સલાહ મુજબ બીજાની જિંદગી બચાવવા માટે એમના મોટા પુત્ર મિતેષભાઈ અને પરિવારના સભ્યો દ્વારા લવજીભાઈના અંગોનું દાન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

# કુશાલભાઈના પરિવારનું પોલીસે સન્માન કર્યું...

"કદમ અસ્થિર હો એને કદી રસ્તો જડતો નથી,
અડગ મનનાં મુસાફરને હિમાલય પણ નડતો નથી."

આ ઘટના જ એવી છે જે ઉપરની પંક્તિને સાર્થક કરે. અમદાવાદમાં ૩૪ વર્ષના ખુશાલભાઈ એમના વૃદ્ધ પિતા સાથે રહેતા અને પ્રાઈવેટ કંપનીમાં જૉબ કરતા હતા. બીજા અપંગ ભાઈ અલગ રહેતા અને વળી બેન-બનેવી પણ અમદાવાદમાં જ હતાં. પહેલા લગ્નના કોઈ કારણસર છૂટાછેડા થઈ જતા બીજા વેવિશાળની તૈયારીઓ થઈ રહી હતી.



દરમિયાન દિવાળી ટાણે ખરીદી કરવા બેન અને ભાણેજ સાથે ગયેલા અને એ બંનેને ઉતારી પોતે વાહન પાર્ક કરવા જઈ રહ્યા હતા ત્યારે રીક્ષા સાથે ટક્કર થતાં બેહોશ થઈને ઢળી પડ્યા. તરત જ એમ્બ્યુલન્સમાં અમદાવાદ સિવિલમાં આઈ.સી.યુ.માં દાખલ થયા અને પરિવારના દરેક સભ્ય ત્યાં પહોંચી ગયા. રિપોર્ટમાં બ્રેન હૅમરેજ આવ્યું ને બીજા દિવસે બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા.

આ દીકરો જેમનો એકનો એક આધાર હતો એવા એમના પિતા પુરું સાંભળી કે ચાલી પણ નથી શકતા એમની આ સમાચાર સંભાળીને શું હાલત થઈ હશે એની આપણે કલ્પના પણ ન કરી શકીએ. દાદાએ પહેલાં અંગદાન વિશે સાંભળેલું ખરું અને એમની ઈચ્છા પોતાની છેલ્લી ઘડિયે અંગદાનની હતી પણ કોને ખબર હતી કે એની પહેલાં આવા જુવાન દીકરાના અંગદાનનો નિર્ણય કરવો પડશે. એક બાપ માટે આનાથી કઠીન બીજું શું હોઈ શકે. છતાં મક્કમ મન રાખીને દાદાએ અંગદાન માટે ડૉક્ટર સાહેબની અપીલને સ્વીકારી ખુશાલભાઈની બે કિડની અને લિવરનું દાન કરવામાં આવ્યું.

દાદાને ખબર નથી કે એ અંગો કોને મળ્યા હશે પણ બીજાના જીવન બચાવવા માટે આગળ આવ્યા. અને એમના મત મુજબ આપણી સંસ્કૃતિ "वसुधैव


કુટુંબકમ્" ની છે તો આપણા પરિવારના અંગદાન થકી બીજા પરિવારો બચતા હોય તો આ કાર્ય કોઈપણ ભોગે કરવું જ રહ્યું. દાદા પોતે તો સામેથી જઈને અંગદાનનો સંકલ્પ કરી આવ્યા છે અને બીજાને પણ જાગ્રત કરે છે. અને આ ઘટના બાદ એમના પારિવારીક ડૉક્ટરે એમના આ કાર્યને બિરદાવ્યું તેમજ લો ગાર્ડન પોલીસ દ્વારા પણ બહુમાન કરવામાં આવ્યું. અમારી સાથે વાત કરતી વેળાએ પણ દાદાને પૂરતું સંભળાય નહિ, બોલવામાં શ્વાસ ચડી જાય, ગળે ડૂમો ભરાઈ જાય ને વળી થોડું ભાંગેલું તૂટેલું બોલે પણ આવા મહાપુરુષોની આજે સમાજને ખૂબ જરૂર છે. અને એમના માટે કહેવાનું મન થાય કે,

કાચી ઉંમરની અચાનક વિદાયે  
હજી કેટલાયે આંસુ સરકી રહ્યા છે,  
મરણ પથારીયે કાળજુ આપીને  
એ બીજાની નાડીએ ધબકતા રહ્યા છે.

દાદાએ પહેલાં અંગદાન વિશે સાંભળેલું ખરું અને એમની ઈચ્છા પોતાની છેલ્લી ઘડિયે અંગદાનની હતી પણ કોને ખબર હતી કે એની પહેલાં આવા જુવાન દીકરાના અંગદાનનો નિર્ણય કરવો પડશે. એક બાપ માટે આનાથી કઠીન બીજું શું હોઈ શકે.

# વેદ ભાવેશ આજે પણ અમર છે

જીવન નથી ખાલી મૃત્યુ સુધી, આવું સર્વેમાં ભાન
કરીએ મૃત્યુ પછીએ જીવતા રહેવા આવો મળીને
અંગદાન કરીએ



ભાવેશભાઈ ઝીંઝુવાડીયા અને એમનો પરિવાર મૂળ બોટાદ બાજુના કોઈ ગામના, પણ હાલ રાજકોટમાં એમના પત્ની તથા બા-બાપુજી સાથે રહે છે. તેઓ કેમિકલ અને ફાર્માનો વ્યવસાય કરે છે. આ દરમિયાન એમના ઘરે દીકરાનો જન્મ થયો અને જાણે પરિવાર પૂર્ણ થઈ ગયો. તેનું નામ વેદ રાખવામાં આવ્યું. વૃદ્ધ માં-બાપ માટે પણ એમ કહેવાય કે મુડી કરતા વ્યાજ વધારે વહાલું હોય એમ પૌત્રના જન્મથી જાણે આઠે પોર આનંદમાં વીતવા લાગી.

આ પછી લગભગ ૨૩ મહિના જેટલા સમય સુધી એકદમ તંદુરસ્ત એવા વેદને ઉલટીની તકલીફ થવા લાગી પણ આ ઉંમરે આવી બીમારી સામાન્ય હોય છે પણ તકલીફ વધતી હોવાથી સારવાર કરનાર ડૉક્ટરે એમ.આર.આઈ. કરાવતા ખબર પડી કે બાળકના મગજમાં એક ટ્યુમર(ગાંઠ) છે જે મગજના અતિ મહત્ત્વના હિસ્સામાં હતી. આ સાંભળીને પરિવારને તો જાણે પગ નીચેથી જમીન સરકી ગઈ. ડૉક્ટરે અંદાજીત એક અઠવાડિયાનો સમય આપેલો. આ દરમિયાન પરિવારે ગુજરાત, ભારત જ નહિ પણ વિદેશમાં પણ કોઈ પણ ભોગે સારવાર કરવા માટે અનેક પ્રયત્નો કર્યા પણ કોઈ હાથ પકડે એમ હતું નહિ.

એવામાં એક રાતે અચાનક જ વેદને આંચકી શરૂ થઈ ગઈ અને બેભાન અવસ્થામાં બધા પ્રયત્નો પછી ડૉક્ટરે રિપોર્ટ જોઈ ટ્યુમર ફાટી ગયું છે અને હાલ બ્રેન ડેડ છે એવું કહેતા પરિવારના દરેક સભ્યની નીચેથી જાણે ધરતી ખસી ગઈ બધા આઘાતથી મૂઢ બની ગયા. આ પછી ત્યાંના જાગ્રત ડૉક્ટર અને સમાજમાં અંગદાનની જાગૃતિ ફેલાવતા લોકોએ એમને અંગદાન

વિશે સમજાવ્યું કે તરત જ ભાવેશભાઈ તથા ઘરના તમામ સભ્યો સહમત થઈ ગયા અને વેદની બન્ને કિડની અને બંને આંખોનું દાન કરવામાં આવ્યું.

ભાવેશભાઈ અને એમનો પરિવાર આધ્યાત્મિક ‘‘ઓમ શાંતિ‘‘ પરિવાર સાથે સંકળાયેલો છે એમના વતી પણ આ કાર્યને ખૂબ વખાણ્યું અને વેદની આત્મશાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી. ઈશ્વરની દયાથી થોડા સમય પહેલા ભાવેશભાઈના ઘરે ફરી પુત્રરત્નનો જન્મ થયો છે. અને સમગ્ર પરિવાર બીજા પરિવારોને તથા સમાજને પણ અંગદાનની અપીલ કરે છે. ત્યાગ અને બલિદાન દરેક સનાતનીને ગળથૂથીમાંથી મળતા સંસ્કાર છે. એ જ સંસ્કાર ભાવેશભાઈ અને એમના પરિવારે નિભાવીને આવાં કાર્યો થકી આ ધરતીનાં મૂલ્યો જાળવ્યાં છે.

**ડૉક્ટરે રિપોર્ટ જોઈ ટ્યુમર ફાટી ગયું છે અને હાલ બ્રેન ડેડ છે એવું કહેતા પરિવારના દરેક સભ્યની નીચેથી જાણે ધરતી ખસી ગઈ બધા આઘાતથી મૂઠ બની ગયા.**

# ધર્મેશભાઈની ઈચ્છા પત્નીએ પૂરી કરી



આ ઘટના ભારત ભૂમિની એક બહાદુર સ્ત્રીની છે. રાજકોટ શહેરમાં ધર્મેશભાઈ ધોળકીયા અને એમના પરિવારમાં એમના પત્ની મિતલબેન અને નાની દીકરી સાથે રહેતા અને ફોટો ફ્રેમીંગનો ધંધો કરતા. કુટુંબના પોતે જ એકલા કમાનાર હતા. આવા સુંદર માળા જેવા ઘરમાં જાણે કોઈની નજર લાગી ગઈ હશે કે એક દિવસ અચાનક ધર્મેશભાઈ કામ કરતાં કરતાં નીચે પડી ગયા. સહકર્મી મિત્રો તરત તેમને નજીકની હોસ્પિટલ લઈ ગયા અને પરિવારને જાણ કરી અને ઘરવાળા હજુ તો દવાખાને પહોંચે ત્યા સુધીમાં તો એમને આઈ.સી.યુ. માં દાખલ કરવા પડ્યા.

સી ટી સ્કેન અને બીજા રિપોર્ટ બાદ એમના મગજમાં થયેલા હેમરેજ માટે ઑપરેશન કરવાનું નક્કી થયું અને મધરાતે ઑપરેશન થિયેટરની લાલ લાઈટ ચાલુ થઈ ગઈ. આ પછી બે દિવસ સારવારના અંતે એમને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. આવી ખૂબ જ કઠીન પરિસ્થિતિમાં મિતલબેનને એમના પતિનો સંકલ્પ યાદ આવ્યો. એમના કહેવા મુજબ ધર્મેશભાઈ ઘણી વખત કહેતા, ‘‘મને કંઈ થઈ જાય તો મારા બધા અંગોનું દાન કરી દેજો, અંગો કામમાં ન આવે તો દેહદાન કરજો અને એ પણ થાય એમ ન હોય તો છેલ્લે મને દરિયામાં ફેંકી દેજો જેથી હું માછલીઓને ખોરાક તરીકે કામમાં આવી શકું’’.

મિતલબેન એ સામેથી જઈને અંગદાન કરવા માટે વાત કરી અને ધર્મેશભાઈની બે કિડની, બે આંખો અને લિવરનું દાન કર્યું. આ પછી મિતલબહેને બીજા લગ્ન કર્યા અને એમને બીજું બાળક થયું અને હાલના પતિ બહાર રહીને ધંધો કરે છે છતાં એ બંને બાળકોનો ખૂબ સરસ ઉછેર કરે છે.

અને મિતલ બહેનએ બાંધેલા પુણ્યના ભાથાનું ફળ કોને ખબર હતી કે આમ તરત મળી જશે. એમના બીજા લગ્ન પછી જન્મેલો પુત્ર છ મહિનાનો થતા

હૃદયની નળીમાં તકલીફ હોઈ એનું ટ્રાન્સપ્લાન્ટ કરવું પડે એવું હતું ત્યારે એમને તરત જ દાતા મળી ગયા અને પુત્રને નવજીવન મળ્યું. તેમજ ઘરના દરેક સભ્યએ અંગદાને માટેની પ્રતિજ્ઞા લીધી છે. ધર્મેશભાઈના અંગો જેમને મળેલા એમાંની એક મુસ્લિમ દીકરી આજે પણ એમના સંપર્કમાં છે અને એ ખુદ એમના ઘરે આવીને એમના પરિવાર માટે નમાઝ પઢે છે તેમજ એની હિન્દુ ધર્મ પ્રત્યેની લાગણી અનેક ગણી વધી છે. અને કોમી એકતાનું અને ધર્મનું પણ એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે.

બે દિવસ સારવારના
અંતે ધર્મેશભાઈના બ્રેન ડેડ જાહેર
કરવામાં આવ્યા.
આવી ખૂબ જ કઠીન
પરિસ્થિતિમાં મિતલબેનને એમના
પતિનો સંકલ્પ યાદ આવ્યો.

# દિપકભાઈએ છ પરિવારમાં પ્રકાશ ફેલાવ્યો

તુજે સૂરજ કહું યા ચંદા
તુજે દીપ કહું યા તારા
મેરા નામ કરેગા રોશન
જગમેં મેરા રાજ દુલારા



દીપકભાઈ ત્રિવેદીએ એમના નામને સાર્થક કર્યું છે. એમના નામની આગળ સ્વર્ગવાસી લગાડવા કરતા દિલવાસી લગાડવું વધારે અનુકૂળ કહેવાશે. ૪૨ વર્ષ ઉંમરના દીપકભાઈ પોતાના પરિવાર સાથે જામનગરમાં રહેતા હતા. પરિવારમાં રિટાયર્ડ થયેલા વૃદ્ધ પિતા, માતા તથા બહેન હતાં તથા બીજા બહેન સાસરે છે. પોતે બી. કોમ. સુધી ભણેલા અને પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરીને ઘર ચલાવતા હતા.

જેમને નખે પણ રોગ નહિ એવા દીપકભાઈને એક દિવસ સવારે અચાનક ઉલટી થવા લાગી અને વિચિત્ર રીતે માથું દુખવા લાગ્યું. દીપકભાઈએ એમના બાને કહ્યું કે આજે મારો જીવ ગભરાય છે તો મારે નોકરી પર નથી જવું. યમરાજાએ જાણે આગોતરો સંદેશ મોકલ્યો હોય એમ દીપકભાઈ ઘરના બધા સભ્યોને જોઈ રહ્યા એટલી વારમાં બેભાન થઈ ગયા. તાત્કાલિક એમને શહેરમાં આવેલી સરકારી જી જી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

હોસ્પિટલમાં ફરજ પરના ડૉક્ટરે પ્રાથમિક સારવાર આપ્યા બાદ પરિવારને ઈશારો કર્યો કે એમના ઘરનો દીપક બુઝાઈ રહ્યો છે. અને અંતે ટુંકી સારવાર બાદ દીપકભાઈને બ્રેન ડેડ જાહેર કર્યા. આ સાંભળતા પરિવાર માથે જાણે આભ ફાટી પડ્યું. આજે પણ આ ઘટનાની વાત કરતા પરિવારના દરેક સભ્યની આંખોમાંથી ગંગા જમનાનો અવિરત પ્રવાહ વહી જાય છે અને એ કલ્પાંતનું વર્ણન કરવા કોઈ પણ શબ્દકોષ ટુંકા પડે.

આ દરમિયાન ડૉક્ટરે તથા અંગદાન જાગૃતિ

ફેલાવતા લોકોએ એમને અંગદાન કરવાની અપીલ કરી. આ પહેલાં પરિવારે ક્યારેય અંગદાન વિશે સાંભળ્યુ નહોતું. આવી કપરી પરિસ્થિતિ છતાં તરત પરિવારે અંગદાન કરવા માટે સહમતી દાખવી. અને બાદમાં દીપકભાઈના બે કિડની, બે આંખો, હૃદય અને લિવરનું દાન કરવામાં આવ્યું. દીપકભાઈએ પોતાના નામને સાર્થક કરતા પોતે બૂઝાતા પહેલા છ (૬) લોકોના જીવનને નવી રોશની આપી.

પરિવારને પડેલી આ અમૂલ્ય ખોટ કોઈ પણ ભોગે પુરાઈ શકે એવી તો નથી, પરંતુ અંગદાન થકી બીજાના શરીરમાં જીવતા એમના દીપકભાઈને યાદ કરીને વાતની શરૂઆતમાં લખેલી પંક્તિઓ બોલે છે. દીપકભાઈના પરિવારને આ પરોપકારી નિર્ણય લેવા બદલ લાખો વંદન અને ઈશ્વરને એ જ પ્રાર્થના કે એમના પરિવારને આ દુખ સહન કરવાની તાકાત આપે.

પહેલાં પરિવારે ક્યારેય અંગદાન વિશે સાંભળ્યુ નહોતું. આવી કપરી પરિસ્થિતિ છતાં તરત પરિવારે અંગદાન કરવા માટે સહમતી દાખવી. અને બાદમાં દીપકભાઈના બે કિડની, બે આંખો, હૃદય અને લિવરનું દાન કરવામાં આવ્યું.

# જીગ્નેશભાઈના પરિવારને ગુજરાતી ફિલ્મમાંથી પ્રેરણા મળી

કઠણ ચોટ છે કાળની રે,
મરણ મોટેરો માર...
કંઈક રાજા ને કંઈક રાજિયા..
મેલી ચાલ્યા સંસાર....
હેતે હરિરસ પીજીએ...



જામનગરમાં રહેતા અને ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા એવા જીગ્નેશભાઈ વિરાણી એમના દીકરા, દીકરી અને પત્ની સાથે સુખેથી જીવતા હતા. પોતે બી.એસસી. સુધીનો અભ્યાસ કરેલો. તેમના દીકરા ધનેશભાઈ એલ.એલ.બી. નો અભ્યાસ કરતા હતા.

આ દરમિયાન એક દિવસ ઘરે જીગ્નેશભાઈ અને તેમના પત્ની જ હતાં તે વખતે અચાનક જ માથું દુખવા લાગતા ફેમિલી ડૉક્ટરની સલાહથી પ્રાથમિક સારવાર લીધી. જોકે રાત પડતા સુધીમાં પરિસ્થિતિ વધારે ખરાબ થઈ. ચક્કર આવવા લાગ્યા અને શરીરના અમુક અંગો કામ ન કરતા હોય એવું લાગ્યું. તરત જ એમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. તથા પરિવારે દીકરા ધનેશભાઈને પણ તરત બોલાવી લીધા. શરૂઆતની સારવાર બાદ લકવાની અને બ્રેનસ્ટ્રોકની અસર હોવાનું ડૉક્ટરે જણાવ્યું. દરમિયાન વધુ તપાસ કરવા માટે એમ.આર.આઈ. માટે લઈ જવાયા અને ચાલુ તપાસે ફરી લકવાનો ઘાતક હુમલો આવ્યો. એમને આઈ.સી.યુ. માં વેન્ટિલેટર પર રાખીને સારવાર ચાલુ કરી. પરિસ્થિતિ વધુ ખરાબ થતા ફરજ પરના ડૉક્ટરે એમને બ્રેન ડેડ જાહેર કર્યા.

આ દરમિયાન પરિવારે જોયેલી ફિલ્મ ''ચાલ જીવી લઈએ'' માંથી અંગદાન કરવાની વાત યાદ આવી કે તરત જ પરિવારે સામેથી ફરજ પરના ડૉક્ટર સાહેબ સાથે વાત કરીને અંગદાન કરવાનો નિર્ણય લીધો અને જીગ્નેશભાઈના લિવર, બે કિડની, બે આંખો દાનમાં

આપવામાં આવ્યા.

હાલ ધનેશભાઈ પોતે પિતાનો વ્યવસાય સંભાળે છે અને અંગદાન કર્યા પછી જામનગર સ્થિત પટેલ સમાજ તેમજ અન્ય સામાજિક સંસ્થાઓ દ્વારા એમનું સન્માન કરવામાં આવ્યું. પરિવાર પોતે પણ એ ઘટના બાદ અંગદાન જાગૃતિમાં જોડાયો છે અને પોતાનાથી બનતી મદદ કરે છે.

મૃત્યુ આપણા હાથમાં નથી અને મૃત્યુ પછી આપણે સામાન્ય રીતે આત્માની શાંતિ માટે બારમું – તેરમું વગેરે શ્રાદ્ધ વિધિ કરતા હોઈએ છીએ પણ મૃત્યુના દ્વારે ઉભા છતાં અંગદાન કરીને પાંચ લોકોને નવું જીવતદાન આપવું એ બધાના નસીબમાં હોતું નથી. આવા મહાત્મા 'જીવતા જગતિયું ' કરતા જાય છે અને સદાયને માટે અમર થઈ જાય છે.

પરિવારે જોયેલી ફિલ્મ
''ચાલ જીવી લઈએ''
માંથી અંગદાન કરવાની વાત
યાદ આવી કે તરત જ પરિવારે
સામેથી ફરજ પરના ડૉક્ટર
સાહેબ સાથે વાત કરીને
અંગદાન કરવાનો નિર્ણય લીધો
અને જીગ્નેશભાઈના લિવર,
બે કિડની, બે આંખો દાનમાં
આપવામાં આવ્યા.

# દિનેશભાઈ: ઝૂંપડે દીવાના સાંસાં, પણ બીજાના ઘર ઉજાળ્યા

અમીરોના ઝરુખે કંઈક દીવાને રડતાં જોયા છે
ગરીબોના કૂબામાં કંઈક કોડીયાં હસતાં જોયા છે.



જામનગરના અંગદાતા પરિવારોને મળવાના અમારા પ્રવાસ દરમિયાન એક મોડી સાંજે અમારે દિનેશભાઈ વાઘેલા, જેમણે અંગદાન કરેલું એમના ઘરે જવાનું થયું. ઘણાં પ્રયાશ પછી એમના બહેનનો સંપર્ક થયેલો (પરિવારમાં બીજા કોઈ પાસે ફોન નથી) એટલે અમને ઠેબા ચોકડી પાસે તેઓ લેવા આવ્યા. ત્યાંથી એક વેરાન જગ્યાએ આવીને ઉભા રહ્યા. સામે એક કહેવા પૂરતું ઝૂંપડું દેખાયું અને વીજળીની વાત તો દૂર રહી પણ અગ્નિના ઊડતા અંગારા ત્યાં કોઈક રહેતું હોય એની સાક્ષી પૂરતા હતા. નજીક જઈને જોયું તો સાવ કહેવા પૂરતું ઝૂપડું, જે બંને બાજુથી ખુલ્લું હતું. એક બાજુથી પાયાને બદલે પથ્થર ગોઠવીને બનાવેલો પલંગ, દિનેશભાઈના પિતા વલ્લભભાઈ જેના પર બેઠા હતા એ ખુરશીના થોડા અવશેષો, માથે આકાશ, નીચે ધરતી, આજુબાજુ બાવળિયાની જાળી અને દૂરથી ઓપન સિનેમાનો આવતો ઘોંઘાટ. જ્યાં કદાચ સામાન્ય માણસ ઘડીક પણ ન રહી શકે એવામાં વલ્લભભાઈ, તેમના પત્ની શાંતાબેન, નાનો દીકરો અને એમના પત્ની, દિનેશભાઈની વિધવા પત્ની પારૂબેન અને એમને કાખમાં તેડેલું અર્ધ નગ્ન એક નાનું બાળક તથા એ જ રીતે અજાણ્યા માણસોની રાહ જોઇને બેઠેલા દિનેશભાઈના બીજા બે બાળકો રવિ અને રેશ્મા, સાથે એમના બેન ગીતાબેન અને સાથે એમના પતિ એટલા લોકો રહે. અને વળી એમાંય પાછા કોઈ દિવસ સાસરે વળાવેલી વલ્લભભાઈની બીજી બે દીકરીઓ કે બીજા સગાંઓ ''મેમાન'' થઈને આવે.

આખોયે પરિવાર કચરો વીણવાનું, ભંગાર ભેગો કરવાનું અને કંઈ ન મળે તો માગીને જે મળે એમાં

પેટ ભરવાનું કામ કરે છે. છતાં અમારા આગમન થતા જ ખૂબ મીઠો આવકાર મળ્યો અને સ્ટીલના ''ઘોબા'' પડી ગયેલા ગ્લાસનું પાણી અમને આજ સુધીમાં પીધેલા પાણીમાં સૌથી મીઠું લાગેલું. આ જોઈને એમ થાય કે 'હે જી તારા આંગણિયા પૂછીને જે કોઈ આવે રે આવકારો મીઠો આપજે' આ સંસ્કૃતિનો ઉછેર અહિયા જ થઈ રહ્યો છે.

અંદાજે બે વર્ષ પહેલા દિનેશભાઈની ઉંમર ૩૨ વર્ષની હતી ત્યારે પોતાના રહેઠાણથી નજીકની જગ્યાએ એમના પત્નીને એમના પિયરથી ઘરે લાવવા નીકળેલા. રસ્તામાં ચાલતાં જતા હતા ત્યારે પાછળથી કોઈ રિક્ષાવાળાએ એમને ટક્કર મારી અને દિનેશભાઈને માથામાં વાગ્યું ને તેઓ બેહોશ થઈને પડી ગયા. વાહન ચાલક તો નાસી ગયો પણ હાજર કોઈ સેવાભાવી નાગરિકે તરત જ એમને હોસ્પિટલ પહોંચાડ્યા અને કેમેય કરીને ઘરવાળાઓને જાણ કરી. ઘરે ખબર પડતા આખો પરિવાર દવાખાને પહોંચી ગયો અને એમના પત્ની સૌથી નાના બાળકને કાખમાં તેડી, વચલાને આંગડી પકડીને તથા સૌથી મોટા બાળક સાડલાનો છેડો પકડાવીને તરત દવાખાને પહોંચ્યા.

ત્યારબાદ ફરજ પરના ડૉક્ટરે જણાવ્યું કે દિનેશભાઈને મગજમાં હૅમરેજ છે અને વધુ કોઈ સારવાર થઈ શકે એમ નથી અને બ્રેન ડેડ જાહેર કર્યા. હવે આ બિચારા ઝૂંપડામાં રહેતા અને દુનિયાથી કેટલાયે વર્ષ પાછળ જીવતા લોકોને બ્રેન ડેડ અને હેમરેજમાં શું ખબર પડે. એમના માટે તો 'માતાજી કરે ઈ હાચું. આવા સમયે એમના પત્નીનું મન વાંચવા જઈએ તો ખબર પડે કે 'હે માતાજી આ હું થઈ ગ્યું બધુંય, દુનિયા જાણે એમના માટે બની જ નથી, સીધું સાદુ જીવન, ખૂબ મહેનત, નાનાં સપનાં... બધું એક પળમાં વિખેરાઈ ગ્યુ.'

ત્યારબાદ ફરજ પરના ડૉક્ટરે એમના પરિવારને અંગદાન કરવાનું સૂચવ્યું. આખા પરિવાર માટે આ સાવ નવી જ વાત હતી પણ એવી ખબર પડી કે દિનેશભાઈ મૃત્યુ પહેલા અનેક લોકોના જીવ બચાવી શકે એમ છે કે તરત જ અંગદાનની સહમતીનો અંગૂઠો મારી દીધો. એમના પિતા વલ્લભભાઈએ જણાવ્યું કે,

આ પરિવારમાં કોઈ પણ ધન દોલત નથી, કોઈ ભણેલું નથી કે કોઈ પણ પ્રકારનું જ્ઞાન નથી પણ માત્રને માત્ર માનવતા ખાતર આ શક્ય બન્યુ છે. આ પરિવાર આપણને સૌને અંગદાનનો ખૂબ મોટો સંદેશ આપે છે અને વલ્લભભાઈએ બિચારાએ તો અમને એમ પણ કહ્યું કે લાવો સાહેબ તમે કોઈ કાગળિયા લઈ આવ્યા હોવ તો અંગૂઠો મારી દઉં કે ''હું મરૂ તયે મારાયે જે કામમાં આવે એ બધા અંગો કાઢી લેજો!''.

આમ તો અમે આવાં કામ પહેલા ભૂવા પાસેથી માતાજીની પરવાનગી લઈએ પણ કોણ જાણે કેમ તે દિવસે માતાજીએ મારામાં રહીને તાત્કાલિક એ નિર્ણય કરાવી દીધો. આપણા ભારતવર્ષના આ ગરીબની દાતારી તો જુવો સાહેબ જ્યાં ભલભલા અમીરોની અમીરાઈ ટૂંકી પડે છે. પછી દિનેશભાઈના બે કિડની અને લિવરનું દાન થયું. અને એ દાન કોને મળ્યું કે અંગોનું શું થયું એ ક્યારેય પૂછ્યું નથી અને બદલામાં કોઈ પણ લાલચ વગર આ પરિવાર આજે પણ આ જ પરિસ્થિતિમાં જીવે છે.

આ પરિવારમાં કોઈ પણ ધન દોલત નથી, કોઈ ભણેલું નથી કે કોઈ પણ પ્રકારનું જ્ઞાન નથી પણ માત્રને માત્ર માનવતા ખાતર આ શક્ય બન્યુ છે. આ પરિવાર આપણને સૌને અંગદાનનો ખૂબ મોટો સંદેશ આપે છે અને વલ્લભભાઈએ બિચારાએ તો અમને એમ પણ કહ્યું કે લાવો સાહેબ તમે કોઈ કાગળિયા લઈ આવ્યા હોવ તો અંગૂઠો મારી દઉં કે ‘‘હું મરૂ તયે મારાયે જે કામમાં આવે એ બધા અંગો કાઢી લેજો!’’.

સાહેબ હવે પછી ક્યારેય કોઈ કચરો વીણનાર કોઈ ગરીબને જુવો ત્યારે આ પ્રસંગને યાદ કરીને એટલી મહેરબાની કરજો કે કોઈ ગરીબના હાસ્યનું કારણ જરૂર બનજો પણ એને હાસ્યાસ્પદ ક્યારેય ન બનાવતા. અને ઉભા થતા અમને પરિવારે એવો પણ આગ્રહ કર્યો કે સાહેબ ફરી ચા-પાણી પીવાય એમ પાછા આવજો (ઘરમાં ત્યારે ચા બનાવી શકાય એવો સામાન પણ નહોતો છતાંય મોટાઇ તો જુવો આ માણસોની!). આજે પણ આ પરિવાર જામનગર બાયપાસ નજીક ઠેબા ચોકડી પાસે રહે છે. ક્યારેય એ બાજુ નીકળવાનું થાય તો આ પરિવારની મુલાકાત અચુક લેજો.

ઝૂંપડીએ એની કોક તો જાજો
એના મેમાન તો થાજો.

# સમજુબેન વીઠાણીઃ ૮૮ વર્ષે પણ બીજાને જીવતદાન આપી શકાય



ભાવનગર જિલ્લાના ગઢડા(સ્વામીના)માં વસતા જગદીશભાઈ વીઠાણી તેમના પિતા કરશનભાઈ, દાદી સમજુબેન, પત્ની, બાળકો, માતા અને ભાઈ તેમજ એમના પરિવાર સાથે રહે છે. પોતે ભાવનગરમાં રહીને હીરાનો ધંધો કરે છે અને પિતાજી તથા ભાઈ ગઢડા ખાતે ખેતી કરે છે. આમ તો ગઢડા ગામ સ્વામિનારાયણ સંપ્રદાયના ઉદય માટે જાણીતું છે. વર્ષો પહેલાં ભગવાને જે ધરતીને પાવન કરી એ ધરતીના લોકોમાં આજે પણ એ પ્રેમ ભાવના અમી છાંટણા જોવા મળે છે.

૨૦૧૮માં ૮૮ વર્ષના દાદીમાને અચાનક શ્વાસ તથા માથાના ભાગે ગંભીર તકલીફો થવા લગતા તરત જ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા. ત્યાં જઈને જરૂરી રિપોર્ટ અને સારવાર ચાલુ થઈ અને નિદાન થયું કે એમને બ્રેન સ્ટ્રોક આવ્યો છે. એના માટેની તમામ સારવાર શરુ કરવામાં આવી પણ ૮૮ વર્ષની જીર્ણ કાયા ક્યાંથી આ બધું સહન કરી શકવાની! આથી તબિયત વધુ બગડતાં બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ. હવે સારવાર બાબતે કશું થઈ શકે તેમ નહોતું. આથી ફરજ પરના ડૉક્ટરે અંગદાન કરવાનું જણાવ્યું.

આ પરિવારને પહેલા અંગદાન વિશે કોઈ માહિતી નહોતી, પણ પરિવારના જ એક સભ્યને કિડનીમાં તકલીફ હોવાથી ડાયાલિસિસ પર મૂકવાની તૈયારી હતી અને ભવિષ્યમાં જરૂર પડે તો કિડની ટ્રાન્સપ્લાન્ટ પણ કરવાનું સમજાવેલું. આથી થોડો ખ્યાલ હતો કે અંગદાન થકી કેટલું મોટું કાર્ય થઈ શકે. પરિવારે ડૉક્ટરની વાતનો સ્વીકાર કર્યો અને સમજુબાના લીવર, બે કિડની અને હૃદય જેવા અંગોના દાન થકી ચાર લોકોને નવજીવન મળ્યું. પરોપકારની આ ઘટના ભગવાન સ્વામિનારાયણના પગલાંની વધુ એક સાક્ષી બની ગઈ.

# રેજી વર્ગીસઃ દફન કરતાં અંગદાન વધુ અગત્યનું



કેરમ બોર્ડ પર પડેલી કુકરીઓને જ્યાં સુધી કોઈ અડે નહિ ત્યાં સુધી ખૂબ સુંદર અને શાંત લાગે છે પણ અચાનક એક સ્ટ્રાઈકર અથડાતા બધું વિખેરાઈ જાય છે, એવી જ રીતે શાંત અને સરળ ચાલતા જીવનમાં પણ અમુક અચાનક બનતી એવી બિહામણી ઘટનાથી માળા જેવો પરિવાર ઘડીકમાં વિખેરાય જાય છે. આ વાત પણ એવી જ છે. રેજી વર્ગીસ અને એમના પત્ની મૂળ તો કેરળ રાજ્યના હતા. એમણે બી.એ. સુધી, તો એમના પત્નીએ બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલો હતો. ત્યારબાદ રાજકોટના શાપરમાં પ્રાઈવેટ કંપનીમાં જોબ મળતા પતિ-પત્ની બંને રાજકોટ આવીને વસેલા તથા એકનો એક દીકરો કોઈમ્બતુરમાં અભ્યાસ કરતો હતો.

રોજની જેમ ૨૦ નવેમ્બર ૨૦૧૪ના રોજ રેજી એમના કામે જવા સવારે ઘરેથી નીકળેલા. પણ કોને ખબર હતી કે આ એમની આખરી સફર બની જવાની હશે. ખ્રિસ્તી ધર્મ પાળતા અને ઈસુ ખ્રિસ્ત પર અપાર શ્રધ્ધા ધરાવતા રેજી આ દિવસે કાળનો કોળિયો બની ગયા. રસ્તામાં કોઈ વાહન સાથે ટક્કર થઈ જતા ઢળી પડ્યા અને તરત એમને દવાખાને લઈ જવાયા. એમના ફોનથી તરત એમના પત્નીને જાણ કરવામાં આવી. એમના પત્ની પણ તરત જ હોસ્પિટલે પહોચી ગયા. રેજીને બહાર તો કોઈ ઈજા નહોતી પણ મગજમાં માર લાગવાથી બ્રેન હેમરેજ થયેલું. આ વાત સાંભળીને એમના પત્નીની હાલત કાપો તો લોહી ના નિકળે એવી થઈ ગઈ. અચાનક આવી પડેલી આ આફત કેમેય કરીને ગળે ઉતરે એવી નહોતી. આ દરમિયાન ફરજ પરના ડૉક્ટરે પરિસ્થિતિ વધારે ગંભીર છે એવું જણાવતા એમના પુત્રને પણ તત્કાલિક બોલાવી લેવામાં આવ્યો. એની ચાલુ પરીક્ષા છોડીને જિંદગીની પરીક્ષા આપવા હાજર થઈ ગયો. એટલામાં રેજીને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા.

આમતો મૂળ શિક્ષિત પરિવાર હોવાથી ન્યૂઝ

પેપરમાં અને બીજા કેટલાક સ્ત્રોતથી અંગદાન વિશે સાંભળ્યું હતું. એટલે આવી કપરી પરિસ્થિતિમાં પણ સામેથી અંગદાન કરવાની વાત મૂકી અને એ વાતને ફરજ પરના ડૉક્ટરે પણ વધાવી લીધી અને ૨૧ નવે. ૨૦૧૪ની રાતે રેજીના બે કિડની, બે આંખો અને લિવરનું દાન કરવામાં આવ્યું. આવી કપરી પરિસ્થિતિમાં પણ આવો પરોપકારી નિર્ણય લેવો એ દરેકના હાથની વાત નથી. હાલમાં રેજી વર્ગીસના પુત્રનો અભ્યાસ પુર્ણ થતા પિતાના પગલે ગુજરાતમાં જ રહેવાનું નક્કી કર્યું અને અમદાવાદમાં નોકરી કરે છે. રેજીના પત્ની ફરી સ્વદેશ કે સગાં સંબંધીઓ પાસે જવાને બદલે રાજકોટમાં જ એકલા રહીને પોતાની નોકરી કરે છે અને પતિની યાદોને તાજી રાખવા ખાતર એ રાજકોટ ખાતે જ રહે છે અને ગુજરાતની અસ્મિતામાં ભળી ગયા છે.

રેજીના પત્નીના કહેવા મુજબ મૃત્યુ પછી દાટી દેવાથી કંઇ હાથમાં નથી આવી જવાનું પણ એમના અંગોનું દાન કરીને બીજાના જીવ બચાવી શકાય તો એનાથી મોટી આત્માની શાંતિ બીજી એકેય નથી. જે સાથે નથી પણ બીજામાં હજી જીવે છે એનો વિચાર કરીને ખુશ થવું આનાથી મોટો પ્રેમ બીજો કોઈ હોઈ ન શકે.

રેજીના પત્નીના કહેવા મુજબ
મૃત્યુ પછી દાટી દેવાથી કંઇ
હાથમાં નથી આવી જવાનું પણ
એમના અંગોનું દાન કરીને
બીજાના જીવ બચાવી શકાય
તો એનાથી મોટી આત્માની
શાંતિ બીજી એકેય નથી.
જે સાથે નથી પણ બીજામાં હજી
જીવે છે એનો વિચાર કરીને
ખુશ થવું આનાથી મોટો પ્રેમ
બીજો કોઈ હોઈ ન શકે.

# મનીષાબેન ગેડીયા: જીવનનો પ્રકાશ અખંડ રહ્યો



અમદાવાદ શહેરમાં વિષ્ણુભાઈ ગેડીયા તેમના પત્ની મનીષાબેન તથા પુત્ર ક્રિશ એમ ત્રણ જણા સુખેથી રહેતા હતા. સાથે વિષ્ણુભાઈના માતા-પિતા, ભાઈ અને એમનો પરિવાર પણ હતો.

દરમિયાન મનીષાબેનને હાઈ બ્લડપ્રેશરની તકલીફ થવા લાગી અને સમય જતાં એ તકલીફ વધતી ગઈ અને એની અસર કિડની પર થવા લાગી. ધીમે ધીમે મનીષાબેનની બંને કિડની ફેઈલ થવા તરફ જઈ રહી હતી અને ડાયાલિસિસ ચાલુ કરવું પડ્યું. શરૂઆતમાં અમદાવાદ ખાતેની કિડની હોસ્પિટલમાં અને પછી નજીકની ખાનગી હોસ્પિટલમાં ડાયાલિસિસ કરવાનું ચાલુ કર્યું. એક તો સામાન્ય પરિવાર અને ઉપરથી અટકવાનું નામ ના લે એટલી તકલીફો. પરંતુ ગુજરાત સરકારની મા-કાર્ડ યોજના દ્વારા એમને સંપૂર્ણ સારવાર મફત થઈ ગઈ તેમજ આવવા-જવાનો પણ ખર્ચ આ યોજનામાંથી મળી રહેતો. આમ કિડની હોસ્પિટલ અને સરકારની આરોગ્ય યોજના એ બંને આ પરિવાર માટે મોટા આશીર્વાદરૂપ સાબિત થઈ.

આ દરમિયાન અચાનક જ એક દિવસ હાઈ બ્લડપ્રેશરના લીધે કિડની પછી મનીષાબેનને મગજમાં પણ અસર થવા લાગી અને બેભાન થઈ જતાં તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. શરૂઆતના અમુક રીપોર્ટસ પછી મનીષાબેનને બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું. રોજે રોજ તબિયત લથડતી ગઈ અને બે દિવસ પછી મનીષાબેનને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. આવી વાત સાંભળીને ઘરના બધા સભ્યો સ્તબ્ધ થઈ ગયા. દીકરો ક્રિશ તો હજુ દસમા ધોરણમાં હતો એને શું સમજાવવું?


આવી ખૂબ કપરી પરિસ્થિતિમાં પરિવાર સાથે ઊભા રહીને અમદાવાદના સેવાભાવી અંગદાન જાગૃતિ ફેલાવતા એવા નિલેશભાઈએ સમગ્ર પરિવારને અંગદાન કરવા માટે સહમત કર્યા. અને મનીષાબેનના

હૃદય અને લીવરનું દાન કરવામાં આવ્યું. સતત ડાયાલિસિસ પર રહેલા એવા મનીષાબેનના પતિ તેમજ ઘરના સભ્યોને આમ તો કિડની માટે કેટલા લોકો રાહ જોઈને બેઠા છે એનો ખ્યાલ તો હતો જ એટલે સમગ્ર પરિવારે સાથે મળીને આ અંગદાનના યજ્ઞમાં એમની આહુતિ દેવાનું નક્કી કર્યું. આમ તો દાન થકી બીજાના જીવનમાં અનેક મદદ કરી શકાય છે પણ એમાંય આ અંગદાન એ દરેક દાનની ઉપરવટ છે એવો સંદેશ આ પરિવાર સમાજને આપે છે.

સતત ડાયાલિસિસ પર રહેલા એવા મનીષાબેનના પતિ તેમજ ઘરના સભ્યોને આમ તો કિડની માટે કેટલા લોકો રાહ જોઈને બેઠા છે એનો ખ્યાલ તો હતો જ એટલે સમગ્ર પરિવારે સાથે મળીને આ અંગદાનના યજ્ઞમાં એમની આહુતિ દેવાનું નક્કી કર્યું.

# મિત્તલબેન પ્રજાપતિ 'સાત જનમ' સુધારી ગયા

મોકલ્યા ગરીબ અને મોકલ્યા ધનવાન
થોડા પીળા, થોડા લીલા ઝાડનાં પાન
ભગવાનને એવું શું સૂઝયું હશે?
ચાહ્યું છે હમેશાં મેં, પરાગે, બધાંએ, ખુશીઓ
વહેંચાવવી જોઈએ, સરખે ભાગે
ભગવાનને એવું કેમ નહીં સૂઝ્યું હોય?



અમદાવાદમાં મણિનગર વિસ્તારમાં સામાન્ય ચાલીમાં રહેતા અને ચણીયાની ફેરી કરીને ગુજરાન ચલાવતા એવા ભરતભાઈ અને એમના પત્ની મિત્તલબેનનું જીવન સરસ ચાલતું હતું. ચાતકની જોડીની જેમ એક બીજાને પૂરક એવા મિત્તલબેન ઘરે ચણીયા સિવવાનું કામ કરે અને ભરતભાઈ એની ફેરી ચલાવી વેચી આવે. બંને જણનો નાનો-સુખી પરિવાર હતો. આવા આનંદથી જીવતા પરિવાર પર કોણ જાણે કોને એવી તે શું ઈર્ષા આવી હશે કે પળવારમાં તો બધાં પાસાં બદલી નાખ્યાં.

એક દિવસ કાંકરિયા વિસ્તાર બાજુ કોઈ ખરીદી માટે ભરતભાઈ, મિત્તલબેન અને એમનો દીકરો એક્ટિવા પર જઈ રહ્યાં હતાં તે દરમિયાન પરત આવતા પાછળથી કોઈ મોટા વાહનની ટક્કર લાગી. પાછળ બેઠેલા મિત્તલબેનને સીધો માથામાં ઘા વાગ્યો. તેઓ રસ્તા પર બેભાન થઈને ઢળી પડ્યા. તરત જ એમ્બ્યુલન્સ મારફતે નજીકની એલ.જી. હોસ્પિટલ લઈ જવાયા. ત્યાં મગજનો સી ટી સ્કેન કરવામાં આવ્યો. તેનું નિદાન કરતા માલુમ પડ્યું કે મિત્તલબેનને બ્રેન હેમરેજ છે તેથી વધુ સારવાર માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા.

સિવિલ હોસ્પિટલમાં ૨-૩ દિવસ સુધી એમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા તથા ડૉક્ટરની ટીમે પણ ખૂબ ધ્યાનપૂર્વક સારવાર ચાલુ કરી. પ્રાઈવેટ હોસ્પિટલમાં લાખો રૂપિયા આપતા પણ કોઈ હાથ ના

પકડે એવી તમામ સારવાર અમદાવાદની સિવિલ હોસ્પિટલના ખૂબ અનુભવી ડોક્ટરો મફતમાં કરી રહ્યા હતા. પણ કુદરતે કંઈક અલગ વિચાર્યું હશે તે મિત્તલબેનને સાજા કરી ન શકાયા અને છેવટે તેમને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. હજુ તો ગઈકાલ સુધી આનંદથી જીવતો પરિવાર એકાદ ઘડીમાં જ જાણે સાવ સૂનકાર થઈ ગયો. આવી પરિસ્થિતિમાં જ્યારે કોઈ ડૉક્ટર અંગદાનની વાત કરે એ કેમેય કરીને ગળે ના ઉતરે એટલા ડુમા ગળે ભરાયેલા હોય છે. છતાં સારવાર પરના ડૉક્ટરે ભરતભાઈને મિત્તલબેનના અંગોનું દાન કરવા માટે અપીલ કરી. આ ઘટના પહેલા ક્યારેય અંગદાન વિશે સાંભળેલું પણ નહિ અને પછી અંગોનું શું થશે એ જાણ્યા પહેલા જ ભરતભાઈએ સારવાર પરના ડૉક્ટર પર ભરોસા મૂકીને તરત જ સહમતી આપી. SOTTO fu Organ Transplant જેવા શબ્દોથી બિલકુલ દૂર એવા ભરતભાઈએ છેલ્લા ૨-૩ દિવસથી નિઃસ્વાર્થ ભાવે એમના પત્ની માટે ૨૪ કલાક ખડે પગે રહેલા ડૉક્ટરની ભલામણથી આ નિર્ણય કર્યો. આ દરમિયાન એમના દૂરના સગામાંથી ઘણી નકારાત્મક વાતો પણ કહેવાઈ, છતાં ભરતભાઈ અંગદાન કરવામાં નિર્ણયમાંથી એકના-બે ન થયા.

મિત્તલબેનના હૃદય, બે કિડની, બે ફેફસાં, લીવર અને સ્વાદુપિંડ જેવાં અંગોનું દાન કરવામાં આવ્યું. આમ મિત્તલબેન મૃત્યુ પામવાને બદલે ૭ લોકોને જીવનદાન આપીને સદાયને માટે અમર થઈ ગયા. ભરતભાઈ અને એમનો પરિવાર આજે પણ આ નિર્ણયના લીધે ખૂબ સંતુષ્ટ છે તેમજ વિસ્તારના ધારાસભ્ય અને અન્ય સામાજિક આગેવાનો તથા પરિવારના લોકો દ્વારા પણ એમના નિર્ણયને બિરદાવવામાં આવ્યો.

મિત્તલબેનના હૃદય, બે કિડની, બે ફેફસાં, લીવર અને સ્વાદુપિંડ જેવાં અંગોનું દાન કરવામાં આવ્યું. આમ મિત્તલબેન મૃત્યુ પામવાને બદલે ૭ લોકોને જીવનદાન આપીને સદાયને માટે અમર થઈ ગયા. ભરતભાઈ અને એમનો પરિવાર આજે પણ આ નિર્ણયના લીધે ખૂબ સંતુષ્ટ છે

# મિતઃ જીવતાં જેનો સંદેશો આપ્યો તેનું મૃત્યુ પછી પાલન કર્યું



આમ તો આપણે હિન્દી ફિલ્મનું જૂનું અને ખૂબ લોકપ્રિય ગીત ''યે દોસ્તી હમ નહિ તોડેંગે, તોડેંગે દમ મગર તેરા સાથ ના છોડેંગે'' ઘણીવાર સાંભળ્યું હશે. ઘણા જાહેર જીવનમાં આ ગીત સાર્થક કરતા પ્રસંગો પણ ધ્યાનમાં આવ્યા હશે, પણ આજે એક એવા પ્રસંગની વાત કરવી છે જેના જેવું સાર્થકપણું લગભગ ક્યાંય જોવામાં નહીં આવ્યું હોય.

કલ્પેશભાઈ પંડ્યા સુરતમાં એમના પત્ની ધર્મિષ્ઠા બેન, દીકરી ધ્રુવી અને દીકરા મિત સાથે રહેતા હતા. મિતની ઉંમર ૧૭ વર્ષની હતી અને બારમા ધોરણમાં અભ્યાસ કરતો હતો. ક્રિશ એનો ખાસ મિત્ર હતો અને બંને પહેલા ધોરણથી જ સાથે અભ્યાસ કરતા હતા. કલ્પેશભાઈ પોતે ખૂબ દયાભાવવાળા છે. મોરના ઈંડાને ચીતરવા ન પડે એમ દીકરો મિત પણ નાની ઉંમરે પિતાની જેમ કોઈનું ભલું કરવાની અને મદદ કરવાની ભાવના રાખતો. ડૉનેટ લાઈફ સંસ્થા દ્વારા અંગદાન જાગૃતિ માટેના વિડિયો એના પપ્પા તથા સમગ્ર પરિવારને બતાવતો અને સમાજમાં આ સુંદર સંદેશ પહોંચે એના માટે દાખડો(મહેનત) કરતો.

દરમિયાન એક દિવસ મિત અને ક્રિશ બંને મિત્રો કોઈ બીજા બીજા મિત્રની જન્મદિવસની ઉજવણીમાંથી એક્ટિવા પર ઘરે પરત ફરી રહ્યા હતા અને પાછળથી કોઈ કાર ચાલકે જોરથી ટક્કર મારતાં બંને મિત્રોને માથાના ભાગે ઈજા થઈ. સ્થળ પર જ બેભાન થયેલા બંનેને તરત જ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલે લઈ જવાયા અને બંનેના પરિવારને જાણ થતાં તરત જ તેઓ પણ હોસ્પિટલ પહોંચી ગયા. સારવાર કરનારા ડૉક્ટરે સી.ટી.સ્કેન વગેરે તપાસ પછી પરિસ્થિતિ ખૂબ ગંભીર છે એવું જણાવ્યું. બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું. ૨-૩ દિવસની સારવાર પછી પણ પરિસ્થિતિ કાબૂમાં ન આવી અને અંતે બ્રેન ડેડ જાહેર

કરવામાં આવ્યા.

જે દીકરો મિત ક્યારેક પોતે પપ્પાને તથા ઘરના સભ્યોને બ્રેન ડેડ વખતે શું કરાય એ જાગૃતિ આપતો એ જ આજે આ પથારીએ સૂતેલો છે. પરોપકારની ભાવનાવાળા કલ્પેશભાઈને એ વાત તરત યાદ આવતા એમણે ડોનેટ લાઈફ સંસ્થાનો તરત સંપર્ક કર્યો અને સાથે ફરજ પરના ડૉક્ટરને પણ અંગદાનની વાત કરી. મિતના બે કિડની, હૃદય, બે આંખો તથા લીવર જેવા અંગોનું દાન કરાયું અને ક્રિશના અંગોનું પણ દાન કરવામાં આવ્યું. આ પછી બંને મિત્રોની અંતિમ વિધિ પણ સાથે જ કરવામાં આવી.

કલ્પેશભાઈના કહેવા મુજબ કે આમ તો ઈશ્વરને એવી પ્રાર્થના કરીએ કે આવી પરિસ્થિતિ કોઈની ન આવે પણ આ કાળચક્રમાં ક્યારેક કોઈ કુટુંબ પર આવી ઘટના થાય તો બીજાના જીવનને ઉજાગર કરવા માટે અચૂક અંગદાન કરવું જોઈએ. આજે એમણે દીકરા મિતની કોઈ છબી હાર પહેરાવીને ભીંતે લગાવી નથી કારણ કે પોતે માને છે કે એમનો દીકરો માર્યો નથી પણ અંગદાન થકી અમર થયો છે. આમ કોઈ સ્વાર્થ વગર અંગદાન થકી પરોક્ષ આશીર્વાદ મળે એ સાક્ષાત પરબ્રહ્મના આશીર્વાદને તુલ્ય છે. અહીંયા ખલીલ સાહેબનો ખૂબ પ્રખ્યાત શેર ટાંકીયે તોઃ

આગનું કારણ ચિનગારીને પૂછી આવો,
ખાલી ખોટી વાત હવાની નહીં કરવાની,
જરૂર પડે તો ખલીલ માથું દઈ દેવાનું,
પણ મિત્રતામાં પાછીપાની નહીં કરવાની.

જે દીકરો મિત ક્યારેક પોતે પપ્પાને તથા ઘરના સભ્યોને બ્રેન ડેડ વખતે શું કરાય એ જાગૃતિ આપતો એ જ આજે આ પથારીએ સૂતેલો છે. પરોપકારની ભાવનાવાળા કલ્પેશભાઈને એ વાત તરત યાદ આવતા એમણે ડોનેટ લાઈફ સંસ્થાનો તરત સંપર્ક કર્યો અને સાથે ફરજ પરના ડૉક્ટરને પણ અંગદાનની વાત કરી. મિતના બે કિડની, હૃદય, બે આંખો તથા લીવર જેવા અંગોનું દાન કરાયું

# ક્રિશ ગાંધી: છેવટ સુધી નિભાવી મિત્રતા!

સુરતના બે મિત્રો મિત પંડ્યા અને ક્રિશ ગાંધીનું એકસાથે જે અંગદાન થયું એ અંગે આપણે એક મિત્ર મિતની ઘટના જાણી. હવે ક્રિશની વાત કરીએ તો ક્રિશ સુરતમાં તેના પિતા સંજયભાઈ, મોટો ભાઈ યશ, મમ્મી, કાકા-કાકી તથા એમની બે દીકરીઓ એમ સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. ક્રિશ અને મિત બંને નાનપણના મિત્રો ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતા હતા.



દરમિયાન એક દિવસ મિત અને ક્રિશ બંને મિત્રો કોઈ ત્રીજા મિત્રની જન્મદિવસની ઉજવણીમાંથી એક્ટિવા પર ઘરે પરત ફરી રહ્યા હતા અને પાછળથી કોઈ કારચાલકે જોરથી ટક્કર મારતાં બંને મિત્રોને માથાના ભાગે ઈજા થઈ. હોસ્પિટલ લઈ જતા તરત બંનેની સારવાર ચાલુ કરવામાં આવી. મિતની પરિસ્થિતિ વધુ ગંભીર હતી જ્યારે ક્રિશને સાજા થવાના વધારે તકો હોય એવું જણાતું હતું. તરત જ અમુક રીપોર્ટ્સ પછી ડૉક્ટરની સલાહ પ્રમાણે ક્રિશનું મગજનું ઓપરેશન કરવામાં આવ્યું અને ક્રિટીકલ આઈ.સી.યુ. માં સારવાર ચાલુ કરી. પરંતુ ઓપરેશન પછી પણ કંઈ ખાસ ફરક જણાયો નહિ અને અંતે ક્રિશને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યો.

આમ તો શિક્ષિત પરિવાર હોવાથી દૈનિક અખબાર અને સમાચારના માધ્યમથી અંગદાન માટેની જાગ્રતિ અને સામાન્ય માહિતી હતી. અને બ્રેન ડેડ જેવી કપરી પરિસ્થિતિમાં પણ પરિવારે હિંમત હાર્યા વગર તરત જ સામેથી ફરજ પરના ડૉક્ટરને અંગદાન કરવા માટે જણાવ્યું તથા અંગદાન માટેની જાગ્રતિ ફેલાવતી સંસ્થાનો પણ સંપર્ક કરવામાં આવ્યો. ત્યારબાદ ક્રિશનું ઓપરેશન થયું હોવાથી એના અંગો પર અપાયેલી દવાઓની અસર થઈ રહી હતી, આથી પહેલાં તેને ઓબ્ઝર્વેશનમાં રાખીને પ્રથમ તો એના અંગોનું દાન થઈ શકે એના માટે અનુકૂળ બનાવ્યા અને ત્યારબાદ બંને

મિત્રોમાં પ્રથમ ક્રિશના અંગોનું દાન કરાયું. ક્રિશના લીવર, બે ફેફસાં, બે કિડની અને બે આંખોનું દાન કરવામાં આવ્યું.

ગુજરાતભરમાં આ પ્રથમ એવી ઘટના બની કે ૧૨-૧૩ જેટલા અંગોનું એક સાથે દાન કરવામાં આવ્યું હોય. અને એ પણ બે પરમ મિત્રોનું અને બંને પરિવારે પણ સામેથી પહેલ કરી હોય. આ પુસ્તક દ્વારા અમારો એક માત્ર ઉદ્દેશ્ય એ જ છે કે ક્યારેય પણ આવી ઘટના બને તો આ બંને જાગ્રત પરિવારોની જેમ જ દરેક પરિવાર અંગદાન માટે સામેથી અપીલ કરે અને સમાજમાં પણ બીજા લોકોને પ્રેરણા પૂરી પાડે.

બ્રેન ડેડ જેવી કપરી પરિસ્થિતિમાં પણ પરિવારે હિંમત હાર્યા વગર તરત જ સામેથી ફરજ પરના ડૉક્ટરને અંગદાન કરવા માટે જણાવ્યું તથા અંગદાન માટેની જાગ્રતિ ફેલાવતી સંસ્થાનો પણ સંપર્ક કરવામાં આવ્યો.

# સૂરજભાઈ વાછાણીએ બીજાના જીવનમાં પરોઢનું અજવાળું પાથર્યું

"સૂરજ ક્યારેય આથમતો નથી."




સૂરજભાઈ વાછાણી વડોદરામાં એમના પત્ની, માટે પિતા અને નાનકડી ઢીંગલી સાથે સુખેથી રહેતા હતા. એમની નોકરી ભરૂચની કંપનીમાં હતી આથી બીજા સહકર્મી મિત્રો જોડે રોજ વાહનમાં આવ-જા કરતા હતા. એવામાં અચાનક એક દિવસ નાઈટની નોકરી પૂરી કરીને પરત ઘરે ફરતી વેળાએ સૂરજભાઈ થાકેલા હોવાથી ઈકો ગાડીમાં પાછળની સીટ પર સૂતેલા હતા. પણ કોને ખબર હતી કે આ સફર એમની આખરી બની જવાની હતી અને ફરી આ આંખો કદી ખુલવાની ન હતી. અચાનક પાછળથી આવતા વાહનની ટક્કર લાગી અને પાછળની સીટ પર સૂતેલા સૂરજભાઈ પાછળનો દરવાજો તૂટી પડતા નીચે પટકાયા અને માથાના ભાગે ગંભીર ઈજા થતાં બેભાન થઈ ગયા અને લોહી વહેવા લાગ્યું.

આ ઘટના પછી તરત જ સહકર્મી મિત્રો સૂરજભાઈને નજીકની ગ્લોબલ હોસ્પિટલમાં લઈ ગયા અને સારવાર ચાલુ કરવામાં આવી. દરમિયાન સૂરજભાઈના પત્ની કાજલબેનને ફોન કરીને સમગ્ર ઘટનાની જાણ કરવામાં આવી. પહેલા તો કાજલબેનને માન્યામાં જ ના આવ્યૂં કારણ કે હજુ થોડાં વર્ષ પહેલાં તો લગ્ન થયેલાં અને ત્રણેક વર્ષની નાની દેવશ્રીના આવ્યા પછી તો જીવનમાં ખુશીઓની પૂરપાટ લહેર છવાઈ ગયેલી, એમાં અચાનક કંઈ એવું સ્પીડબ્રેકર આવે એ કઈ રીતે માન્યામાં આવે. પણ કંઈક ગંભીર બાબત છે એવો ખ્યાલ આવતાં સૂરજભાઈના પત્ની કાજલબેન તથા સૂરજભાઈના પિતા સુભાષભાઈ અને બાદમાં માતા પ્રભાબેન તરત જ હોસ્પિટલ પહોંચ્યા જ્યાં સૂરજભાઈની પરિસ્થિતિ ખૂબ ગંભીર હોવાનું જાણવા મળ્યું. એક તો મગજમાં લાગેલા ઊંડા ઘા અને ઉપરથી

વહી ગયેલું લોહી એ સૂરજભાઈ માટે અંધકારની દિશામાં લઈ જનારું બન્યું. સી ટી સ્કેન અને બીજા કેટલાક રીપોર્ટ્સ પછી ડૉક્ટરે સૂરજભાઈને બ્રેન ડેડ જાહેર કર્યા. તેમણે બીજા કેટલાક ડોક્ટર્સની પણ સલાહ લીધી પરંતુ બધાએ એક સરખું નિદાન આપ્યું – બ્રેન ડેડ. નાનકડી ઢીંગલી પપ્પાને ઉઠાડવા માટે આજીજી કરી રહી હતી પણ એને કેમ સમજાવવું કે પપ્પા હવે નહિ ઉઠે?

થોડાં વર્ષો અગાઉ જ્યારે આ પરિવાર વિદ્યાનગર રહેતો હતો ત્યારે આસપાસના લોકો બની શકે તો મૃત્યુ બાદ દેહદાન કરતા. આ સમયે સૂરજભાઈની નાની ઉંમર છતાં પોતે આ કાર્યમાં સહકાર આપતા અને સહજ રીતે બધાને વાત કરતા કે જો શક્ય હોય તો અંગદાન અને દેહદાન ચોક્કસ કરવું જોઈએ. એ ઘટનાને યાદ કરતા સૂરજભાઈના પિતા અને સમગ્ર પરિવારે સૂરજભાઈના અંગોનું દાન કરવાનો સંકલ્પ કર્યો અને ફરજ પરના ડૉક્ટરને જાણ કરી. પરિવારની ઈચ્છા તો મહત્તમ આપી શકાય એટલા અંગો આપવાની હતી પરંતુ શારીરિક તપાસ પછી એમની બે કિડની, બે આંખો અને હૃદયનું દાન કરવામાં આવ્યું.

જ્યારે કોઈ સૂરજભાઈના ઘરના સભ્યોને પૂછે કે તમને અંગદાન કરવાની પ્રેરણા ક્યાંથી મળી ત્યારે સહજ ભાવે બધા કહે છે કે એ ક્ષણે કદાચ સૂરજનો આત્મા એમને પોકારીને આ કાર્ય માટે પહેલ કરવા કહેતો હતો. અને હજુ પણ આ આખાયે પરિવારની એ જ લાગણી છે કે ક્યારેય પણ પરિવારમાં ફરી આવી ઘટના થાય તો શક્ય હોય તો અંગદાન કે છેવટે દેહદાન કરીને પણ આ શરીરને બાળીને રાખ કરવાને બદલે કોઈ બીજાને જીવન દાન આપી શકાય તો એ કાર્ય અમે ચોક્કસ પણે કરશું.



જ્યારે કોઈ સૂરજભાઈના ઘરના સભ્યોને પૂછે કે તમને અંગદાન કરવાની પ્રેરણા ક્યાંથી મળી ત્યારે સહજ ભાવે બધા કહે છે કે એ ક્ષણે કદાચ સૂરજનો આત્મા એમને પોકારીને આ કાર્ય માટે પહેલ કરવા કહેતો હતો.



# અરુણભાઈ પ્રજાપતિ:
# સમયસર નિર્ણયથી સાત નવજીવન



મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે,
વિદાય લે છે માનવી પોતે, પણ માનવીના કામ જીવે છે.

આવી જ પંક્તિને સાર્થક કરતા એવા અરુણભાઈ પ્રજાપતિ. તેઓ નડિયાદમાં રહેતા હતા અને મૃત્યુ પછી પણ એમના એવા મહામૂલા કાર્ય દ્વારા સદાયને માટે જીવતા રહેશે. અરુણભાઈ એમના દીકરા ધ્રુવ અને એમના પત્ની ડિમ્પલબહેન, બે દીકરીઓ વૃંદા અને રિદ્ધિ સાથે રહેતા અને પ્રાઈવેટ બેંકમાં નોકરી. સાથે સેવાભાવનામાં પણ હંમેશ અગ્રેસર રહેતા. એવામાં અરુણભાઈની તબિયત બગડવા લાગી. અમુક રિપોર્ટ પછી માલુમ પડ્યું કે લીવરમાં તકલીફ હતી અને એના લીધે લોહીમાં માત્ર ૩% જેટલું જ લોહતત્વ બચ્યું હતું. જેના માટેની સારવાર અમદાવાદ તથા નડિયાદમાં શરૂ કરવામાં આવી. જોકે બીમારીની અસર મગજ પર થવા લાગી અને મગજ તરફ જતો રુધિર પ્રવાહ ઘટવા લાગ્યો. ઘણા દિવસો સુધી સતત માથું દુખ્યા કરતું અને અલગ અલગ  જગ્યાએ અલગ અલગ નિદાન થયું પણ કંઈ ખાસ ફરક પડ્યો નહિ. અંતે અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે મગજના એમ.આર.આઈ. તથા સી ટી સ્કેન જેવા જરૂરી રીપોર્ટ્સ પછી માલુમ પડ્યું કે એમને મગજમાં પાણીની ગાંઠો થઈ રહી છે જે ધીમે ધીમે વધી રહી છે.

જેની સારવાર માટે ડૉક્ટરની સલાહ મુજબ અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈને મગજના ઓપરેશન કરવાની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી. પહેલું ઓપરેશન થયું એ મગજ પરનો સોજો ઘટાડવા તેમજ વધારાના પ્રવાહીને બહાર કાઢવાની શંટ સર્જરી કરવામાં આવી. જેના પછી પણ કંઈ ખાસ ફરક પડ્યો નહિ અને અંતે અત્યંત ગંભીર એવી પાણીની ગાંઠો કાઢવા માટેની સર્જરી કરવામાં આવી. પરંતુ

કુદરતને અરુણભાઈ પાસેથી કંઈક અલગ કામ લેવું હશે એમ એ સર્જરી પછી પણ કંઈ ફરક ન પડ્યો ને ફરી ભાનમાં પણ ન આવ્યા. અંતે બે દિવસ પછી ડૉક્ટરે અરુણભાઈને બ્રેન ડેડ જાહેર કર્યા તથા પરિવારને અંગદાન કરવાની વાત કરી. અરુણભાઈ પોતે જ્યારે ટી.વી. કે અન્ય કોઈ જગ્યાએ અંગદાન માટેની માહિતી જોતા ત્યારે અચૂક આ કાર્ય કરવું જોઈએ એવું પરિવારને પણ કહેતા. એમની આ વાત યાદ કરીને પરિવાર માત્ર ૧૦ જ મિનિટમાં અંગદાન કરવાની સહમતી આપી. તરત જ અંગદાન કરવા માટે અંગોની ક્ષમતા ચકાસવા જરૂરી રિપોર્ટ કરવામાં આવ્યા. બાદમાં મુંબઈની ટીમ આવીને એમના બંને હાથનું દાન લઈ ગઈ બાદમાં ચેન્નાઈની ટીમ આવીને હૃદય તથા બંને ફેફસાં લઈ ગયા તેમજ બંન્ને કિડની અમદાવાદ ખાતેની હોસ્પિટલમાં આપવામાં આવી. એમ કુલ સાત વ્યક્તિઓને નવ જીવન મળ્યું. અરુણભાઈના કિસ્સામાં ગુજરાતભરમાં પ્રથમ ફેફસાં અને હાથ જેવા અંગોના દાન કરવામાં આવ્યા.

આ કાર્ય જ્યારે થઈ રહ્યું હતું તે દરમિયાન એ જ વિભાગમાં અરુણભાઈ પહેલાં બ્રેન ડેડ થયેલા બે લોકોને પણ સમજાવાયું હતું પણ એમના પરિવાર અંગદાન માટે સહમત થયેલા નહિ. જયારે અરુણભાઈના પરિવારે એમને સમજાવતા આખરે એ લોકો પણ એમના સ્વજનના અંગોનું દાન કરવા માટે તૈયાર થયા પણ કમ નસીબે એમને વધારે સમય થઈ ગયો હોવાથી અંગો દાન કરવાની ક્ષમતા ખોઈ બેસેલા. એથી જ અરુણભાઈનો પરિવાર પણ સૌને એ જ સંદેશ આપે છે કે અંગદાનનો નિર્ણય ભલે કઠિન છે પણ જલ્દી નિર્ણય કરી લેવાથી વધુમાં વધુ અંગોનું દાન કરી શકાય અને રાહમાં ઉભેલા કેટલાયે લોકોને નવજીવન આપી શકાય.

અંગદાન કરવા માટે અંગોની ક્ષમતા ચકાસવા જરૂરી રિપોર્ટ કરવામાં આવ્યા. બાદમાં મુંબઈની ટીમ આવીને એમના બંને હાથનું દાન લઈ ગઈ બાદમાં ચેન્નાઈની ટીમ આવીને હૃદય તથા બંને ફેફસાં લઈ ગયા તેમજ બંન્ને કિડની અમદાવાદ ખાતેની હોસ્પિટલમાં આપવામાં આવી. એમ કુલ સાત વ્યક્તિઓને નવ જીવન મળ્યું.

# વિદ્યાબેનના પરિવારને આજે સંતોષ છે



સંતરામજીની પવિત્ર ભૂમિ એવા નડિયાદ શહેરમાં કેતનભાઈ પ્રજાપતી તેમના પત્ની વિદ્યાબહેન અને દીકરો પાવન રહેતા હતા. પાવન અગિયાર કોમર્સમાં અભ્યાસ કરતો હતો. એવામાં અચાનક જ એક દિવસ વિદ્યાબહેનને સવારે ઊલટી થવા લાગી અને સાથે ભયંકર માથું દુખવા લાગ્યું. થોડીવારમાં ખેંચ આવવા લાગી અને શરીરના બધાં અંગો જકડાઈ ગયાં. તરત જ એમ્બ્યુલ્સની મારફતે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. ત્યાંની સ્થાનિક હોસ્પિટલમાં સીટી સ્કેન વગેરે રીપોર્ટસ કર્યા બાદ મગજમાં લોહીની નળીઓ ફાટી ગઈ હોવાનું જણાવ્યું અને વધુ સારવાર માટે તરત આણંદ ખાતેની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા. ત્યાં જઈને ફરી અમુક જરૂરી રિપોર્ટ કરાવ્યા પછી મગજમાં વહેતું લોહી અટકાવવા માટે ઓપરેશન કરવાનું નક્કી થયું. પણ ઓપરેશન ચાલુ કરતા માલુમ પડ્યું કે મગજ ઉપર ખૂબ વધારે સોજો હોવાથી આ લોહી બંધ કરવાની પ્રક્રિયા થઈ શકે એમ નથી. દરમિયાન વિદ્યાબેન કોમામાં સરી પડ્યા.

એમની તબિયત વધુને વધુ બગડતી ગઈ અને અંતે ડૉક્ટરે એમને બ્રેન ડેડ જાહેર કર્યા. આમ છતાં પરિવારના કહેવા મુજબ એમની સારવાર ચાલુ રાખવામાં આવી તેમજ બીજા ડોક્ટરોના પણ અભિપ્રાય લેવામાં આવ્યા. દરમિયાન વિદ્યાબેનના હૃદયના ધબકારા ધીમે ધીમે ઘટવા લાગ્યા અને ૨૪ કલાક પણ કાઢવા અશક્ય છે એવું જણાવવામાં આવ્યું, તેમજ અંગદાન માટે સમજાવ્યું. તે સમયે કેતનભાઈ એ તરત જ સંતરામ મંદિરના મહંતશ્રી પાસે આ બાબતે સલાહ

લેતા મહંતશ્રી એ આ નિર્ણય પરોપકારી હોવાથી તરત જ સહમતી આપવાનું સૂચન કર્યું. ત્યારબાદ વિદ્યાબેનના બે કિડની અને લીવરનું દાન કરવામાં આવ્યું.

કેતનભાઈના કહેવા મુજબ જો એ વખતે પોતે અંગદાન માટેનો નિર્ણય ન કરી શક્યા હોત તો આ ત્રણ અંગો જેમને મળ્યા એમનું જીવન પોતે બચાવી ન શક્યા એવો વસવસો રહી જાત. આજે કેતનભાઈ અને સમગ્ર પરિવાર એમના આ નિર્ણયથી સંતોષની લાગણી અનુભવે છે અને એમનું સ્વજન બીજાના શરીરમાં રહીને જીવે છે એનો આનંદ પણ અનુભવે છે.

કેતનભાઈના કહેવા મુજબ જો
એ વખતે પોતે અંગદાન માટેનો
નિર્ણય ન કરી શક્યા હોત તો આ
ત્રણ અંગો જેમને મળ્યા એમનું
જીવન પોતે બચાવી ન શક્યા
એવો વસવસો રહી જાત.
આજે કેતનભાઈ અને સમગ્ર
પરિવાર એમના આ નિર્ણયથી
સંતોષની લાગણી અનુભવે છે

# રમીલાબેન સલટ: અંગદાનને ઉંમર નડતી નથી

પાપ પુણ્યના પટારાથી છૂટી માણસ- માણસની
મદદનું કામ કરીએ નાશવંત દેહનો આત્મા અમર
કરવા, આવો મળીને અંગદાન કરીએ




ઉપરની પંક્તિને સાર્થક કરતી ઘટના વડોદરા શહેરના એક જૈન પરિવારની છે. ઉત્તમભાઈ અને એમના ધર્મપત્ની રમીલાબેન વડોદરામાં રહે એન બે દીકરા તથા એક દીકરી એમ ત્રણેય સંતાનો ભણી ગણીને સુખમય જીવનમાં પરોવાઈ ગયા હતા. એવામાં ૭૨ વર્ષનું આયુષ્ય અને વૃદ્ધત્વ હોઈ રમીલાબેનનું શરીર હવે જવાબ આપતું હતું. શારીરિક નબળાઈના લીધે એમની મોટા ભાગની ક્રિયાઓ ખાટલા પર જ થતી હતી. ઊભા થવામાં પણ ખૂબ તકલીફ પડતી પણ આખી જિંદગી બીજાની સેવામાં અને પોતાના પગ પર ઊભા રહેવા ટેવાયેલા રમીલાબેન એક દિવસ કોઈની મદદ લીધા વગર ઊભા થઈને બાથરૂમમાં ગયા. બાદમાં વાર થઈ ગઈ હોવા છતાં પાછા ન ફરતા પરિવારના લોકોને ચિંતા થઈ અને બહારથી જોતા માલુમ પડ્યું કે રમીલાબેન જમીન પર પડી ગયેલા હતા. તરત જ બધાએ એમને ઊભા કર્યાં, પણ તેઓ અર્ધ બેભાન જેવી સ્થિતિમાં હતા અને આંખે દેખાતું બંધ થઈ ગયેલું. પરિવારના લોકોને પરિસ્થિતિ ગંભીર લાગતા તરત જ વડોદરા શહેરની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ત્યાં પહોંચ્યા બાદ એમની સારવાર શરૂ કરવામાં આવી અને સી ટી સ્કેન વગેરે રીપોર્ટસ પણ કરાયા જે દરમિયાન મગજના ભાગે ગંભીર ઈજા હોવાનું નિદાન થયું.

સઘન સારવાર અને વરિષ્ઠ ડોકટરોના સતત માર્ગદર્શન છતાં એમની તબિયત વધુ બગડતી ગઈ. અંતે એમને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. સાથે જ ફરજ પરના ડૉક્ટરે એમના પરિવારને અંગદાન કરવા સમજાવ્યું. શહેરના બીજા સેવાભાવી અને અંગદાન

જાગૃતિ ફેલાવતા ડોક્ટર્સે આવીને પણ આ વાત કરી. ત્યારબાદ રમીલાબેનના પતિ ઉત્તમભાઈ અને ત્રણેય સંતાનો અંગદાન કરવાના નિર્ણય પર સહમત થયા. આમ તો થોડા સમય પહેલા પરિવારના એક મોભીનું અવસાન થતાં એમની આંખોનું દાન કરેલું એ વાત યાદ કરી પરિવારના સભ્યોએ બીજા લોકોને જીવનદાન આપવા માટે અંગદાન કર્યું. રમીલાબેનના બે કિડની, લીવર અને બે આંખો જેવા અંગોનું દાન કરાયું.

ઉત્તમભાઈ અને રમીલાબેન માત્ર ૭-૮ ધોરણ સુધીનો અભ્યાસ કરેલા છતાં પરોપકારની સમજણથી આ મહાન કાર્યની પહેલ કરી. રમીલાબેનના ગયા પછી આજે ઉત્તમભાઈની સંભાળ માટે એમની દીકરી મીનલબેન એમની સાથે રહે છે. તથા પરિવારના દરેક સભ્યોએ અંગદાન માટેનો સંકલ્પ પણ કર્યો છે.



થોડા સમય પહેલા પરિવારના એક મોભીનું અવસાન થતાં એમની આંખોનું દાન કરેલું એ વાત યાદ કરી પરિવારના સભ્યોએ બીજા લોકોને જીવનદાન આપવા માટે અંગદાન કર્યું. રમીલાબેનના બે કિડની, લીવર અને બે આંખો જેવા અંગોનું દાન કરાયું.



# જ્યોત્સનાબેન પારેખઃ કેદી કંડારીને રસ્તો બનાવ્યો



રામચંદ્રભાઈ પારેખ અને એમના ધર્મપત્ની જ્યોત્સનાબેન પારેખ ગાંધીનગરમાં રહે. સાથે દીકરો વિશાલ અને એના ધર્મપત્ની રહે. રામચંદ્રભાઈએ ત્રણ દીકરીઓને સાસરે વળાવી દીધેલી અને દીકરાને ઘરે દીકરો આવતા સુખનો જાણે કોઈ પાર જ ન રહ્યો. મૂડી કરતા વ્યાજ વધારે વહાલું હોય એમ પૌત્રને મોટો થતાં જોતા આનંદના દિવસો વીતવા લાગ્યા. પણ કુદરતની લીલી કોણ સમજી શકે! જ્યોત્સનાબેન એક દિવસ સવારે સ્નાન કરીને બાથરૂમમાંથી બહાર નીકળ્યા એટલે એમના મોઢા પરની રેખાઓ કંઈક અલગ દેખાઈ રહી હતી. અચાનક એમણે બધાને ઓળખવાનું બંધ કરી દીધું. રામચંદ્રભાઈએ એમને ઉંમરના લીધે એવું થતું હોવાનું કહી આરામ કરવા જણાવ્યું. બાદમાં પુત્ર વિશાલભાઈ બપોરે ધંધેથી ઘરે આવ્યા એટલે જ્યોત્સનાબેનને જમવા માટે બોલાવવા ગયા તો એ ઉઠ્યા નહિ અને અર્ધ બેભાન જેવી સ્થિતિમાં હતા. પરિસ્થિતિ ગંભીર લાગતા તરત જ એમને ગાંધીનગર ખાતેની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. જ્યાં સી ટી સ્કેન વગેરે રિપોર્ટસ કરવામાં આવ્યા. સારવાર કરવા છતાં કંઈ ફરક પડતો ન હોવાથી તરત જ વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે પણ એમની સારવાર ચાલુ કરવામાં આવી છતાં પરિસ્થિતિ કંઈ સુધારો ન આવ્યો અને અંતે ફરજ પરના ડૉક્ટરે એમને બ્રેન ડેડ જાહેર કર્યા. અચાનક આવી પડેલી આવી આફતમાં પરિવારના સભ્યોને ઘડીક તો આ શું ઘટના થઈ રહી છે એની ખબર જ ન પડી. હજુ તો ગઈકાલે લગ્ન પ્રસંગે આનંદથી ગયેલા એવા જ્યોત્સનાબેન આમ ૨-૩ દિવસમાં કોઈ જૂની તકલીફ વગર આજે મરણ પથારીએ સૂતેલાં હતા. દરમિયાન ફરજ પરના ડૉક્ટરે પરિવારને અંગદાન કરવા માટે વિનંતી કરી. પરિવારને

આમ તો અંગદાન વિશે વધુ માહિતી હતી નહિ પણ થોડાં વર્ષો પહેલા રામચંદ્રભાઈના સાસુના અવસાન વખતે એમણે ચક્ષુદાન કરેલું એ ઘટના યાદ કરતા એમણે તરત જ અંગદાન માટેની સહમતી દર્શાવી. ત્યારબાદ જ્યોત્સનાબેનના બે કિડની અને લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું.

અંગદાનના આ શુભ નિર્ણયથી રામચંદ્રભાઈ તથા પરિવારના સર્વે સભ્યો સંતોષની લાગણી અનુભવે છે. તેમજ સમાજના સર્વે લોકો તરફથી પણ આ કાર્યને ખૂબ બિરદાવ્યું છે. આવી ઘટનાઓ બાદ એક વાત સ્પષ્ટ થાય છે કે કોઈ એક વ્યક્તિની અંગદાન માટેની પહેલ એ કુટુંબ અને સમાજમાં સર્વે લોકો માટે અંગદાન જાગૃતિનું ઉત્તમ કાર્ય કરે છે. આવી એકાદ નાની પહેલથી ખૂબ મોટા બદલાવો લાવી શકાય એમ છે તેમજ અંગોની રાહમાં મૃત્યુ તરફ જઈ રહેલા લાખો લોકોને નવજીવન મળી શકે.

આવી ઘટનાઓ બાદ એક વાત સ્પષ્ટ થાય છે કે કોઈ એક વ્યક્તિની અંગદાન માટેની પહેલ એ કુટુંબ અને સમાજમાં સર્વે લોકો માટે અંગદાન જાગૃતિનું ઉત્તમ કાર્ય કરે છે. આવી એકાદ નાની પહેલથી ખૂબ મોટા બદલાવો લાવી શકાય એમ છે તેમજ અંગોની રાહમાં મૃત્યુ તરફ જઈ રહેલા લાખો લોકોને નવજીવન મળી શકે.

# દક્ષ ભાટીયા: અંગો બીજાની બાસ્કેટમાં નાખી ગોલ કર્યો



મહેસાણા ખાતે સમીરભાઈ એમના ધર્મપત્ની અંજનાબેન અને બે પુત્રો દક્ષ અને અંશ સાથે રહેતા હતા. મોટો પુત્ર દક્ષ ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતો હતો જ્યારે નાનો અંશ ત્રીજા ધોરણમાં હતો. દક્ષ લગભગ આઠમા ધોરણથી જ બાસ્કેટ બૉલ અને નેટ બૉલ જેવી રમતો તરફ આકર્ષાયેલો હતો. ધીમે ધીમે રમતમાં સુધારો આવતા સ્થાનિક અને સ્ટેટ લેવલની ઘણી ટુર્નામેન્ટમાં પ્રોત્સાહન મળેલું. એનું સ્વપ્ન બાસ્કેટ બૉલની રાષ્ટ્રીય ટીમમાં સામેલ થઈને આ રમતમાં વિશ્વમાં ભારતનું નામ કરવાનું હતું.

જોકે, કુદરતે દક્ષભાઈના ભાગે કંઈક બીજું જ પાત્ર ભજવવાનું લખ્યું હશે એમ એક દિવસ બાસ્કેટ બૉલની ટુર્નામેન્ટમાંથી પરત આવતા એમનો ગંભીર અકસ્માત થયો. તેમને એમ્બ્યુલન્સ મારફતે નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા. પરિવારના સભ્યોને પણ જાણ થતાં બધા હોસ્પિટલ ખાતે દોડી ગયા. દક્ષભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થયેલી જેમાંથી ખૂબ લોહી વહી જતું હતું. એના લીધે ઓપરેશન કરવું પણ શક્ય હતું નહિ. આખી રાત લોહીના અનેક યુનિટ ચડાવ્યા. બાદમાં લોહીનો પ્રવાહ બંધ થતાં પછી સી ટી સ્કેન અને બીજા કેટલાક રીપોર્ટસ કરાવ્યા અને બીજી હોસ્પિટલમાં પણ વધુ સારવાર માટે ખસેડ્યા, પણ સતત ઓછા બ્લડપ્રેશરના લીધે અને વહી ગયેલા લોહીને કારણે મગજમાં ખૂબ ગંભીર ઈજા થયેલી હોઈ તે કેમેય કરીને સારી થાય એમ નહોતું. અંતે એમને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. હવે દક્ષભાઈ માત્ર લાઈફ સપોર્ટના સહારે મૃત્યુની રાહ જોઈ રહ્યા હતા. અચાનક આવી પડેલી આ ઘટનાથી આખો પરિવાર ભાંગી પડેલો.

દરમિયાન ત્યાંના અંગદાન જાગૃતિ માટે કામ કરતા લોકો સમીરભાઈ અને પરિવારના લોકોને મળ્યા

અને અંગદાન માટે સમજાવ્યું. અંગદાન કરવા માટે દક્ષભાઈને મહેસાણાથી અમદાવાદ લઈ જવા પડે એમ હતું. એક તો આવો જુવાન દીકરો આમ મરણ પથારીએ સૂતેલો હોય અને ઉપરથી સમાજના અમુક અણસમજુ લોકો આ કાર્યથી દૂર રહેવાની સલાહ આપતા હોય એ છતાં સમીરભાઈ અને પરિવારે અંગદાન કરવાનો હિંમતભર્યો નિર્ણય લીધો અને દક્ષભાઈને ખાલી અંગદાન કરવા માટે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. ત્યાં જઈને જરૂરી રિપોર્ટ પછી માલુમ થયું કે સતત સારવાર પછી દક્ષભાઈનું હૃદય અને ફેફસાં નબળા પડી ગયા હોઈ એનું અંગદાન થઈ શકે એમ નહોતું, પણ બે કિડની અને લીવરનું અંગદાન કરવામાં આવ્યું. આ ઘટના પહેલા પરિવારે ક્યાંય અંગદાન વિશે માહિતી નહોતી પણ દેહદાન વિશે સાંભળેલું હતું.

દક્ષભાઈના બેસણામાં પરિવારે અંગદાન જાગૃતિ માટેના પોસ્ટરો લગાડ્યા અને સમાજમાં બીજા લોકો સુધી પણ આ શુભ સંદેશ જાય એવા પ્રયત્નો કર્યા. પરિવારના જણાવ્યા મુજબ જો શરીર મરણ પથારીએ હોય અને સારવારનો કોઈ રસ્તો ન હોય તો બીજાની જિંદગી બચાવવા માટે અચૂક અંગદાન કરવું જ જોઈએ. આ નિર્ણય કઠિન છતાં પરોપકારી હોઈ એમાં ઉતાવળ રાખવાથી વધુને વધુ અંગોનું દાન કરીને કેટલીયે જિંદગી બચાવી શકાય.

દક્ષભાઈને ખાલી અંગદાન કરવા માટે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. ત્યાં જઈને જરૂરી રિપોર્ટ પછી માલુમ થયું કે સતત સારવાર પછી દક્ષભાઈનું હૃદય અને ફેફસાં નબળા પડી ગયા હોઈ એનું અંગદાન થઈ શકે એમ નહોતું, પણ બે કિડની અને લીવરનું અંગદાન કરવામાં આવ્યું.

# રાધિકા મંડલીઃ માતાની પ્રેરણાનું ઝરણું

મંદિર મેં બજી જો ઘંટિયા, ભગવાન જાગેગા
પઢે ઉર્દૂ કી કોઈ પર્ચિયા, કુરાન જાગેગા
જબ એક ઈન્સાન કે દુઃખ દેખકર ઈન્સાન રોયેગા
બદલ જાયેગી યે દુનિયા, યહાં ઈન્સાન જાગેગા



આ વાત કંઈક આવી જ છે. એક માણસ પોતાના પર કે પરિવાર પર વીતેલી સમસ્યા પછી એમાંથી કઈક શીખ લઈને જ્યારે કામ કરે ત્યારે સમાજની કાયાપલટ કરી શકવા સક્ષમ બને છે. રાજકોટમાં રહેતો મંડલી પરિવાર આ વાતનું ખૂબ મોટું ઉદહરણ પૂરું પાડે છે. રાજકોટ ખાતે ભાવનાબેન મંડલી, એમના પતિ મનસુખભાઈ, ૧૬ વર્ષની દીકરી રાધિકા અને નાનો દીકરો અર્જુન સુખેથી રહેતા હતા. રાધિકા ૧૦માં ધોરણમાં અભ્યાસ કરતી હતી અને સાથે ક્રિકેટ અને નૃત્યમાં પણ ખૂબ રસ હતો. ક્રિકેટ અને નૃત્યના કાર્યક્રમોમાં ભાગ લેવો એ એનો નાનપણથી જ શોખ રહેલો અને ભવિષ્યમાં ભણવા સાથે આ ક્ષેત્રોમાં પણ કંઈક ઉમદા કામ કરવાની એની ઈચ્છા હતી. ભાવનાબેન દીકરીને સારી રીતે ભણાવવા માટે પોતે પણ નોકરી કરતા હતા અને દીકરીને વારંવાર કહેતા કે બેટા એવું કંઈક કર જેથી આખી દુનિયા યાદ રાખે.

એક દિવસ ભાવનાબેન અને મનસુખભાઈ નોકરી પર ગયેલા એવા વખતે હસતી રમતી રાધિકાને અચાનક માથું દુખવા લાગ્યું અને ચક્કર આવવા તેમજ ઉબકા જેવી તકલીફ થવા લાગી. ભાવનાબેનને જાણ થતા તરત જ ઘરે આવ્યા અને દીકરીની હાલત અર્ધબેભાન જેવી હોઈ તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવી. હોસ્પિટલમાં સી ટી સ્કેન વગેરે રીપોર્ટસ કરવામાં આવ્યા ત્યારે ખબર પડી કે રાધિકાના મગજમાં પહેલેથી જ એક ગાંઠ હતી જે ફાટવાથી ખૂબ લોહી વહ્યું છે અને એના લીધે મગજમાં પણ ખૂબ નુકશાન થયું છે. સમય જતા પરિસ્થિતિ વધુ વણસી અને રાધિકાને બ્રેન ડેડ જાહેર કરવામાં આવી. આ સાંભળીને ઘરના સભ્યોની કાપો તો લોહી ન નીકળે એવી હાલત થઈ ગઈ. જે દીકરી માટે કેટલાયે સપનાં જોયેલા, એના ભણતર અને સારા ભવિષ્ય માટે ભાવનાબેન પોતે પણ નોકરી કરતા

એ દીકરી આજે આ સ્થિતિમાં છે અને બીજું બધું તો ઠીક પણ એને પૂરતો સમય આપીને એક માં તરીકે મન ભરીને વહાલ પણ ના કરી શકાયું.

બાદમાં રાજકોટ ખાતેના ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન અને અંગદાન જાગૃતિનું કામ કરતા એવા ડૉ. વિરોજા સાહેબ અને બીજા કેટલાક લોકોએ ભાવનાબેનને અંગદાન કરવા માટે જણાવ્યું. સાહેબ અંગદાન જાગૃતિ માટે સમજાવતા એવું બોલ્યા કે તમારી દીકરીને આખી દુનિયા યાદ રાખશે અને અમર થઈ જશે ત્યારે ભાવનાબેનને પોતે દીકરીને વારંવાર જે વાત કહેતા તે યાદ આવીને આંસુ સરી પડ્યા કે મારા સ્વપ્નને તારે આ રીતે પૂર્ણ કરવાનું હતું? બાદમાં ભાવનાબેન અને સમગ્ર પરિવાર આ નિર્ણયમાં સહમત થયા. રધિકાંનું હૃદય, લીવર, બે કિડની, બે આંખો એમ કુલ છ (૬) અંગોનું દાન કરાયું. આમ રાધિકાએ છ (૬) લોકોને નવજીવન બક્ષ્યું.

આ કાર્ય કર્યા પછી ભાવનાબેનની યાદોમાંથી રાધિકા જવાનું નામ લેતી ન હતી એવી ડૉ. વીરોજા સાહેબ સાથે એક દિવસ વાત કરતા સાહેબે એમને અંગદાન જાગૃતિના કાર્યમાં જોડાવાની વાત કરી અને તરત ભાવનાબેને એનો સ્વીકાર કર્યો. ત્યારબાદ આજ દિન સુધી ભાવનાબેનને અડધી રાતે પણ કોઈ હોસ્પિટલમાંથી ફોન આવે કે કોઈ વ્યક્તિ બ્રેન ડેડ થયા છે તો તરત જ એમના પરિવારને અંગદાન કરવા માટે સમજાવવા પોતે પહોંચી જાય છે. એકવાર અંગદાન થઈ ગયા પછી પણ નિયમિત રીતે એ પરિવારોને મળીને અને એમનો સહકાર લઈને આ જાગૃતિ સમાજમાં મહત્તમ પહોંચે એવા પ્રયત્નો કરી રહ્યા છે. રાધિકાબેનને સ્મરણાંજલિ માટે પણ ભાવનાબેને અંગદાન જાગૃતિ અને રક્તદાન જેવા કાર્યક્રમો સ્વખર્ચે કર્યા છે. જ્યારે ડૉ. વિરોજા સાહેબ દ્વારા એ કાર્યક્રમનો ખર્ચ પોતાની સંસ્થા ઉપાડે એવી વિનંતી કરી ત્યારે ભાવનાબેને સહજ કીધું કે જો મારી દીકરી જીવતી હોત તો એના ભણતર અને લગ્ન પ્રસંગે જે ખર્ચ થવાનો હતો એ હવે અંગદાન જાગૃતિ માટે વાપરીશ. બાદમાં ભાવનાબેન અને ડૉ. વિરોજા સહિતના લોકોએ રાધિકાની ઘટના પર એક શોર્ટ ફિલ્મ બનાવી જેમાં રાધિકા સિવાયના દરેક પાત્રો વાસ્તવિક લોકો છે. એ ફિલ્મ યૂટ્યુબ પર ‘‘દિવ્યદાન’’ ના નામથી છે અને સમગ્ર સમાજમાં અંગદાન માટેની જાગ્રતિ અને સ્વ. રાધિકાની યાદગીરી આપે છે.

સાહેબ અંગદાન જાગૃતિ માટે સમજાવતા એવું બોલ્યા કે તમારી દીકરીને આખી દુનિયા યાદ રાખશે અને અમર થઈ જશે ત્યારે ભાવનાબેનને પોતે દીકરીને વારંવાર જે વાત કહેતા તે યાદ આવીને આંસુ સરી પડ્યા કે મારા સ્વપ્નને તારે આ રીતે પૂર્ણ કરવાનું હતું? બાદમાં ભાવનાબેન અને સમગ્ર પરિવાર આ નિર્ણયમાં સહમત થયા.

# મનહરભાઈ ડાભીઃ મૃત્યુનો અફસોસ, જીવન આપ્યાનો સંતોષ



મનહરભાઈ ડાભી એમના પત્ની દક્ષાબેન, બે નાની દીકરીઓ, માતા તેમજ અન્ય સભ્યો સાથે અમદાવાદ ખાતે રહેતા હતા. ઘરમાં કમાનાર મુખ્ય માણસ તરીકે પોતે જ હતા. નાના મોટો કામધંધો કરીને ગુજરાન ચલાવતા હતા. હજી તો હમણાં જ કોરોનાના લૉકડાઉન પછી માંડ સ્થિતિ થાળે પડી રહી હતી, એવામાં એક દિવસ અચાનક કોઈ કામથી બહાર ગયેલા મનહરભાઈને અકસ્માત થયો. અકસ્માત એટલો ગંભીર હતો તો બાઈક દૂર ફંગોળાઈ ગયું અને મનહરભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતાં બેભાન થઈ ગયા.

તરત જ એમને એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા અને શરૂઆતની પ્રાથમિક સારવાર અને રીપોર્ટસ કરવામાં આવ્યા. આ અકસ્માત ધોળકા નજીક થયેલો અને ત્યાંની જ ખાનગી હોસ્પિટલમાં સારવાર શરૂ થઈ અને પરિવારના સભ્યો પણ જલ્દીથી ત્યાં પહોંચ્યા. સી ટી સ્કેન વગેરે રીપોર્ટસ પછી એમના મગજનું ઓપરેશન કરવાનું નક્કી થયું અને બની શકે એટલું જલ્દી ઓપરેશન કરવામાં આવ્યું. ઓપરેશન છતાં એમની તબિયતમાં કોઈ સુધારો જણાયો ન હતો. પરિસ્થિતિ વધુ ખરાબ થતાં બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ અને પરિવારને ખાનગી હોસ્પિટલમાં કોઈ આશા ન હોઈ તેમજ ખર્ચ કરી શકે એવી હાલતમાં ન હોવાથી અમદાવાદ ખાતેની વરદાન સ્વરૂપ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા.

પરંતુ વિધિના લેખ કંઈક અલગ હશે એમ સિવિલ હોસ્પિટલમાં પણ તબિયતમાં સુધારો થયો નહિ અને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. પરિવારનો એકમાત્ર કમાનારો સહારો આમ અચાનક મરણ પથારીએ સૂતેલો જોઈને બધા સ્તબ્ધ હતા. ફરજ પરના ડૉક્ટરે એમને અંગદાન કરવાનું જણાવ્યું અને પૂરતી

માહિતી આપી. ખૂબ ગરીબ પરિસ્થિતિ અને ઉપરથી આવી પડેલી આવી સ્થિતિમાં પરિવારે અંગદાન કરવાનો હિંમત ભર્યો નિર્ણય લીધો. મનહરભાઈના અંગોનું દાન કરવામાં આવ્યું. આમ મનહરભાઈ એ કેટલાયના જીવનમાં નવી રોશની આપી. મનહરભાઈના ગયા પછી આજે એમની પાછળ વિધવા માં, પત્ની, બે દીકરીઓ અને બેન તેમજ આખો પરિવાર વિલાપ કરે છે છતાં અંગદાન થકી જે પરોપકારનું કાર્ય થયું એના માટે સંતોષની લાગણી પણ અનુભવે છે.

ખૂબ ગરીબ પરિસ્થિતિ અને ઉપરથી આવી પડેલી આવી સ્થિતિમાં પરિવારે અંગદાન કરવાનો હિંમત ભર્યો નિર્ણય લીધો. મનહરભાઈના અંગોનું દાન કરવામાં આવ્યું. આમ મનહરભાઈ એ કેટલાયના જીવનમાં નવી રોશની આપી.

# જશ સંજીવભાઈ ઓઝા:
# અઢી વર્ષની ઉંમરે આઠ જીવન ઉજાળ્યા




મૂળે રાજસ્થાન અને છેલ્લા ચારેક દાયકાઓથી સુરત ખાતે રહેતા અને પત્રકારત્વના વ્યવસાય સાથે સંકળાયેલા સંજીવભાઈ ઓઝા સુરતમાં એમના પત્ની રચનાબેન, છ વર્ષની દીકરી કિયારા અને ૨.૫ વર્ષના દીકરા જશ સાથે સુખેથી જીવન જીવતા હતા. પોતે પત્રકાર હોવાથી સુરત ખાતેના અંગદાન જાગૃતિ ફેલાવતા ડોક્ટર્સ અને સામાજિક કાર્યકરો સાથે સંપર્કમાં હતા તેમજ મીડિયાના માધ્યમથી પોતે પણ બને એટલી અંગદાન વિશે જાગૃતિ લાવવા માટે મદદ કરતા હતા. પણ કોને ખબર હતી કે અંગદાન કરવાનો એ સમય એમના ઘરનો દરવાજો ખખડાવશે!

૨૦૨૦ના ડિસેમ્બર મહિનામાં આમ તો ઠંડી પડતી હોવાથી દીકરા જશને બને ત્યાં સુધી બહાર મોકલવાનું ટાળતા હતા પણ ઘરમાં જ દીકરો કંટાળી ન જાય અને આમેય બાળપણમાં સહજ ચંચળ સ્વભાવ એટલે આજુ બાજુના ફ્લેટમાં રમતો રમતો પહોંચી જાય. એમાં અચાનક એક દિવસ રમતા રમતા બાલ્કની પાસે જતા લપસી ગયો અને નીચે પટકાયો. ઘરના અને આજુ બાજુના તમામ લોકો તરત ત્યાં પહોંચ્યા અને જોયું તો જશ બેભાન હાલમાં હતો. તરત જ જશને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો અને સારવાર ચાલુ કરવામાં આવી. સી ટી સ્કેન અને એમ આર આઈ જેવા રીપોર્ટસ કરવામાં આવ્યા અને વેન્ટિલેટર સાથે અન્ય તાત્કાલિક સારવાર ચાલુ કરી આઈ સી યુ માં દાખલ કરાયો. જશને બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું અને સાથે એના માટેની પણ સારવાર ચાલુ થઈ.

પરંતુ જશની સ્થિતિ પર કોઈ સારવારની અસર ન થઈ અને અમુક રીપોર્ટસ પછી જશને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યો. આ સાંભળીને પરિવારના બધા સભ્યો ચોધાર આંસુડે રડવા લાગ્યા. ઓઝા પરિવારના બગીચામાં કાલ સવારે ખીલેલું ફૂલ આમ અચાનક જ

કરમાઈ જવાથી બધા આઘાતમાં હતા. હવે સારવારનો કોઈ વિકલ્પ હતો નહિ અને જશને ભાગે ખાલી મૃત્યુની રાહ જોવાની હતી. આવી વિકટ પરિસ્થિતિમાં પણ સંજીવભાઈ અને સમગ્ર પરિવારે સામેથી અંગદાન કરવાનો હિંમતભર્યો નિર્ણય કર્યો. તેમણે પોતાની ઈચ્છા ફરજ પરના ડૉક્ટરને જણાવી. તેમની વાત જાણીને સૌ કોઈએ પરિવારના આ નિર્ણયને ખૂબ બિરદાવ્યો. બાદમાં જશના હૃદય, લીવર, બે કિડની, બે આંખો તેમજ બે ફેફસાં જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. આમ જશ આઠ લોકોને નવજીવન આપીને અમર થઈ ગયો.

સંજીવભાઈના કહેવા મુજબ માત્ર બ્રેને સાથ છોડી દેવાથી અમારે જશને ગુમાવવો પડ્યો. હજુ મેડિકલ ક્ષેત્રે એટલી પ્રગતિ થઈ નથી કે મગજનું ટ્રાન્સપ્લાન્ટ થઈ શકે એથી અમને વિચાર આવ્યો કે જે અંગોનું દાન થઈ શકે એની રાહમાં પણ કેટલાયે જશ બેઠા હશે, આથી જશને એકમાંથી અનેક બનાવવા માટે પરિવારે આ કઠિન પણ હિંમત ભર્યો નિર્ણય લીધો.



સંજીવભાઈના કહેવા મુજબ
માત્ર બ્રેને સાથ છોડી દેવાથી
અમારે જશને ગુમાવવો પડ્યો.
હજુ મેડિકલ ક્ષેત્રે એટલી પ્રગતિ
થઈ નથી કે મગજનું ટ્રાન્સપ્લાન્ટ
થઈ શકે એથી અમને વિચાર
આવ્યો કે જે અંગોનું દાન થઈ
શકે એની રાહમાં પણ કેટલાયે
જશ બેઠા હશે



# ચંદ્રકાન્તભાઈ પટેલની પાછળ ડૉક્ટર દીકરીનો અંગદાન-યજ્ઞ

મળે કોઈને તે ક્યાંય, તો
અમારા આટલા ખબર તો કેજો.
કરીએ છીએ આજે પણ અમે તેમને યાદ,
એટલું તો કહેજો.



ચંદ્રકાંતભાઈ પટેલ વડોદરા શહેરમાં એમના પત્ની અને દીકરી સાથે રહેતા હતા. સુખેથી જીવન ચાલતું હતું. એમાં વળી દીકરી માનસીને એમ.બી.બી.એસ.માં વડોદરા ખાતેની ગોત્રી મેડિકલ કૉલેજમાં એડમિશન મળ્યું અને જાણે ખુશીઓનો પાર ન રહ્યો. માત્ર માનસી જ નહિ પણ સમગ્ર પરિવારનું સ્વપ્ન પૂર્ણ થવા જઈ રહ્યું હતું. પણ ચંદ્રકાંતભાઈના નસીબમાં આટલી જ ક્ષણો જોવાની હશે એમ ૨૦૧૪ના જૂન મહિનામાં ચંદ્રકાંતભાઈનો ગંભીર અકસ્માત થયો.

અકસ્માતમાં એમના માથાના ભાગે ખૂબ જ ગંભીર ઈજા થઈ. એમને તરત જ એમ્બ્યુલન્સ મારફતે નજીકની સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ત્યાં ગયા બાદ ફરજ પરના ડૉક્ટરના જણાવ્યા મુજબ તે સમયે હોસ્પિટલમાં મગજના નિષ્ણાત ડૉક્ટર ન હોઈ તરત જ ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર માટે લઈ જવામાં આવ્યા. ત્યાં ગયા બાદ સી ટી સ્કેન વગેરે રીપોર્ટસ કર્યા પછી નિદાન થયું કે ચંદ્રકાંતભાઈને મગજમાં હેમરેજ થયેલું અને સાથે મગજની બહારની ખોપરીના ઘણા બધા ટુકડા થઈ ગયેલા. જેના માટે જરૂરી ઓપરેશન કરવામાં આવ્યું. આ ઓપરેશન પછી પણ ચંદ્રકાંતભાઈની તબિયતમાં કંઈ ખાસ સુધારો જણાયો નહિ અને ડૉક્ટરે રાહ જોવા સિવાય કંઈ ઉપાય નથી એમ જણાવ્યું. આ દરમિયાન પરિવારને એમને વધુ સારી સારવાર માટે ચેન્નઈ લઈ જવાનો વિચાર આવ્યો. પણ જાણે ચંદ્રકાંતભાઈના જીવનનું અહીંયા જ પૂર્ણવિરામ મૂકાવાનું હશે કે ડૉક્ટરે એમને બ્રેન ડેડ

જાહેર કર્યા.

હજુ તો હમણાં જ એમ.બી.બી.એસ. માં એડમીશન લીધું એવી માનસીને પોતાને તો હજુ એટલું તબીબી વિજ્ઞાનનું જ્ઞાન નહોતું પણ ગમે એમ કરીને પિતાને બચાવી લેવા લાખ કોશિશ કરી. છતાં બધેથી એક જ જવાબ મળતો હતો કે હવે કશું જ શક્ય નથી. આ પરિસ્થતિમાં પણ ફરજ પરના ડૉક્ટરે પરિવારને અંગદાન કરવા માટે જણાવ્યું અને એના વિશે નાનામાં નાની માહિતી આપી. એ વખતે પરિવારને અંગદાન વિશે ખ્યાલ નહોતો પણ પરોપકારની ભાવના અને બીજાને જીવનદાન મળે એ હેતુથી એમણે આ નિર્ણય કર્યો અને ચંદ્રકાંતભાઈના બે કિડની અને બે આંખોનું દાન કરવામાં આવ્યું.

આજે એ વખતની માનસી હવે ડૉ. માનસી બની ગઈ છે અને પોતે પણ સમાજમાં અંગદાન માટેની મહત્તમ જાગૃતિ આવે એના માટેના બનતા કર્યો કરે છે તેમજ તે વખતેના પોતાના પરિવારના નિર્ણયથી ખૂબ સંતોષની લાગણી અનુભવે છે.

આજે એ વખતની માનસી હવે ડૉ. માનસી બની ગઈ છે અને પોતે પણ સમાજમાં અંગદાન માટેની મહત્તમ જાગૃતિ આવે એના માટેના બનતા કર્યો કરે છે તેમજ તે વખતેના પોતાના પરિવારના નિર્ણયથી ખૂબ સંતોષની લાગણી અનુભવે છે.

# અરવિંદભાઈ ભટ્ટ: પુત્ર સોહમને જીવનનું મિશન સોંપતા ગયા

અંગદાન જાગૃતિના આંદોલન થકી લાઈવ રીલેટેડ ટ્રાન્સપ્લાન્ટ કરવા ન પડે અને કેડેવર અંગદાન કાર્યક્રમમાં અંગો માટે કોઈ પણ વ્યક્તિને રાહ ન જોવી પડે એવા શુભ હેતુથી હજારો લોકો એમાં જોડાયા છે ત્યારે આજે કરજણ, વડોદરાના સોહમભાઈ ભટ્ટ પણ એમાંના એક છે. તે પોતે આ શુભ કાર્યમાં જોડાયા એના પાછળ પણ ખૂબ મોટું કારણ છે.



સોહમભાઈ ભટ્ટ એમના માતા કૈલાશબેન, પિતા અરવિંદભાઈ સાથે કરજણ ખાતે રહેતા અને મોટી બેનને સાસરે વળાવી હતી. ખૂબ સરળ અને શાંત ચાલતાં જીવનમાં એક ખૂબ ખરબચડો વળાંક આવ્યો. અરવિંદભાઈ એક દિવસ અચાનક સવારે બાથરૂમમાં નહાવા જતા લપસી પડ્યા અને માથાના ભાગે દુખવા સાથે ઊલટી થવા લાગી. ઘરે હાજર એમના પત્નીએ તરત જ સારવાર માટે એમને વડોદરા ખાતેની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા. પરિવારના બીજા સભ્યો પણ જલ્દીથી ત્યાં પહોંચી ગયા. હોસ્પિટલ ખાતે સિટી સ્કેન વગેરે રીપોર્ટ્સ કર્યા બાદ નિદાન થયું કે અરવિંદભાઈને મગજમાં હાઈ બ્લડપ્રેશરના લીધે બ્રેન હેમ્રેજ થયું છે અને એના માટે જરૂરી સર્જરી કરવી પડે એમ છે. આથી પરિવારના સભ્યોએ સર્જરી કરાવવા માટે શહેરની બીજી હોસ્પિટલમાં લઈ જવાનો નિર્ણય કર્યો અને ત્યાં અરવિંદભાઈનું મગજનું ઓપરેશન કરવામાં આવ્યું. ઓપરેશનને ચારેક દિવસ વીતી ગયા છતાં એમની તબિયતમાં કોઈ સુધારો જણાયો નહિ.

ફરજ પરના ડૉક્ટરે અમુક રીપોર્ટ્સ પછી એમને બ્રેન ડેડ જાહેર કર્યા. આ સમાચાર મળતા જ પરિવાર માટે આઘાતજનક પરિસ્થિતિ સર્જાઈ ગઈ. દરેકની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. સોહમભાઈ સોશિયલ મીડિયા અને યૂટ્યુબ વગેરેના માધ્યમથી અંગદાન વિશે જાણતા હતા આથી એમણે

પિતાના અંગદાન માટે સામેથી તૈયારી દર્શાવી. જોકે ત્યારે સ્થિતિ એવી સર્જાઈ કે કોઈ કારણોસર જે તે હોસ્પિટલમાં અંગધનની પ્રક્રિયા થઈ શકે એમ હતી નહિ. સોહમભાઈ એ કોઈપણ રીતે આ કાર્ય પૂરું પાડવા શહેરની બીજી ખાનગી હોસ્પિટલમાં અરવિંદભાઈને અંગદાન માટે લઈ ગયા અને ત્યાં એમના અંગોનું દાન કરવામાં આવ્યું. એ દરમિયાન પરિવારમાં બધા સભ્યો આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા હતા પણ  છતાં ગમે તેમ કરીને સોહમભાઈ એ પરિવારના બધા સભ્યોને સમજાવ્યા અને અરવિંદભાઈના બે કિડની અને બે આંખોનું અંગદાન કરવામાં આવ્યું. ત્યારબાદ એ નિર્ણયથી પરિવારના બધા સભ્યો પણ સંતોષ અનુભવે છે.

આ ઘટના બાદ સોહમભાઈ પણ અંગદાન જાગૃતિ માટેના આ હવનમાં પોતાની આહુતિ આપવા આગળ આવ્યા. પોતે કોઈ કારણસર પિતાજીના હૃદયનું દાન ન કરી શક્યા એનો પણ ક્યાંક અફસોસ વ્યક્ત કરે છે, પણ પિતાના ચાર અંગો થકી ચાર લોકોને નવજીવન મળ્યું એ નિર્ણયથી ખૂબ ખુશ છે. અંગદાન જાગૃતિ ઉપરાંત સોહમભાઈ રક્તદાન શિબિર જેવાં કાર્યો કરીને પણ આ પુણ્યકામનો લહાવો લે છે અને સમાજની દરેક વ્યક્તિને પણ અંગદાન માટે આગળ આવવા અપીલ કરે છે.

પોતે કોઈ કારણસર પિતાજીના હૃદયનું દાન ન કરી શક્યા એનો પણ ક્યાંક અફસોસ વ્યક્ત કરે છે, પણ પિતાના ચાર અંગો થકી ચાર લોકોને નવજીવન મળ્યું એ નિર્ણયથી ખૂબ ખુશ છે. અંગદાન જાગૃતિ ઉપરાંત સોહમભાઈ રક્તદાન શિબિર જેવાં કાર્યો કરીને પણ આ પુણ્યકામનો લહાવો લે છે

# મુકેશભાઈ પટેલ: જનારને આમ અમર કરી શકાય

જો બારણું તૂટે તો સરખું કરાય પાછું,
વાતાવરણ એ ઘરનું ક્યાંથી લવાય પાછું.



વડોદરા ખાતે મુકેશભાઈ પટેલ તેમના પત્ની પન્નાબેન સાથે રહેતા હતા. એક દીકરો અને એક દીકરી બંને વિદેશમાં સુખ ચેનની જિંદગી જીવતા હતા. મુકેશભાઈ અને એમના પત્ની પણ ઘણીવાર સંતાનોને મળવા માટે વિદેશયાત્રા કરતા હતા. મુકેશભાઈ પોતે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલા અને બંને સંતાનો પણ ખૂબ સુખી એટલે 'આઠે પહોર આનંદમાં' એવી ઘડીઓ હતી. પણ એ આનંદ જાણે આટલો જ હોય એમ વડોદરાથી ભરૂચ તરફ જવા નિકળેલા મુકેશભાઈને કરજણ નજીક પહોંચતા ખૂબ ગંભીર અકસ્માત નડ્યો અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી.

ત્યારબાદ એમ્બ્યુલન્સ મારફતે તરત જ કરજણ ખાતેની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા અને પરિવારના સભ્યોને જાણ થતાં તેઓ પણ તરત જ ત્યાં પહોંચ્યા. બાદમાં જે તે હોસ્પિટલમાં વધુ સારવાર ઉપલબ્ધ ન હોઈ મુકેશભાઈને વધુ સારવાર માટે વડોદરા ખાતેની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ત્યાં સી ટી સ્કેન વગેરે રીપોર્ટસ કર્યા બાદ નિદાન થયું કે મુકેશભાઈને બ્રેન હેમરેજ થયું છે. તેમજ એના માટેની જરૂરી સારવાર પણ ત્યાં શરૂ કરવામાં આવી. પણ બધી સારવાર છતાં પણ મુકેશભાઈની તબિયતમાં કોઈ સુધારો જણાયો નહિ. આ દરમિયાન બંને સંતાનો પણ વિદેશથી આવી ચૂક્યા હતા.

એવામાં ફરજ પરના ડૉક્ટરે મુકેશભાઈને બ્રેન ડેડ જાહેર કર્યા. આ સંભાળતા પરિવારના બધા સભ્યોની આઘાતથી મૂઠ બની ગયા હવે શુંકરવું એ સમજાતું નહોતું. ત્યારબાદ ડૉક્ટર તરફથી અંગદાન કરવાની વાત કરવામાં આવી. પરિવારના સભ્યો પણ અંગદાન વિશે જાણતા હતા આથી સર્વાનુમતે અંગદાન

કરવાનો નિર્ણય લેવાયો જેમાં મુકેશભાઈના બે કિડની અને લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. આમ અંગદાન થકી મુકેશભાઈ એ ત્રણ લોકોને નવજીવન આપ્યું.

મુકેશભાઈ પત્ની પન્નાબેનના કહેવા મુજબ બ્રેન ડેડ જેવી સ્થિતિમાં અંગદાનનો નિર્ણય ચોક્કસપણે કરવો જ જોઈએ તેમજ આ નિર્ણય બની શકે એટલો જલ્દી કરીને મહત્તમ અંગોનું દાન કરવાથી કેટલીયે જિંદગીઓ બચાવી શકાય. વળી આપણાં સ્વજન પણ આ કાર્ય પછી અમર થઈ ગયાની લાગણી અનુભવે છે.

મુકેશભાઈ પત્ની પન્નાબેનના
કહેવા મુજબ બ્રેન ડેડ જેવી સ્થિતિમાં
અંગદાનનો નિર્ણય ચોક્કસપણે
કરવો જ જોઈએ તેમજ આ નિર્ણય
બની શકે એટલો જલ્દી કરીને
મહત્તમ અંગોનું દાન કરવાથી
કેટલીયે જિંદગીઓ બચાવી શકાય.

# છાયાબેન પટેલ: નવજીવનની પ્રેરણા



વડોદરા ખાતે રહેતા અને કિશોરભાઈ પટેલ સરકારના વીજળી વિભાગમાં ખૂબ સારી પોસ્ટ પર છે. એમના પત્ની છાયાબેન બેંકમાં નોકરી કરતા હતા. દંપતીના સંતાનમાં બે દીકરી છે, જે બંને હાલ કેનેડા ખાતે સ્થાયી છે. ખૂબ ઉમંગથી ભરેલા આ વૃક્ષમાં એક પાંદડું અચાનક કરમાઈ ગયું. ૨૦૨૧ના નવેમ્બર મહિનામાં આખું વિશ્વ કોરોના મહામારીના ફફડાટમાં હતું એ સમયે છાયાબેનને અચાનક શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. એ સમય જ એવો હતો આથી લાગ્યું કે કદાચ કોરોનાને લીધે શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હશે. આથી કિશોરભાઈ એ કપૂરની ગોળી સુંઘાડી તેમજ કોરોના વખતે શ્વાસ લેવામાં તકલીફ પડે તો ઘરે બેઠા કરી શકતા દરેક ઉપાય કર્યા કારણ કે ત્યારે હોસ્પિટલમાં ખાટલો મળવો ખૂબ મુશ્કેલ હતો. પણ છતાં એમની તબિયતમાં કોઈ સુધારો ન થયો. એમના મોઢેથી ફીણ નીકળવા લાગ્યું. પરિસ્થિતિ ગંભીર જણાતા તરત જ એમને હોસ્પિટલ લઈ જવાયા.

હોસ્પિટલ લઈ જઈને અમુક રીપોર્ટ્સ પછી જાણવા મળ્યું કે એમને હૃદયનો ગંભીર એટેક આવ્યો છે. એના માટે બધી જરૂરી સારવાર ચાલુ કરવામાં આવી અને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા. જીવન જરૂરી સપોર્ટ મળી જતા એમના ફેફસાં અને હૃદય તો ચાલુ થયા, પરંતુ મગજે સાથ આપવાનું છોડી દીધું. આથી છાયાબેનની તબિયત વધુને વધુ બગડતી ગઈ અને છેવટે એમને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. ત્યારબાદ કિશોરભાઈને ફરજ પરના ડૉક્ટર દ્વારા અંગદાન કરવાનું કહેવામાં આવ્યું. કિશોરભાઈને આ પહેલા ચક્ષુદાન સિવાયની માહિતી હતી નહિ. દીકરીઓ કેનેડાથી આવી રહી હતી ત્યારે આ નિર્ણય કિશોરભાઈ એ એકલાએ જ લેવાનો હતો. મનમાં હજારો વિચારોના વાવાઝોડા વચ્ચે પણ કિશોરભાઈને કંઈક પરમતત્વની પ્રેરણા થઈ કે એમને અંગદાન કરવાનો આ શુભ નિર્ણય

કર્યો. બાદમાં બંને દીકરીઓને આ વાત કરતા તેઓ પણ પિતાના નિર્ણય માટે સહમત થયા. છાયાબેનના બે કિડની, બે આંખો અને લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું.

કિશોરભાઈના જણાવ્યા અનુસાર પોતે વીજળી વિભાગમાં કામ કરે છે આથી એમના નીચેના કર્મચારીઓને જીવંત વાયરો સાથે કામ કરતા વેળા જીવન બચાવનારા સાધનો વાપરવાની અચૂક સલાહ આપે. એમના મતે એકવાર કોઈ અંગ ખરાબ થયું તો ગમે એટલા પૈસા ખર્ચતા પણ એ કામમાં નથી આવતું, તેથી અમુક અંગો- જેનું પ્રત્યારોપણ શક્ય છે તો એ અંગોનું દાન કરીને બીજાનું જીવન બચાવી શકાય તો એ નિર્ણય અચૂક લેવો જ જોઈએ.

એકવાર કોઈ અંગ ખરાબ થયું તો ગમે એટલા પૈસા ખર્ચતા પણ એ કામમાં નથી આવતું, તેથી અમુક અંગો- જેનું પ્રત્યારોપણ શક્ય છે તો એ અંગોનું દાન કરીને બીજાનું જીવન બચાવી શકાય તો એ નિર્ણય અચૂક લેવો જ જોઈએ.

# પંકજભાઈ ગજ્જર: આખા ભાવનગરને અંગદાન માટે પ્રેરિત કર્યું

તમે અડિયા બળિયા છડીયા મહારાજ
તારી લિલાયું અપરંપાર
કરતુમ અકરતુમ તારી કરામત
કોઈથી એ ન કળાએ



ભાવેણી નગરીમાં રહેતા, પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને ભગવાન સ્વામિનારાયણના ચુસ્ત સત્સંગી એટલે પંકજભાઈ ગજ્જર. પંકજભાઈ એમના પત્ની રેખાબેન, પુત્ર યોગીન સાથે રહેતા અને મોટી દીકરી શોભાબેનને સાસરે વળાવી દીધેલા. પંકજભાઈને ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખ સ્વામીમાં ખૂબ આસ્થા હતી અને એમના ચીંધેલા માર્ગે જીવન જીવતા હતા. શહેરના નાના મોટા ૭૦ જેટલાં બાળમંડળો જે સ્વામિનારાયણ સંસ્થા ચલાવતી એના નિયામક પણ હતા અને સાથે નાની બચતની યોજના થકી કેટલાયે લોકોના સપનાં સાકાર કરતા. પરોપકારની ભાવના અને લોકસેવા એમના માટે જીવનનું સૌથી મોટું લક્ષ્ય હતું.

દરમિયાન એક દિવસ સ્કૂટર પર જતા અકસ્માત થયો અને માથાના ભાગે ગંભીર ઈજા થઈ. તરત જ એમને હોસ્પિટલ લઈ જવાયા અને પરિવારના સભ્યો પણ ત્યાં પહોંચ્યા. મગજના સી ટી સ્કેન પછી ખબર પડી કે એમને બ્રેન હેમરેજ થયું હતું અને પરિસ્થિતિ રોજ બગડતી જતી હતી. એવામાં એમને વેન્ટિલેટર પર રાખવાની જરૂર પડી અને મગજે બિલકુલ સાથ છોડી દેતા બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ. નાનો દીકરો હજુ કૉલેજમાં પહેલા વર્ષમાં હતો. અચાનક આવી પડેલી આ આફતના લીધે પરિવારમાં બિલકુલ સન્નાટો છવાઈ ગયો. ફરજ પરના ડૉક્ટરે અંગદાન કરવાની વાત કરી. તે સમયે અંગદાન વિશે આજે છે એટલી જાગૃતિ નહોતી એથી સ્વાભાવિક

પહેલા થોડો ખચકાટ હતો.

પરિવારજનોએ ત્યાંના મંદિરના સંતોને આ પરિસ્થિતિની જાણ કરી. ત્યારબાદ પંકજભાઈના પુત્ર યોગીનભાઈ સાથે પ્રમુખ સ્વામી મહારાજ સાથે ટેલીફોનીક વાત કરાવવામાં આવી. મહારાજે એમને કીધું કે જેમની અહીંયા જરૂર છે એમની અક્ષરધામમાં પણ જરૂર છે અને જે કંઈ પણ સ્થિતિ સર્જાઈ એને પ્રભુનો આદેશ ગણીને આગળ વધવું અને જો આપણે અંગદાન થકી બીજાનું જીવન બચાવી શકીએ તો એ પણ ચોક્કસ કરવું જ જોઈએ. બાદમાં સમગ્ર પરિવારે અંગદાન માટે સહમતી આપી. અમદાવાદથી નિષ્ણાત ડોક્ટરોની ટીમ ભાવનગર આવી અને પંકજભાઈના બે કિડની, બે આંખો જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. આ સાથે સમગ્ર ભાવનગર શહેરમાં અંગદાન માટેનો આ સૌ પ્રથમ પ્રેરણા દાયક કિસ્સો બન્યો.

આ નિર્ણય થકી આજે પરિવાર ખૂબ સંતોષની લાગણી અનુભવે છે તેમજ સ્વામિનારાયણ સંસ્થાન દ્વારા પણ વિવિધ કાર્યક્રમોમાં આ કિસ્સો યાદ કરીને સત્સંગી ભક્તોને અંગદાન કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે. આવા પાવનકારી સંતોના આશીર્વાદ થકી જ અંગદાન જાગૃતિને પૂરતો વેગ મળી રહે એમ છે.

પંકજભાઈના પુત્ર યોગીનભાઈ સાથે પ્રમુખ સ્વામી મહારાજ સાથે ટેલીફોનીક વાત કરાવવામાં આવી. મહારાજે એમને કીધું કે જેમની અહીંયા જરૂર છે એમની અક્ષરધામમાં પણ જરૂર છે અને જે કંઈ પણ સ્થિતિ સર્જાઈ એને પ્રભુનો આદેશ ગણીને આગળ વધવું અને જો આપણે અંગદાન થકી બીજાનું જીવન બચાવી શકીએ તો એ પણ ચોક્કસ કરવું જ જોઈએ.

# જીલુબેન જોગરાણાઃ મિશન જિંદગીના પથદર્શક બન્યા

કાઠિયાવાડમાં કોકદિ ભૂલો પડને ભગવાન
થાને અમારો મેમાન
તારા એવા કરું સન્માન
તને સ્વર્ગ રે ભૂલાવું શામળા



કાઠીયાવાડ માટે લખાયેલા આ દુહાની ખરી સાર્થકતા જોવી હોય તો કોઈક માલધારીના નેસડામાં જવું પડે. માલધારી એટલે મૂળ માલઢોર રાખે એ બધા જેમાં મોટા ભાગે ભરવાડ, ચારણ, આહીર, રબારી વગેરે સમાજનો સમાવેશ થાય. આ લોકો પાસે કોઈ પંડિતો જેવું જ્ઞાન નથી કે નથી કોઈ વેદની ઋચાઓના પંડિત પણ ભગવાનને પણ જે સ્વર્ગ ભુલાવી દે એ છે માણસ માત્ર પ્રત્યેનો પ્રેમ. ચેલૈયાએ પોતાના પુત્રના ભોગે ભગવાનને રાજી રાખેલા એવી દંતકથા છે, એમ આજે એક ઘટનામાં અંગદાન થકી મુરલીધરને રાજી કર્યા છે. ભરવાડ સમાજના ભોજાભાઈ જોગરાણા એમના પત્ની જીલુબેન, બે દીકરા અને એક દીકરી સાથે ભાવનગરના મહુવા તાલુકાના એક નાનકડા ગામમાં રહે અને રિક્ષાને સહારે ગુજરાન ચલાવે. આર્થિક પરિસ્થિતિ નબળી હોઈ બંને દીકરાઓ પણ છૂટક કામ કરી લે.

એવામાં જાણે આ જ કુટુંબની પરીક્ષા થવાની હોય તેમ એક દિવસ માતાજીના દર્શને જતા જીલુબેન રિક્ષામાં બેઠા હતા અને અચાનક ચક્કર આવી જતા નીચે પડી ગયા. થાના ભાગે ઈજા થતાં બેભાન જેવી સ્થિતિ સર્જાઈ. નજીકના દવાખાને જતા ડૉક્ટરની સલાહ પ્રમાણે ભાવનગર ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. ત્યાં મગજનો સી ટી સ્કેન વગેરે રીપોર્ટસ કર્યા બાદ નિદાન થયું કે એમને બ્રેન હેમરજ થયું છે અને હવે બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે તો સારવાર બાબતે કશું થઈ શકે એમ છે નહિ. આ સંભાળતા જ પરિવારના સભ્યો ઊંડા કલ્પાંતમાં

ડૂબી ગયા. એ દરમિયાન જીલુબેનના ભાઈ રામભાઈ ત્યાં હાજર હતા. એમને ફરજ પરના ડૉક્ટરે અંગદાન કરવા માટે સમજાવ્યું. હવે આ સૌરાષ્ટ્રના નાનકડા ગામમાં રહેતા લોકોને અંગદાન વિશે તો ક્યાંથી ખબર હોય પણ એમને જ્યારે એવું સમજાવ્યું કે તમે આ કામ થકી ૫-૬ લોકોના જીવન બચાવી શકો ત્યારે તરત જ રામભાઈ એ પરિવારના દરેક સભ્યોને એના માટે સમજાવ્યા અને અંગદાન કરવાનો નિર્ણય કર્યો. બાદમાં અમદાવાદ ખાતેની ટીમ આવી અને જીલુબેનના બે કિડની, બે આંખો અને લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું.

આજે પણ સમગ્ર પરિવાર એ જ સ્થિતિમાં જીવે છે. જીલુબેનના અંગો કોને મળ્યા એ પણ કંઈ ખબર નથી છતાં એમના થકી પાંચ જિંદગી બચી એ વાતનો ખૂબ સંતોષ અનુભવે છે. આ ઘટના બાદ રામભાઈ એ અંગદાન માટે જાગ્રતિ ફેલાવવાનું બીડું ઉઠાવ્યું અને આજ સુધીમાં લગભગ ૭-૮ પરિવારોને સમજાવીને અંગદાન કરાવ્યું છે. સામાજિક પ્રસંગે કે મેળવડામાં જાય ત્યારે સમાજમાં અંગદાન જાગૃતિ માટેના પ્રયત્નો કરતા રહે છે.

સૌરાષ્ટ્રના નાનકડા ગામમાં રહેતા લોકોને અંગદાન વિશે તો ક્યાંથી ખબર હોય પણ એમને જ્યારે એવું સમજાવ્યું કે તમે આ કામ થકી ૫-૬ લોકોના જીવન બચાવી શકો ત્યારે તરત જ રામભાઈ એ પરિવારના દરેક સભ્યોને એના માટે સમજાવ્યા અને અંગદાન કરવાનો નિર્ણય કર્યો.

# શશિકાન્તભાઈ ભટ્ટી: ડૉક્ટર પોતે દીવાદાંડી બન્યા

શરીર થોડું માત્ર જીવિત છે
ઔપચારિકતા પહેલાં પોકારું હું
કોક તો મારું વિચારી કરો પહેલ
અંગદાન થકી જીવતો રહું હું



ડૉ. શશીકાંતભાઈ ભટ્ટી ભાવનગર ખાતે એમના પત્ની અને બે દીકરાઓ સાથે રહેતા. એક દીકરો ડૉક્ટર અને બીજો મેડિકલ સ્ટોર ચલાવે. પોતે છ ભાઈઓ જેમાં પોતાના સહિત ત્રણ ભાઈ ડૉક્ટર અને બાકીના ત્રણ એન્જિનિયર. એમના માતા-પિતા પણ ડૉક્ટર હતા અને વળી બા-દાદા પણ વૈદ્ય હતા. આમ ત્રણ પેઢીથી મેડિકલ સાથે સંકળાયેલો પરિવાર. આમ તો આટલો મોટો છતાં સુખી પરિવાર એ ઈશ્વરના મોટા વરદાન બરાબર હોય છે. ડૉ. શશીકાંતભાઈ પોતે પ્રાઈવેટ પ્રેક્ટિસ સાથે હોમિયોપેથીક કોલેજમાં પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા હતા. એવામાં એક દિવસ બહાર ગયેલા ત્યાંથી ઘરે પાછા ફરતા સ્કૂટર પર હતા અને પાછળથી મોટા ટ્રકની અડફેટે આવી ગયા અને ફંગોળાઈને દૂર પડ્યા. એમના માથાના ભાગે ગંભીર ઈજા થયેલી. સ્થળ પરથી તરત જ એમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. અને પરિવારના સભ્યોને જાણ થતાં તેઓ પણ હોસ્પિટલ ખાતે દોડી ગયા.

હોસ્પિટલમાં સી ટી સ્કેન વગેરે રીપોર્ટસ અને જીવન જરૂરી સારવાર ચાલુ કરવામાં આવી. નિદાનમાં બ્રેન હેમરેજ આવ્યું. આમ તો પરિવારમાં ત્રણ ડૉક્ટર હોવાથી ખાસ કંઈ સમજાવવું પડે એવું હતું નહિ પણ દરેકને ખ્યાલ આવી ગયો કે પરિસ્થિતિ ખૂબ ગંભીર છે. ત્યારબાદ એમની તબિયત સમય જતા વધુને વધુ બગડતી ગઈ અને પરિવાર હજુ અમદાવાદ વધુ સારવાર માટે લઈ જવાનું અમલમાં મૂકે એ પહેલા જ એમને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. મેડિકલ

ક્ષેત્રમાંથી ઘરના આટલા સભ્યો હોવાથી બ્રેન ડેડ સમજી શકતા હતા. હવે સારવાર અર્થે વધુ કંઈ થઈ શકે એમ નહોતું.

આ વખતે ત્યાંના જાણીતા ડૉક્ટર અને અંગદાન જાગૃતિનું કામ કરીને કેટલાયે લોકોને નવજીવન આપનારા એવા શ્રી ડૉ કા. સાહેબના કહેવાથી સમગ્ર પરિવારે તરત જ અંગદાન માટેનો નિર્ણય કર્યો. ડૉ. શશીકાંતભાઈના બે કિડની, બે આંખો તેમજ લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. એટલું જ નહિ પણ અંગદાન જાગૃતિ માટેના પોસ્ટર એમના બેસણામાં લગાવ્યા અને પરિવારના સર્વે ડૉક્ટર સભ્યો પોતાના દવાખાને પણ અંગદાન જાગૃતિ માટેના પોસ્ટર લગાવીને અને સમાજમાં જાગૃતિ ફેલાવીને સૌને અંગદાન માટેની પ્રેરણા પૂરી પાડે છે.

ડૉ. શશીકાંતભાઈના બે કિડની, બે આંખો તેમજ લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. એટલું જ નહિ પણ અંગદાન જાગૃતિ માટેના પોસ્ટર એમના બેસણામાં લગાવ્યા

# મનન વોરા દિકરો તો ચાલ્યો ગયો પણ બીજાને જીવાડતો ગયો !



અંગદાન જાગૃતિ માટે અને બ્રેન ડેડ વખતે અંગોના દાન માટે ભાવનગર જિલ્લો ગુજરાતમાં અગ્રેસર રહ્યો છે. એનું કારણ લોકોમાં આવી રહેલી જાગૃતિ અને ડૉ. કાબરિયા સાહેબ જેવા સેવાભાવી ડોક્ટર્સ છે. ભાવનગર મહારાજ અને જોગીદાસ ખુમાણની વચ્ચેનું સમાધાનનું કારણ મહારાજા કૃષ્ણકુમારસિંહજીના પુત્રના અવસાનને લીધું થયું એમ આજના સમયમાં પણ એવા જ એક ફુલડાએ બલિદાન આપીને અંગદાન માટેની કાયાપલટ કરી છે.

ભાવેણા નગરીમાં રહેતા અને વકીલાત કરતા જૈન સમાજના હિમાંશુભાઈ વોરા એમના પત્ની નીતાબેન, માતા રંજનબેન અને ૧૧ વર્ષના પુત્ર મનન સાથે સુખેથી જીવન જીવતા હતા. એવામાં દિવાળી પછીની રજાઓ માટે હિમાંશુભાઈ એમના પત્ની અને પુત્ર સાથે દીવ ખાતે ફરવા ગયેલા અને ૨-૩ દિવસ ખૂબ મજા કર્યા બાદ સવારે હોટેલમાંથી ચૅકઆઉટ કરીને ભાવનગર આવવા નીકળવાનું હતું. એવામાં સવારે ઉઠતાં જ પુત્ર મનનને આંખે ઓછું દેખાવા લાગ્યું અને ઉલટી ઉબકા જેવી તકલીફો થવા લાગી. થોડી જ ક્ષણોમાં આંખે દેખાવાનું ઘટતું ગયું તે દરમિયાન હિમાંશુભાઈની નજર તેઓ જે ખાટલા પર સૂતા હતા એના પર પડી અને જોયું તો ત્યાં સાપ હતો. આથી એમને શંકા ગઈ કે કદાચ સર્પદંશ થયો હોઈ શકે એટલે તરજ જ તેઓ મનનને લઈને દીવની સરકારી હોસ્પિટલ ખાતે દોડી ગયા. જ્યાં પ્રાથમિક સારવાર કરવામાં આવી પણ વધુ સારવાર માટે ઉના જવું પડે એવી સ્થિતિ હતી. તરત જ એમ્બ્યુલન્સ મારફતે મનનને ઉના ખાતેની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો.

ઉના ખાતેની હોસ્પિટલમાં લઈ જવાતા ત્યાં હાલત ગંભીર જણાઈ અને હૃદયના ધબકારા ઘટતા જતા હતા. ફરજ પરના ડૉક્ટર એ તાત્કાલિક

આઈ.સી.યુ. માં દાખલ કરીને સઘન સારવાર શરૂ કરી. એ સારવારથી હૃદય તો કામ કરવા લાગ્યું, પણ મગજ હજુ ગંભીર સ્થિતિમાં હતું. મગજના ડૉક્ટર પાસે સારવાર અર્થે મનનને ભાવનગર શહેરની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો જ્યાં મગજના તજજ્ઞ ડૉક્ટરના માર્ગદર્શન નીચે સારવાર ચાલુ કરવામાં આવી. આમ છતાં પણ પરિસ્થિતિ ખૂબ ગંભીર બની અને મનનને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યો. આ સંભાળતા જ પરિવારના બધા સભ્યોની આંખે જાણે અંધારા આવી ગયા. એ સ્થિતિમાં ફરજ પરના ડૉક્ટર દ્વારા મનનના અંગોનું દાન કરવામાં આવે તો બીજા અનેક મનનને બચાવી શકાય એવું સમજાવ્યું. આવી પરિસ્થિતિમાં કોઈપણ પરિવાર માટે આ નિર્ણય લેવો એ ખૂબ કઠિન હોય છે. પહેલાં તો એમને ખાસ ઈચ્છા વ્યક્ત ન કરી, પરંતુ બાદમાં ડૉક્ટરના માર્ગદર્શન પછી પરિવારના બધા સભ્યો અંગદાન માટે સમંત થયા. મનનના બે કિડની અને લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું.

પુત્રના આમ અચાનક ચાલ્યા જવાના વિયોગમાં બેઠેલો આખોયે પરિવાર બીજા પરિવારના મનનને નવજીવન મળ્યું એ વાતથી સંતોષ થયો. આ સાથે સમગ્ર જૈન સમાજમાં પણ આ શુભ કાર્યની સુગંધ પ્રસરી અને સમાજમાં પણ અંગદાન પ્રત્યે જાગ્રતિ આવી.

મનનને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યો. આ સંભાળતા જ પરિવારના બધા સભ્યોની આંખે જાણે અંધારા આવી ગયા. એ સ્થિતિમાં ફરજ પરના ડૉક્ટર દ્વારા મનનના અંગોનું દાન કરવામાં આવે તો બીજા અનેક મનનને બચાવી શકાય એવું સમજાવ્યું.

# ભૂપેન્દ્રસિંહ રાવના પત્નીના હિંમતભર્યા નિર્ણયે બીજાનું જીવન બચાવ્યું



દરેક યુદ્ધમાં ક્ષત્રિયો એ એમના બલિદાન થકી આ દેશની આબરૂ સાચવી છે. આજે જે વાત કરવી છે એ એવા જ એક મરદ ક્ષત્રિયની છે જેમને પોતાની વીરગતિ થકી બીજાને જીવનદાન આપ્યું છે.

ભૂપેન્દ્રસિંહ રાવ એમના પત્ની યજ્ઞેશબેન સાથે અમદાવાદ ખાતે એમના પિતરાઈ ભાઈ દલપત સિંહ સાથે રહેતા હતા. પોતે પાંચ ભાઈઓ હતા અને એમાં પોતે સૌથી નાના હતા. મોટા ચારેય ભાઈઓ દેવલોક પામેલા. પોતે પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા અને કોઈ સંતાન ન હોવાથી પોતાના પિતરાઈ ભાઈ સાથે રહેતા હતા. ૨૦૧૮માં એમને હૃદય રોગનો હુમલો આવેલો અને એના માટે સ્ટેન્ટ મુકાવેલા. તે સમયે પણ પરિસ્થિતિ ગંભીર હતી પણ માતાજીના આશીર્વાદથી બચી ગયેલા. જોકે હવે કંઈક અલગ થવાનું હશે એમ ૨૦૨૦ના ડિસેમ્બર મહિનામાં એમને બ્રેન સ્ટ્રોક આવ્યો જેની સારવાર માટે તરત જ અમદાવાદ ખાતેની સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં સી ટી સ્કેન કરાવતી વખતે એમને બીજો સ્ટ્રોક આવ્યો અને કોમામાં સરી પડ્યા. તરત જ આઈ.સી.યુ.માં દાખલ કરાયા અને જીવન જરૂરી બધી સારવાર ચાલુ કરવામાં આવી.

કોરોના મહામારીના આ સમયમાં બરાબર એ જ વખતે એવું બન્યું કે ભૂપેદ્રસિંહજીના પત્નીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો અને સિવિલ હોસ્પિટલમાં કોરોના માટેની ખાસ ફાળવેલી ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. એક તો કોરોનાનો અઘરો સમય ઉપરથી આ બંને જણ હોસ્પિટલમાં દાખલ એવા સમયમાં એમના ભાઈ દલપતસિંહ અને એમનો પરિવાર બંનેની કાળજી લેતો હતો. તમામ કોશિશ બાદ પણ ભૂપેદ્રસિંહજીની તબિયતમાં કંઈ ખાસ ફરક પડતો ન હતો અને આખરે

બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ. જેમાં ફરજ પરના ડૉક્ટર દ્વારા અંગદાન કરવાનું જણાવ્યું. આમ તો પરિવારમાં એક વખત અંગદાન કરવાની સ્થિતિ આવેલી પણ એ સમયે અમુક શારીરિક કારણોસર એ શક્ય ન બન્યું એ ઘટના દલપત સિંહને યાદ આવી અને પોતે ભાઈના અંગદાન કરવા માટે તૈયારી બતાવી પરંતુ આખરી નિર્ણય યજ્ઞેશબેનનો હતો. કોરોના જેવી વિકટ પરિસ્થિતિમાં જ્યારે કોઈ વ્યક્તિ હોસ્પિટલમાં પગ મૂકવા રાજી નહોતું એવા સમયે અંગદાન જાગૃતિ માટે લાગણીશીલ ડૉક્ટર અને દલપત સિંહ પી.પી.ઈ. કીટ પહેરીને યજ્ઞેશબેનની મુલાકાત માટે કોરોના હોસ્પિટલમાં ગયા. ત્યાં જતાં તરત જ યજ્ઞેશબેને ભૂપેદ્રસિંહજીની તબિયત વિશે પૂછ્યું અને સૌએ કચવાતી જીભે સાચી પરિસ્થિતિની જાણ કરી. આ સાંભળતા જ બેનની આંખો ભીની થઈ ગઈ કારણ કે જીવનનો એકમાત્ર સહારો અને જીવન સાથી આજે મરણ પથારીએ સૂતેલો હોય ત્યારે ભારતવર્ષની કઈ સ્ત્રીને દુઃખ ન થાય. એવામાં સૌએ બેનને અંગદાન વિશે સમજાવ્યું. આમ તો બધાને એવું હતું કે આવી ગંભીર પરિસ્થિતિ હોય આ નિર્ણય કરવો ખૂબ અઘરો પડશે. પણ યજ્ઞેશબેને તરત જ બીજાના જીવન બચાવવા માટે અંગદાન કરવાની સંમતિ આપી.

બાદમાં ભૂપેદ્રસિંહજીના હૃદય, બે કિડની અને લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. આ દેશ અહીંના ક્ષત્રિયોનો જેટલો આભારી છે એટલો જ આભારી ક્ષત્રિયાણીનો પણ છે કારણ કે દેશ અને દેશના લોકોના જીવન માટે યુદ્ધ હોય કે અંગદાન દરેકમાં પોતાના સ્નેહીઓના બલિદાન થકી આપણી અસ્મિતા ઉજાગર રાખી છે. બાદમાં દલપત સિંહ અને પરિવાર દ્વારા ભૂપેદ્રસિંહજીનો પાર્થિવ દેહ માદરે વતનમાં લઈ જઈને એમની અંતિમ વિધિ કરવામાં આવી અને સમગ્ર સમાજમાં પણ અંગદાન માટેનો શુભ સંદેશ પહોંચાડ્યો. દલપત સિંહ પોતે પિતરાઈ ભાઈ હોવા છતાં સગો ભાઈ ન કરી શકે એટલી સેવા ભાઈ અને ભાભીની કરી છે અને કદાચ આજ કુટુંબ ભાવનાને લીધે આપણી સંસ્કૃતિ **'वसुधैव कुटुंबकम्'** ની ગણાય છે.

જીવનનો એકમાત્ર સહારો અને જીવન સાથી આજે મરણ પથારીએ સૂતેલો હોય ત્યારે ભારતવર્ષની કઈ સ્ત્રીને દુઃખ ન થાય. એવામાં સૌએ બેનને અંગદાન વિશે સમજાવ્યું. આમ તો બધાને એવું હતું કે આવી ગંભીર પરિસ્થિતિ હોય આ નિર્ણય કરવો ખૂબ અઘરો પડશે. પણ યજ્ઞેશબેને તરત જ બીજાના જીવન બચાવવા માટે અંગદાન કરવાની સંમતિ આપી.

# ગીરીશચંદ્ર જોષી: આંખ બંધ થતા પહેલાં સરહદના સૈનિકની ચિંતા



મહીસાગર જિલ્લાના લુણવાડામાં ગિરીશચંદ્રભાઈ જોષી એમના બે પુત્રો અને પત્ની સાથે રહેતા અને પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે હોવાથી બાળકો પ્રત્યે ખૂબ લગાવ હતો તેમજ ભારતની સીમાઓ પર સ્થિત સૈનિકો પ્રત્યે ખૂબ લગાવ હતો. દેશ પ્રેમ સાથે જોડાયેલી આ વ્યક્તિ દેશના લોકો માટે ખૂબ ઉમદા કામ કરીને ગયા છે.

એક દિવસ અચાનક અકસ્માતે ગિરીશભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થઈ. તેની સારવાર માટે તરત જ એમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાંથી ડૉક્ટરની સલાહ મુજબ વધુ સારવાર માટે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. ત્યાં જઈને સિટી સ્કેન વગેરે રીપોર્ટસ કર્યા બાદ બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું અને એના માટે મગજનું ઓપરેશન કરવું પડે એવું હતું. ખૂબ ટૂંકા સમય બાદ એમના મગજનું ઓપરેશન કરીને જમાં થયેલી લોહીની ગાંઠો કાઢવા માટેના પ્રયત્નો સફળ થયા અને એમની તબિયતમાં સુધારો જણાયો.

થોડા દિવસ સારું રહ્યા પછી ફરી તબિયત બગડવા લાગી આવી ઉથલ પાથલ લગભગ એક મહિના સુધી સિવિલ હોસ્પિટલ ખાતે ચાલી. છેવટે કદાચ ગિરીશભાઈને ઈશ્વરનો કોઈ સંદેશ મળી ગયો હોય એમ એમણે કાગળ અને પેન મંગાવ્યા. એમાં પોતે લખ્યું કે હવે લાગે છે કે હું બચી શકવાનો નથી આથી મને દાહ આપતા પહેલા મારા અંગોનું દાન કરી દેજો. મારા શરીરના તમામ અંગો કાઢીને બીજાને જીવનદાન આપજો. મારા હાથ પણ કાઢીને સરહદ પર લડતા ઘાયલ થયેલા સૈનિકને જરૂર પડે તો આપી દેજો. જીવનની આ ક્ષણે આવે ત્યારે મોટા ભાગના લોકો એવું ઈચ્છતા હોય છે કે મને હજુ વધારે સારી હોસ્પિટલમાં

લઈ જઈને સાજો કરો પણ આ મહાત્માએ પોતાના બલિદાન થકી બીજાના જીવન બચાવવા માટેનો સંકલ્પ કર્યો. બાદમાં એમની સારવાર ચાલતી ગઈ પણ તબિયતમાં સુધારો ન આવતા આખરે બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ.

આમ તો પોતે જ અંગદાન કરવાનું કહેલું એટલે બીજી કઈ રાહ જોવાની હતી નહિ. એમના બંને પુત્રો અને પત્ની પણ અંગદાન માટેના ગિરીશભાઈના સંકલ્પ સાથે સંમત થયા. ૨૦૨૨ના જાન્યુઆરી મહિનામાં ગીરીશભાઈના લીવરનું દાન કરવામાં આવ્યું અને એના થકી બીજાને જીવનદાન મળ્યું. ગિરીશભાઈને મરણ પથારીએ સૂતી વેળાએ પણ અંગદાનનો આવો શુભ સંકલ્પ થયો એનાથી મોટી આત્માની શાંતિ બીજી શું હોય શકે? ધન્ય છે ગિરીશચંદ્રભાઈ જોષી અને એમના પરિવારને.

**જીવનની આ ક્ષણે આવે ત્યારે મોટા ભાગના લોકો એવું ઈચ્છતા હોય છે કે મને હજુ વધારે સારી હોસ્પિટલમાં લઈ જઈને સાજો કરો પણ આ મહાત્માએ પોતાના બલિદાન થકી બીજાના જીવન બચાવવા માટેનો સંકલ્પ કર્યો.**

# વિજયભાઈ રાવળ
# ના અંગદાને આખા સમાજને જગાડ્યો



મહેસાણા જિલ્લાના વિજાપુરના એક નાનકડા ગામમાં રહેતા વિજયભાઈ રાવળ એમના પત્ની અને નાનકડી બાળકી વામિકા સાથે રહેતા હતા. પોતે હમણાં જ પ્રાઈવેટ નોકરી ચાલુ કરેલી. એમના ભાઈ પ્રકાશભાઈ પણ મજૂરી કરીને જીવન નિર્વાહ કરતા હતા. પણ કોને ખબર હતી કે નાનકડી દીકરીને આજીવન પોતાની છત્રછાયા વગર જ જીવી લેવાનું છે.

વિજયભાઈ એમના મિત્ર સાથે ઘરેથી મહેસાણા જવા એમના વાહન પર નિકળેલા એવામાં રસ્તામાં એમનો ગંભીર અકસ્માત થયો. સ્થળ પર તરત જ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. એમના મિત્રને વધારે ઈજા થઈ હોવાના કારણે હોસ્પિટલ પહોંચતા જ મૃત ઘોષિત કરવામાં આવ્યા. વિજયભાઈને પગ અને માથાના ભાગે ઈજા હતી પણ પોતે ભાનમાં હતા. નાકમાંથી લોહી નીકળતું હતું. તરત જ પરિવાર દ્વારા વધુ સારવાર માટે મહેસાણા ખાતેની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં મગજનો સી ટી સ્કેન વગેરે રીપોર્ટસ કર્યા બાદ બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું અને વધુ સારવાર માટે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બધી સારવાર છતાં એમની તબિયતમાં સુધારો જણાયો નહિ અને વેન્ટિલેટર પર મૂકવામાં આવ્યા અને કોમા અને

ત્યારબાદ બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ. આ સંજોગોમાં ડૉક્ટરે પરિવારને અંગદાન કરવા માટે જણાવ્યું. ફરજ પરના ડૉક્ટર દ્વારા સંપૂર્ણ માહિતી આપ્યા બાદ પરિવાર અંગદાન માટે સંમત થયો. વિજયભાઈના આંતરડા, બે કિડની, લીવર અને બે ફેફસાં જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. વિજયભાઈ એ અંગદાન થકી છ લોકોને નવજીવન આપ્યું. પરિવારના મતે જેમ દેશની સરહદ પર સૈનિક લડતા લડતા દેશ માટે શહીદ થયા એમ વિજયભાઈની શહીદી પણ દેશના છ લોકોને નવજીવન આપતી ગઈ. સમગ્ર પરિવાર અને સ્થાનિક સમાજમાં આ ઘટના પછી અંગદાન બાબતે ખૂબ જાગૃતિ આવી છે અને ભવિષ્યમાં પણ ફરી આવું ઘટના થાય તો અંગદાન કરવા માટે કટિબદ્ધ છે.

**વેન્ટિલેટર પર મૂકવામાં આવ્યા અને કોમા અને ત્યારબાદ બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ. આ સંજોગોમાં ડૉક્ટરે પરિવારને અંગદાન કરવા માટે જણાવ્યું.**

# તુષારભાઈ પૂજારાની ઈચ્છા પત્નીએ સહર્ષ પૂરી કરી



તુષારભાઈ તેમના પત્ની દીપ્તિ બેન અને પુત્રી ધાર્મિ સાથે રહેતા. વ્યવસાયમાં તેમને પોતાની એક સ્ટેશનારીની દુકાન હતી અને રબર સ્ટેમ્પનું કામ પણ સાથે કરતા. સ્વભાવે એકદમ સરળ વ્યકિત. પરિવારની જવાબદારી બધી એમના પર હતી. અમદાવાદથી તેઓ વ્યાપારના માલની આપ-લે કરતા.

તેમને માથું દુખવાની ફરિયાદ કાયમ રહેતી પણ પોતે ક્યારેય પરિવારજનોને તકલીફ ના થાય એટલે જણાવતા નહિ અને દવા લઈને કામ ચલાવી લેતા. એક દિવસ આ જ રીતે અમદાવાદથી સમાન લઈને પાછા આવેલા અને માથું સખત દુખતું હતું. એમાંથી એમને આંચકી આવી અને બેભાન થઈ ગયા. એમના પત્ની તાત્કાલિક એમને હોસ્પિટલ લઈ ગયા જ્યાં ડૉક્ટર એ જણાવ્યું કે બ્રેઈનમાં ટયુમર છે. એમનું ઓપરેશન કરવું પડશે. એની સાથે કેન્સર સેકંડ સ્ટેજ પર હતું.

ત્યાં સારવાર પૂરી થયા બાદ ફરીથી ૧૦ મહિના પછી આંચકી આવી અને એ વખતે ટયુમરની સાઈઝ મોટી થઈ ગઈ હતી અને કેન્સરમાં લાસ્ટ સ્ટેજ આવી ગયું હતું. ત્યારે તેમનું ફરી ઓપરેશન કર્યું અને કીમો થેરાપીથી સારવાર કરવી. પણ તુષારભાઈને ત્રણ મહિના પછી ફરીથી તકલીફ પડી.

ડૉક્ટર એમને અમદાવાદ ખસેડવાની સલાહ આપી. તુષારભાઈને ત્યાંથી અમદાવાદ ડૉ. પરિમલ ત્રિપાઠીના ત્યાં લઈ ગયા અને ફરી ઓપરેશન કર્યું. ડોકટર સાહેબ જણાવ્યું કે હવે બધું કુદરતના હાથમાં છે ગમે ત્યારે ગમે તે બની શકે અને તુષારભાઈનો જીવ જઈ શકે એમ છે.

તુષારભાઈએ જ્યારે એમનું બીજીવાર ઓપરેશન થઈ ગયું એના પછી એમના પત્નીને વાત કરેલી કે મારે પણ અંગદાન કરવું છે. એમને કોઈ વિડિયો જોઈને એ પ્રેરણા મળેલી. કુદરતે એમને જાણે અણસાર આપી દીધો હતો એમ એમણે પોતાની ઈચ્છા દિપ્તીબેનને જણાવી. એના પછી જ્યારે ડૉક્ટરે એમને બ્રેઈન ડેડ જાહેર કર્યા અને કહ્યું કે હવે વેન્ટિલેટર પર છે ત્યાં સુધી જ એ જીવે છે. ત્યારે દિપ્તીબેન એ હિમ્મત દાખવી અને નિર્ણય લીધો અંગદાનનો.

પતિની ઈચ્છા પૂરી કરી અને તુષારભાઈના લીવર બે કિડનીનું દાન કર્યું. દિપ્તીબેન જણાવે છે કે મારા પતિ આજે હયાત નથી પણ એમના અંગો આ દુનિયામાં જ છે જે કોઈને જીવન દાન આપીને ગયા છે.

તુષારભાઈએ જ્યારે એમનું બીજીવાર ઓપરેશન થઈ ગયું એના પછી એમના પત્નીને વાત કરેલી કે મારે પણ અંગદાન કરવું છે. એમને કોઈ વિડિયો જોઈને એ પ્રેરણા મળેલી. કુદરતે એમને જાણે અણસાર આપી દીધો હતો એમ એમણે પોતાની ઈચ્છા દિપ્તીબેનને જણાવી.

# મંગુબેન બારૈયાઃ અજાણ્યું પાત્ર,
# જેને આજે બધા નામથી ઓળખે છે

સોરઠ અમારી જગ જૂની
અને જગ જૂનો ગઢ ગિરનાર
જેના સાવજડા સેંજળ પીવે
જેના નમણા નર ને નાર



સાવજના હેઠા પાણી પીને સાવજ જેવા હૈયાવાળા સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લાના નવા રતનપર ગામે મગનભાઈ બારૈયા અને એમના પત્ની મંગુબેન બારૈયા રહેતા હતા. આમ તો આખા ગામમાં બારૈયા પરિવારના ઘણા ઘર હતા અને પોતે ખેતીવાડી અને કડિયાકામ જેવા નાના મોટા કામ કરીને ગુજરાન ચલાવતા હતા. એક દિવસ કુદરત પણ કસોટી કરવા અહીંયા જ આવી હશે એમ રોટલા મૂકવાના ડબ્બામાંથી સાપ નીકળ્યો અને ઘરના રસોડામાં કામ કરતા મંગુબેનને સર્પદંશ થયો.

ગામડાંની જૂની આસ્થા મુજબ તરત જ એ લોકો ભૂવા પાસે દાણા જોવરાવા ગયા. પણ માતાજીના ભૂવાએ પણ એમને દવાખાને જવા માટે વિનંતી કરી. એટલું જ નહિ પણ દવાખાને લઈ જવા માટે પોતે ખિસ્સામાંથી અમુક પૈસા કાઢીને પણ આપ્યા. આજે જ્યારે કેટલાયે ધુતારાઓ ધર્મને નામે લોકોને બેવકૂફ બનાવે છે ત્યારે આવા માણસો મળવા એ ખૂબ મોટી વાત છે. બાદમાં મંગુબેનને ભાવનગર ખાતેની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા. જ્યાં સમય જતા બધી સારવાર છતાં એમની તબિયતમાં સુધારો જણાયો નહિ અને બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ.

ડૉક્ટર દ્વારા અંગદાન કરવાનું કેહવામાં આવ્યું. પણ ગામડાનો આ સાદો માણસ અંગદાન વિશે બાપડો શું જાણવાનો એટલે પહેલા ખચકાટ થયો. બાદમાં એમના દૂરના ભાઈ અને પત્રકાર જેઓ અંગદાન અને આરોગ્ય જાગૃતિ માટે કામ કરે છે એવા નારણભાઈ બારૈયાનો સંપર્ક કરવામાં આવ્યો. નારણભાઈ એ પોતે

પહેલા અંગદાન વિશે લેખો લખેલા પણ એમના પરિવારના આ લોકોને સમજાવતા પહેલા પોતે પણ દરેક બાબતનો અભ્યાસ કર્યો અને બાદમાં એમને અંગદાન કરવા માટે આગ્રહ કર્યો. તેમ છતાં પરિવારને આ અંગો કોઈ વેચી નાખશે અથવા આત્માને મોક્ષ નહીં મળે એવી માનસિકતા હતી.

પણ ભાવનગર ખાતેના ખૂબ પ્રખ્યાત અને અંગદાન માટે ભાવનગરને જેમણે મોખરે રાખ્યું છે એવા ડૉ. કાબરિયા સાહેબ અને જેમણે પોતાના પુત્રનું અંગદાન કર્યું છે એવા વકીલ હિમાંશુભાઈ વોરા પણ રૂબરૂ આવીને પરિવારને અંગદાન માટેની બધી હકીકત જણાવી. બધાના પ્રયત્નોથી આખરે પરિવાર અંગદાન માટે સંમત થયો. ત્યારબાદ મંગુબેનના બે કિડની અને લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. મંગુબેન સમગ્ર સમાજ માટે અંગદાનનું શ્રેષ્ઠ ઉદાહણ પૂરું પાડીને ગયા છે. ગામના બધા લોકો કાલ સુધી કદાચ જેમને ઓળખતા પણ નહોતા એ બહેન આજે લોકો વચ્ચે નથી પણ લોકનાયક તરીકે યાદ રખાય છે. નારણભાઈએ પણ આ ઘટના છાપી અને લોકોમાં અંગદાન પ્રત્યે જાગ્રતિ આવે એવા સતત પ્રયત્નો કરી રહ્યા છે.

મંગુબેનના બે કિડની અને લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. મંગુબેન સમગ્ર સમાજ માટે અંગદાનનું શ્રેષ્ઠ ઉદાહણ પૂરું પાડીને ગયા છે.

# શ્રી અતુલભાઈ સક્સેના:
# He covered miles before sleep



દિવાળીના શુભ દિવસે ૧૧ નવેમ્બર, ૧૯૬૮ના રોજ જન્મેલા અતુલભાઈ સક્સેના એક સાધારણ યુગલના ત્રણ પુત્રોમાં સૌથી મોટા હતા. તે ઉત્સાહી વાચક અને તેજસ્વી વિદ્યાર્થી હતા. તેઓ મધ્યપ્રદેશમાં બોર્ડના ૮મા અને ૧૨મા ધોરણમાં મેરિટ લિસ્ટમાં સ્થાન પામ્યા હતા. બી.ઈ., એમ.બીએ, એમ.સીએ, એમ.ફીલ ઉપરાંત તેમના નામે ચાર વધારાના પોસ્ટ ગ્રેજ્યુએશન હતા. તેઓ મધ્યપ્રદેશ સરકારના આઈટી વિભાગમાં વિશેષ ફરજ પરના અધિકારી હતા.

૨૦ જુલાઈ ૨૦૧૪ના એ ગોઝારા દિવસે તેમણે માથાના દુખાવા અને ચક્કર આવવાની ફરિયાદ કરી અને ટૂંક સમયમાં બેભાન થઈ ગયા. તેમને ઝડપથી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાં એમઆરઆઈએ મગજના સ્ટેમ ઈન્ફાર્ક્ટનું સૂચન કર્યું જેમાં બંને સેરિબેલમ્સ સામેલ હોય છે, અને જે સ્ટ્રોકની સંભાવના વ્યક્ત કરે છે. ૨૪ કલાકના સંક્ષિપ્ત સમયગાળા પછી, પ્યુપિલરી રીફલેક્સ અને મગજની પ્રવૃત્તિના વધુ પુરાવા વિના સ્થિતિ વધુ બગડી. હોસ્પિટલમાં દાખલ થવાના બે દિવસ અને ડીકમ્પ્રેશન સર્જરી પછી, ડોકટરોએ દર્દીને બ્રેન ડેડ જાહેર કર્યા અને પરિવારને તે વિશે જાણ કરી.

સમાજના સારી રીતે જાણકાર, શિક્ષિત અને સામાજિક રીતે જવાબદાર સભ્યો તરીકે, પરિવારના સભ્યોએ કેડેવરિક અંગ દાન માટે નિર્ણય કર્યો. ઈન્દોરમાં આ બીજો કેસ હતો જ્યાં પરિવારે કેડેવરિક ઓર્ગન ડોનેશન કરવાનું પસંદ કર્યું હતું. મૃતકને કોર્પોરેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા. જોકે એ હોસ્પિટલમાં નિયમ મુજબ ન તો માન્ય કેન્દ્ર હતું કે ન તો હાર્વેસ્ટિંગ સેન્ટર હતું. અંગદાન માટે દર્દીને નજીકની

મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં સ્થળાંતર કરવામાં આવ્યા, જે ઓર્ગન હાર્વેસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટેશન માટે એકમાત્ર માન્ય કેન્દ્ર હતું. સફળ પ્રત્યારોપણ માટે એ ફરજિયાત છે કે સામાજિક દબાણ વધતા પહેલા અંગદાન માટેનો નિર્ણય અને કાર્યવાહી શક્ય તેટલી વહેલી તકે લેવી જોઈએ. ત્યારબાદ આ હોસ્પિટલ ખાતે અંગદાન કરવામાં આવ્યું.

અતુલભાઈ એ અંગદાન થકી છ લોકોને નવજીવન આપ્યું. અને સમગ્ર સમાજમાં અંગદાન કરવા માટે પ્રેરણા રૂપ સાબિત થયા. સ્વર્ગસ્થ અતુલભાઈના પત્ની અને બે પુત્રીઓ અને બે નાના ભાઈઓ અને વૃદ્ધ માતા-પિતા સાથે સાથે રહે છે. જ્યારથી અતુલભાઈ એ વિદાય લીધી છે ત્યારથી તે બધા સમાજમાં અંગદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે.

થોડી છેલ્લી પંક્તિઓ જેના વિશે અતુલભાઈ ઉત્સુક હતાઃ

Woods lovely, Dark, Dense and Deep
We all have promises to keep
And Miles to go before I sleep, Miles to go
before I sleep.

જેના વિશે અતુલભાઈ ઉત્સુક હતાઃ
Woods lovely, Dark, Dense and Deep We all have promises to keep And Miles to go before I sleep, Miles to go before I sleep.

# મુકેશભાઈ સોલંકીઃ પરિવારે ગૌરવનું કામ કર્યું



મુકેશભાઈ સોલંકી સામાન્ય મજૂરી કરીને ગુજરાન ચલાવવા માતા-પિતાના ત્રણ દીકરાઓમાંથી એક હતા. પોતે પણ છૂટક મજૂરી કરીને જીવન જીવતા હતા. ૨૦૨૧ના સપ્ટેમ્બર મહિનામાં એક દિવસ અચાનક મુકેશભાઈને માથામાં અસહ્ય દુઃખાવો થવા લાગ્યો. નજીકના દવાખાને જઈને પ્રાથમિક સારવાર લીધી પણ કંઈ ફરક પડ્યો નહિ. આથી વધુ સારવાર માટે ઉના ખાતેની હોસ્પિટલમાં દાખલ કરાયા અને અમુક રીપોર્ટસ પછી એમના મગજમાં ગાંઠ હોવાનું નિદાન થયું. જેની સારવાર ત્યાં શક્ય ન હોઈ વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ત્વરિત ધોરણે સારવાર ચાલુ કરવામાં આવી અને પરિસ્થિતિમાં સુધારો જણાયો. પણ ફરી તબિયત રોજથી રોજ લથડતી ગઈ અને આખરે બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ. આ પરિસ્થિતિમાં ફરજ પરના ડૉક્ટર દ્વારા અંગદાન કરવાનું સૂચન કરવામાં આવ્યું. આમ તો ગુજરાતને સીમાડે જીવતા અને છૂટક મજૂરી કામ કરતા માણસને અંગદાન વિશે શું ખબર હોય. પણ મુકેશભાઈના ભાઈ શ્રી બાલુભાઈને અમે જ્યારે પૂછ્યું કે તમે અંગદાન માટે તરત સંમતિ આપી એમાં સૌથી મોટું કારણ શું? ત્યારે આ સૌરાષ્ટ્રના ગરીબ પણ ખાનદાની માણસે જવાબ આપ્યો કે સાહેબ એમને એવું કહેવામાં આવ્યું કે અંગદાન થકી ૫-૭ લોકોના જીવન બચાવી શકાય એવું છે તો એમાં ના પાડીએ તો તો અમે અમારી જાતને શું મોઢું બતાવી શકીએ. આપણું સ્વજન તો હવે પાછું આવશે નહિ પણ બીજાની જિંદગી બચાવી શકાતી હોય તો એ જ અમારા સ્નેહીનો સર્વોચ્ચ મોક્ષ છે. સાથે બાલુભાઈનો પુત્ર એમ.બી.બી.એસ.માં અભ્યાસ કરતો છે એના દ્વારા પણ પરિવારને પૂરતી માહિતી આપી અને આ નિર્ણય લેવામાં કંઈ ખોટું નથી એમ

જણાવ્યું. મુકેશભાઈના બે કિડની, લીવર, હૃદય અને સ્વાદુપિંડ જેવા અંગોનું દાન કરવામાં આવ્યું.

દુનિયાની નજરમાં જે ગરીબ છે અને સામાન્ય મજૂરી કરીને જીવન નિર્વાહ કરે છે એ માણસ અંગદાન કરીને આજે અમર થઈ ગયો છે. મોટા મોટા અમીરોની અમિરાઈ જ્યાં ટુંકી પડી એ મહાદાન કરીને મુકેશભાઈ એ સમગ્ર સમાજને એક શ્રેષ્ઠ ઉદાહણ પૂરું પાડ્યું છે.

બાદમાં ફરી તબિયત રોજથી રોજ લથડતી ગઈ અને આખરે બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ.

# ભાવનાબેન ઠાકોર:
# બજરંગદળની હૂંફ કામ કરી ગઈ



અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં સામાન્ય મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતા ભાવનાબેન ઠાકોર એમના પતિ, બે દીકરીઓ અને એક દીકરા સાથે રહેતા હતા. પોતે ભણી ન શક્યા એટલે આજે મજૂરીકામ કરવું પડે છે પણ પોતે ગમે એટલી મહેનત કરીને પણ પોતાના સંતાનોને ભણાવીને એમના સારા ભવિષ્ય માટે સંકલ્પ કર્યો હતો. પણ કદાચ એ સંકલ્પ આ બાળકોએ માં વગર જાતે જ પૂરો કરવો પડશે એવી કોને ખબર હતી.

એક દિવસ કંઈ કામથી વાહન લઈને બહાર નિકળેલા ભાવનાબેનને અકસ્માત નડ્યો. પાછળથી આવતી મોટર કારે જોરથી ટક્કર મારતાં તે નીચે ઢળી પડ્યા અને મગજ તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી. ત્યાંથી એમને એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવાયા અને પરિવારને જાણ થતાં બધા તરત પહોંચ્યા. વિરમગામ સિવિલ હોસ્પિટલમાં પૂરતી સારવાર શક્ય ન હોવાથી વધુ સારવાર માટે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં સી ટી સ્કેન અને એમ.આર. આઈ જેવા રીપોર્ટસ પછી બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું. જેના માટે જરૂરી ઓપરેશન કરવામાં આવ્યું અને અન્ય જરૂરી સારવાર ચાલુ કરવામાં આવી. પણ ભાવનાબેનના અંજળ-પાણી એટલા જ હશે તે બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ. માંને પથારીમાં સુતેલી જોઈને એને જગાડવા મથતા નાના બાળકોને બ્રેન ડેડ વિશે કેમ સમજાવવું? પરિવાર પર દુ:ખના ડુંગરા તૂટી પડ્યા. આ પરિસ્થતિમાં ફરજ પરના ડૉક્ટર દ્વારા અંગદાન કરવાનું જણાવ્યું.

ભાવનાબેનના ભાઈ અશોકભાઈ અને એમના પતિ વગેરે પરિવારના સભ્યો દ્વારા બીજાના જીવન બચાવવા માટે અંગદાન કરવાનો નિર્ણય કરવામાં

આવ્યો. બાદમાં ભાવનાબેનના બે કિડની, લીવર અને હૃદય જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. ભાવનાબેન ચાર લોકોને નવજીવન આપીને પોતે અમર થઈ ગયા. આ નિર્ણય લેવામાં મોટો ફાળો બજરંગદળનો પણ રહ્યો, કારણ કે એમના પરિવારના સભ્યો બજરંગદળના સદસ્યો હતા અને ત્યાં હંમેશા પરોપકાર અને દેશના લોકો માટે કંઈ કરી છૂટવાની ભાવના માટે કહેવામાં આવતું હોય છે. આ ઘટના પછી ગુજરાત સરકારના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ પણ આ પરિવારને રૂબરૂ મળેલ,સાંત્વના આપી અને આ હિંમતભર્યો નિર્ણય લેવા બદલ પરિવારની પીઠ ધાબડી.

ભાવનાબેન ચાર લોકોને નવજીવન આપીને પોતે અમર થઈ ગયા. આ નિર્ણય લેવામાં મોટો ફાળો બજરંગદળનો પણ રહ્યો, કારણ કે એમના પરિવારના સભ્યો બજરંગદળના સદસ્યો હતા અને ત્યાં હંમેશા પરોપકાર અને દેશના લોકો માટે કંઈ કરી છૂટવાની ભાવના માટે કહેવામાં આવતું હોય છે.

# મેહુલભાઈ પરમારઃ રાત ટૂંકી, ને ઝાઝા વેશ

એટલું આકાશ ફેલાવી શકું,
વાદળોને પાંખ પહેરાવી શકું,
રેતશીશીમાં સરકતી રેત છું,
વાયરાને કેમ સમજાવી શકું.




જીવનના નાટકમાં ઘણાં પાત્રો એવા હોય છે જે પોતાનું પાત્ર બીજા માટે ભજવીને પોતે હળવેથી સરકી જાય છે. તલોદમાં રહેતા મેહુલભાઈ પણ એવું જ એક યાદગાર પાત્ર બની ગયા છે. ખૂબ નાના હતા ત્યારે એમના માતા-પિતા અવસાન પામેલા. પોતે અને સાથે ત્રણ બહેનો ઝૂંપડામાં રહે અને પોતે નાની મોટી મજૂરી કરતા થયા. બાદમાં ઝૂંપડાંનું નાનું મકાન થયું અને ત્રણમાંથી બે બહેનોને પરણાવી પણ પોતે પરણવું બાકી રાખ્યું. પોતે એકલા હાથે બહેનોને મા-બાપની ગરજ સારી. એવામાં સમાજ અને પરિવારના આગ્રહથી ૩૨ વર્ષની ઉંમરે પોતે પણ પ્રભુતામાં પગલાં પાડ્યાં અને સગાઈ કરી. પણ એમનું પાત્ર અહીંયા પૂરું થઈ જવાનું હશે એમ સગાઈ કર્યાના બીજા દિવસે મેહુલભાઈને અકસ્માત થયો અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી.

સારવાર માટે નજીકની હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ મારફતે લઈ જવાયા અને પરિવારના સભ્યોને જાણ કરવામાં આવી. માથાના ભાગે ગંભીર ઈજા હોવાથી સ્થાનિક સ્તરે સારવાર શક્ય ન હોવાથી છેવટે આરોગ્યની જીવાદોરી સમાન ગણાતી અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં એમની સારવાર શરૂ થઈ પણ તબિયત સુધરવાનું નામ લેતી ન હતી. અને બ્રેન હેમરેજની સ્થિતિ આખરે બ્રેન ડેડમાં પરિણમી. આ સાંભળીને બહેનો તથા પરિવારમાં ઊંડા શોકની લાગણી છવાઈ ગઈ. આ પરિસ્થિતિમાં ફરજ પરના ડૉક્ટર દ્વારા અંગદાન કરવાનું જણાવ્યું. ત્રણેય બહેનો તથા પરિવારના અન્ય

સભ્યો દ્વારા આ વાતને સંમતિ મળી અને મેહુલભાઈના બે કિડની, લીવર અને હૃદય જેવા અંગોનું દાન કરવામાં આવ્યું.

મેહુલભાઈનું આખું જીવન તો બીજા માટે કાઢ્યું પણ છેવટે મરણ પથારીએ પણ ચાર લોકોને નવજીવન આપતા ગયા. પોતે ખૂબ ટૂંકુ પણ સમાજ માટે પ્રેરણાદાયી જીવન જીવીને ગયા. આજે બધી બહેનો અને સમગ્ર પરિવાર એમને ખૂબ યાદ કરે છે અને એ વેળાએ સહજ રીતે આંખો ભીની થઈ આવે છે, પણ એમાં થોડા આંસુ અંગદાન થકી બીજાને જીવનદાન આપી શક્યા એ સંતોષના પણ છે.



પણ એમનું પાત્ર અહીંયા પૂરું થઈ જવાનું હશે એમ સગાઈ કર્યાના બીજા દિવસે મેહુલભાઈને અકસ્માત થયો અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી.



# ભાવિનભાઈ પરમાર: ટૂંકી જિંદગીમાં એકમાંથી અનેક



ખેડા જિલ્લાના નાનકડા ખંભાણી ગામમાં રહીને ખેતી કરતા ગિરીશભાઈ પરમાર એમના દીકરા ભાવિનભાઈ, દીકરી, પત્ની, માતા અને ભાઈ સાથે રહેતા હતા. પોતે ખેતી કરતા હતા પણ સંતાનોને જીવનમાં કંઈક આગળ વધે અને જીવન શરૂ બને એવાં સપનાં હતાં. કંઈક એવું થાય કે દીકરો બાપનું નામ રોશન કરી જાય અને આમેય દરેક માતા-પિતા એ સંતાનો માટે આવાં સપનાં સેવતા જ હોય છે. પણ દીકરો ભાવિન એમના પિતા સહિત સમગ્ર પરિવારનું એવું નામ કરી ગયો કે આવનારા વર્ષો સુધી એને યાદ કરીને લોકો સત્કર્મની પ્રેરણા લેશે.

૧૯ વર્ષનો દીકરો ભાવિન એક વખત વાહન લઈને કંઈ કામથી ગયેલો એવા સમયે અચાનક પાછળથી ટ્રક સાથે અકસ્માત થયો અને એના માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ. તરત જ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો. પરિવારને જાણ થતાં ઘડીક તો માન્યામાં ન આવ્યું કે કુદરતે આ શું માંડ્યું છે. નડિયાદ સિવિલથી વધુ સારવાર માટે કરમસદ ખાતે આવેલી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં મગજના રીપોર્ટસ પછી જાણવા મળ્યું કે એને બ્રેન હેમરેજ છે અને એના માટે એકમાત્ર સહારો અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલ છે.

અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ભાવિનભાઈની તબિયત રોજ વધુને વધુ બગડતી જતી હતી. વેન્ટિલેટર પર આઈ.સી.યુ. માં બધી સારવાર છતાં કોમા અને પછી બ્રેન ડેડ જેવી સ્થિતિ સર્જાઈ. પરિવારને આ પુત્ર રત્નની મોટી ખોટ પડી હતી. તેમ છતાં એ સમયે ફરજ પરના ડૉક્ટર તેમજ સામાજિક આગેવાનો દ્વારા અંગદાન વિશે વાત કરેલી એના માટે સંમત થયા. ત્યારબાદ ભાવિનભાઈના બે કિડની અને લીવર જેવા અંગોનું દાન

કરવામાં આવ્યું.

પરિવારના કહેવા મુજબ અમારો દીકરો તો હવે બચી શકે એવી હાલતમાં નથી પરંતુ એના થકી જો બીજી ત્રણ જિંદગી બચાવી શકાય તો અમારો દીકરો એક માંથી અનેક થઈ જશે અને સદાય માટે અમર રહેશે. પરોપકારની ભાવના માટે આ હિંમત ભર્યો નિર્ણય લેવા બદલ સમગ્ર પરિવારનો આભાર માનીએ એટલો ઓછો અને આ ઋણ કેમેય કરીને ચૂકવી શકાય એવું નથી.

પરિવારના કહેવા મુજબ અમારો દીકરો તો હવે બચી શકે એવી હાલતમાં નથી પરંતુ એના થકી જો બીજી ત્રણ જિંદગી બચાવી શકાય તો અમારો દીકરો એક માંથી અનેક થઈ જશે અને સદાય માટે અમર રહેશે.

# કાંતિભાઈ ગરાળા જીવતા તો લોકસેવા કરતા મૃત્યુ પછીય અંગદાન કરતા ગયા...



કાંતિભાઈ ગરાળા મોરબી ખાતે એમના બે દીકરા હાર્દિકભાઈ અને રવિભાઈ, પત્ની, પુત્રવધૂ અને પૌત્ર સાથે રહેતા હતા. પોતે પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા જે થોડા સમય પહેલા છોડીને હવે સંપૂર્ણ સમય પરિવાર અને સેવાકાર્યો માટે આપતા હતા. દીકરાના ઘરે દીકરાના આવવાથી પરિવારમાં અનેરો ઉમંગ હતો. કાંતિભાઈએ જીવનભર સેવાના ખૂબ કાર્યો કરેલા. ચકલાઓને ચણ નાખવાની હોય, કીડીઓને કીડિયારું પૂરવાનું હોય, ગાયો માટે નીરણ અને મનુષ્ય સમાજ માટે જે થઈ શકે એ બધી જ સેવાઓ પોતે કરતા. કોરોના કાળ સુધી પોતાની નોકરી ઉપરાંત સેવા કાર્યો કરતા. પણ કોરોના મહામારીમાં લોકોની તકલીફો જોવાતી ન હતી અને નોકરી સાથે બંને શક્ય નહોતું આથી નોકરી છોડીને સંપૂર્ણ પણે લોક સેવાના કાર્યમાં જોડાઈ ગયા.

કાંતિભાઈ એક દિવસ પોતાના સ્કૂટર પર જઈ રહ્યા હતા એ દરમિયાન ગલુડિયું આવ્યું. જો પોતે વાહન રસ્તાના બાજુ પર ન કરે તો ગલુડિયું મરી જશે એમ વિચારીને તરત એક બાજુ વળવા જતા સ્કૂટર લપસી પડ્યું અને સાથે પોતે પણ નીચે પડી ગયા. માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ. તરત જ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ત્યાં જઈને એમના સી ટી સ્કેન અને એમ.આર.આઈ. વગેરે રીપોર્ટસ પછી બ્રેન હેમરેજ હોવાનું જાણવા મળ્યું. જેની વધુ સારવાર માટે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. જ્યાં તમામ સારવાર છતાં તબિયતમાં કંઈ ફરક પડ્યો નહિ અને બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા. આ ખબર સંભાળતા જ પરિવાર સહિત ગામના અનેક લોકો હિબકે ચડ્યા. પરિવારના લોકો કાંતિભાઈને જયારે સિવિલ હોસ્પિટલમાં લાવ્યા ત્યારે ત્યાં લાગેલા 'અંગદાન મહાદાન' લખેલા પોસ્ટરો જોયેલા અને અંગદાન વિશે

અમુક માહિતી મેળવેલી. બ્રેન ડેડ જાહેર કરાયા બાદ ફરજ પરના ડૉક્ટર તેમજ  સિવિલ હોસ્પિટલમાં થતાં અંગદાનમાં પરિવારને જાણકારી આપીને અંગદાન માટે રાજી કરવા માટે જેમનો મોટો ફાળો છે એવા શ્રી પ્રણવભાઈ મોદી દ્વારા અંગદાન માટેની અપીલ કરવામાં આવી. બાદમાં પરિવારે તરત જ સંમતિ આપી અને કાંતિભાઈનાં બે કિડની અને લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. આ પુણ્યનું કામ દરેકમાં નસીબમાં નથી હોતું. કાંતિભાઈ એ સેવા થકી કેટલાયે પુણ્ય કમાયા હશે કે એમને અંગદાન કરીને અમર થવાનો મોકો મળ્યો. આજે પરિવાર પણ કાંતિભાઈના સેવા કર્યો તેમજ અંગદાન અંગેની જાગૃતિ સમગ્ર સમાજને આપે છે.

કોરોના કાળ સુધી પોતાની નોકરી ઉપરાંત સેવા કાર્યો કરતા. પણ કોરોના મહામારીમાં લોકોની તકલીફો જોવાતી ન હતી અને નોકરી સાથે બંને શક્ય નહોતું આથી નોકરી છોડીને સંપૂર્ણ પણે લોક સેવાના કાર્યમાં જોડાઈ ગયા.

# હિતેશભાઈ દાવડા :
# પપ્પા અંગદાન બાદ અમર થઈ જશે

'કોણ જાણી શકે કાળ ને રે સવાર કાલ કેવું થાશે,
આ કાયા માંથી હંસલો રે ઓચિંતા નો ઉડી જશે'



જામનગરમાં રહેતા એક સામાન્ય કુટુંબની આ ઘટના છે. હિતેશભાઈ દાવડા લોખંડના કારખાનામાં કામ કરીને જીવન નિર્વાહ કરતા હતા. ચાર સભ્યોના નાના પરિવારમાં હિતેશભાઈ પત્ની વર્ષાબેન, દીકરો કૌશિક અને દીકરી દિવ્યા સાથે રહેતા હતા. દીકરા એ મિકેનિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ પૂર્ણ કર્યો છે. દીકરી જી.એન.એમ નરસીંગ માં અભ્યાસ કરે છે અને પત્ની ઘરકામ કરે છે. હિતેશભાઈ કુટુંબના એક માત્ર કમાનાર વ્યક્તિ હતા અને પરિવારનો આધાર સ્તંભ હતા.

તારીખ ૭ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ સવારે ૪ વાગે હિતેશભાઈ ને માથું દુખવા લાગ્યું અને ચક્કર આવવા લાગ્યા. તો તેમને જી જી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. પહોંચ્યા બાદ હિતેશ ભાઈનું બ્લડપ્રેશર માપતા વધી ગયેલ માલુમ પડયું અને લકવાની અસર જણાઈ. તેમનો સીટીસ્કેન કરાવ્યો જેમાં મગજનું હેમરેજ થયાનું નિદાન થયું અને તેમને વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવામાં આવ્યા.

સારવાર દરમિયાન થોડોક સુધારો જોવા મળ્યો અને હિતેશભાઈ ખૂબ જ ઝડપથી સાજા થઈ જશે તેવી પરિવારના સભ્યોને આશા જાગી. અચાનક ફરીથી તેમની તબિયત લથડતા સીટી સ્કેન કરાવ્યો અને હેમરેજ માં વધારો થયેલો જોવા મળ્યો. હિતેશભાઈ ને વેન્ટિલેટર પર લેવામાં આવ્યા. ધીમે તબિયત નાજુક થવા લાગી. આઈસીયુમાં ફરજ પરના ડૉક્ટર સાહેબે હિતેશભાઈ ને બ્રેઈનડેડ જાહેર કર્યા.

હિતેશભાઈ ના દીકરા કૌશિકે દવાખાનામાં ઠેરઠેર લગાવવામાં આવેલા અંગદાન જાગૃતિ બાબતના પોસ્ટર જોયા હતા.

તેના પપ્પા બ્રેઈનડેડ થયા છે તેવું જાણતા તેને ડોક્ટર સાહેબને કહ્યું કે સાહેબ મારા પપ્પા ના અંગો દાનમાં આપી શકાય તેમ હોય તો મારી અંગદાન માટેની સંમતિ છે. પિતાની છત્ર છાયા ગુમાવવા છતાં એક દીકરાની આટલી સાહસિક વાત અને સમાજમાં અંગોની પ્રતિક્ષા કરી રહેલા લાખો દર્દીઓ માટે ઉપયોગી થવાની દિશામાં અંગદાન માટેનો નિર્ણય જાણીને ડૉક્ટર સાહેબે કહ્યું કૌશિકભાઈ તમારા પપ્પા અંગદાન બાદ અન્ય લોકોને નવજીવન આપશે અને અમર થઈ જશે.

અંગદાન માટે ડોક્ટરોની ટીમ આવીને મેળવવા માટેની ઓપરેશન પ્રક્રિયા શરૂ થઈ. તેમના બે ફેફસાં, બે કિડની અને લીવર દાન કરવામાં આવ્યા. સ્વર્ગસ્થ હિતેશભાઈ ના અંગોને તેમના જ પરિવારના સભ્યોએ પોતાના હાથે એમ્બ્યુલન્સ સુધી લઈ જઈને સન્માન ભેર નમસ્કાર કર્યા.

સ્વર્ગસ્થ હિતેશભાઈ ના દીકરા કૌશિક ભાઈએ જણાવ્યું કે જ્યારે અમે મારા પિતાના અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો ત્યારે આદરણીય શ્રી દિલીપભાઈ દેશમુખ દાદા રાત્રે પણ અમારી સાથે રહ્યા અને અમને સાંત્વના આપી. દાદાએ કહ્યું કે 'અંગદાન એ એક માંથી અનેક લોકોના જીવન પ્રજ્વલિત કરવાની પ્રક્રિયા છે. તમારા આ મહાદાન બદલ સમાજ હંમેશા તમારો ઋણી રહેશે. તમારા પરિવારે આ મહાદાન કરીને સમાજને એક નવું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.ભગવાન આપને સદાય શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું.'

હિતેશભાઈ ના દીકરા કૌશિક ભાઈએ જણાવ્યું કે જ્યારે અમે મારા પિતાના અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો ત્યારે આદરણીય શ્રી દિલીપભાઈ દેશમુખ દાદા રાત્રે પણ અમારી સાથે રહ્યા અને અમને સાંત્વના આપી. દાદાએ કહ્યું કે 'અંગદાન એ એક માંથી અનેક લોકોના જીવન પ્રજ્વલિત કરવાની પ્રક્રિયા છે. તમારા આ મહાદાન બદલ સમાજ હંમેશા તમારો ઋણી રહેશે.

# રૂગનાથભાઈ સંતોકી ;
# નિર્ણયને સમાજના લોકોએ પણ બિરદાવ્યો



ધડ ધીંગાણે જેના માથડા મહાણે,
તેનો પાળીયો થઈને પૂજાવું રે,
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું

આ ઘટના કંઈક આવી જ બહાદુરીની અને વિશ્વ કલ્યાણની ભાવનાની છે. રાજકોટમાં વસતા રૂગનાથભાઈ સંતોકી તેમના પત્ની,પુત્ર અને પુત્રવધુ સાથે રહેતા અને સાડી ની દુકાન ચલાવતા હતા.પંખીના માળા જેવું સુંદર ઘર હતું. દીકરાને સરકારી નોકરી મળી હતી અને પરિવારનું જીવન આનંદમય રીતે ચાલી રહ્યું હતું. ૬૧ વર્ષના રૂગનાથભાઈ ઘરના મોભી હતા.

તદ્દન તંદુરસ્ત એવા એમના જીવનમાં અચાનક એક અઘરો વળાંક આવ્યો જેમાં એક દિવસ તેમને ઉલ્ટી થવા લાગી. ત્યારબાદ આંચકી આવવાની શરૂ થઈ ગઈ. આવું થતાં પરિવારના સભ્યો ડરી ગયા અને તરત જ રૂગનાથભાઈ ને હોસ્પિટલમાં લઇ જઈને દાખલ કર્યા. હોસ્પિટલમાં તરત જ પ્રાથમિક સારવાર શરૂ કરી અને સીટી સ્કેન રિપોર્ટ કરાવ્યો જેમાં ખબર પડી કે તેમના મગજમાં કોઈ કારણસર સોજો આવેલો છે. આથી તેમને આઈસીયુમાં લેવા પડશે. સારવાર પરના ડૉક્ટર સાહેબે જણાવ્યું કે જો સોજો ઓછો ન થાય તો ઓપરેશન કરવું પડશે. ઓપરેશન માટે પરિવારના લોકોને જાણ કરી અને બે દિવસ બાદ રૂગનાથભાઈનું ઓપરેશન કરવામાં આવ્યું. ઓપરેશન બાદ રૂગનાથભાઈને વેન્ટિલેટર પર જ રાખવામાં આવ્યા હતા. તેમની હાલતમાં કોઈ સુધારો ન થવાથી ડોક્ટરે તેમના દીકરાને કહ્યું કે 'તમારા બાપુજીની તબિયતમાં કોઈ સુધારો જણાતો નથી અને મારા મતે તેઓ બ્રેઈન ડેડ સ્થિતિમાં છે. હવે તેમને આ સારવાર આગળ આપવાથી પણ કઈ પરિણામ મળવું સંભવ નથી જેથી મારી તમને સલાહ છે કે સારવાર ચાલુ રાખવી કે નહીં તે અંગે ઘરના સભ્યો સાથે ચર્ચા કરી મને જણાવશો.'

રૂગનાથભાઈના દીકરા સાવનભાઈ અંગદાન વિશેની પ્રક્રિયાથી પરિચિત હતા. સમાચાર માધ્યમોમાં તેઓ અવારનવાર અંગદાન વિશેના સમાચાર વાંચતા- નિહાળતા. આથી તેમને પોતાના પરિવારના સભ્યોને પિતાજીના અંગોનું દાન કરવા માટે વાત કરી. પરિવારના સભ્યો આ વાત સાથે તુરંત સહમત થઈ ગયા અને આ વિચાર ડોક્ટર સાહેબને જણાવ્યો.

ડૉક્ટર સાહેબે રૂગનાથભાઈના શરીરના અંદરના અંગો કાર્યરત રહે તે માટેની દવા ચાલુ રાખી અને તેમને બી ટી સવાણી હોસ્પિટલ ખાતે અંગદાન ની પ્રક્રિયા કરવા માટે ટ્રાન્સફર કરવા પરિવારને જણાવ્યું.

બીટી સવાણી હોસ્પિટલ ખાતે રૂગનાથભાઈના લીવર, બે કિડની, બે આંખો તેમજ ચામડીનું દાન કરવામાં આવ્યું. સૌરાષ્ટ્ર પંથકમાં ચામડી નું દાન થયું હોય તેઓ આ પ્રથમ કિસ્સો જોવા મળ્યો.

સ્વ.રૂગનાથભાઈના પરિવારના આ નિર્ણયને સમાજના લોકોએ પણ બિરદાવ્યો.

રૂગનાથભાઈના દીકરા સાવનભાઈ અંગદાન વિશેની પ્રક્રિયાથી પરિચિત હતા. સમાચાર માધ્યમોમાં તેઓ અવારનવાર અંગદાન વિશેના સમાચાર વાંચતા- નિહાળતા. આથી તેમને પોતાના પરિવારના સભ્યોને પિતાજીના અંગોનું દાન કરવા માટે વાત કરી. પરિવારના સભ્યો આ વાત સાથે તુરંત સહમત થઈ ગયા

# જંગલ સિંહ પારધી: પરિવારના નિર્ણયની મીડિયાએ પણ નોંધ લીધી



ગાંધીનગરમાં જંગલ સિંહ પારધી એમના પત્ની અને બે પુત્રો સાથે રહેતા હતા. પોતે કડિયાકામ અને છૂટક મજૂરી કરીને જીવન નિર્વાહ કરતા હતા. એક દિવસ અચાનક એવું બન્યું કે સમગ્ર પરિવાર મૂળ વતનના ગામડે હતો ત્યારે જંગલ સિંહ કામે જવા બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે પાછળથી મોટા વાહનની ટક્કર વાગી એ ટક્કર વાગતા જ પોતે જમીન પર પટકાયા અને માથાના ભાગે ગંભીર ઈજા થઈ. તરત જ એમને એમ્બ્યુલન્સની મદદથી હોસ્પિટલ લઈ જવાયા અને પરિવારને જાણ કરવામાં આવી.

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલથી વધુ સારવાર માટે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. જ્યાં સી ટી સ્કેન વગેરે રીપોર્ટસ કર્યા બાદ બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું અને સાથે તબિયત વધુ બગડતા કોમામાં સરી પડ્યા. આ સંભાળતા જ પરિવાર પર જાણે દુ:ખોનો પહાડ તૂટી પડ્યો. એમની તબિયત વધુ બગડતા બ્રેન ડેડ જાહેર કર્યા. પરિવારના મોભી અને ૪૨-૪૩ વર્ષના જંગલ સિંહને આમ મરણ પથારીએ સૂતેલા જોઈને પરિવાર ભાંગી પડ્યો. ફરજ પરના ડૉક્ટરે એમના પત્ની અને મોટા દીકરા નિતેશભાઈને અંગદાન કરવા માટે જણાવ્યું.

પરિવારે આ પહેલા અંગદાન વિશે માહિતી નહોતી એટલે શરૂઆતમાં ખચકાટ થયો પરંતુ બાદમાં સિવિલ હોસ્પિટલના ડૉ. નિલેશ અને સમગ્ર ટીમ દ્વારા નાનામાં નાની વાત એમને સમજાવતા આખરે તેઓ અંગદાન કરવા માટે સંમત થયા. જંગલ સિંહના બે કિડની, લીવર અને હૃદય જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. આ ઘટનાની મીડિયાએ પણ નોંધ લેતાં સમગ્ર સમાજના લોકોમાં અંગદાન વિશેની જાગૃતિ આવી. પરિવાર પણ આ નિર્ણયથી પોતાના સ્વજન અમર થઈ ગયા એવી લાગણી અનુભવે છે અને ફરી કદાચ જો આવી સ્થિતિ પરિવારમાં આવે તો અંગદાન કરવા માટે તૈયાર છે.

# અશોકભાઈ મારુ: જીવંત રહેવાની ચાવી, અંગદાન

મનુષ્ય જન્મથી નહિ પણ કર્મથી ઓળખાય છે,
એટલે જ મરણ કરતા સંસ્મરણ યાદગાર બની જાય છે.



અશોકભાઈ મારુ ૬૩ વર્ષની ઉંમરના હતા અને પોતાના ત્રણ દીકરાઓ સાથે ભાવનગર ખાતે રહેતા હતા. મોટા દીકરા દિલીપભાઈ, વચ્ચેના ગોપાલભાઈ અને સૌથી નાના મેહુલભાઈ. બધા દીકરાઓ પોતાના ધંધા વ્યવસાયમાં સુખી હતા. અશોકભાઈના પત્ની ઈલાબેનનું ૨૦૦૬માં અવસાન થયેલું. પરિવારના અન્ય સભ્યો છતાં પત્ની વિના એકલવાયું જીવન જીવતા અશોકભાઈને એક દિવસ અચાનક બોલવામાં તકલીફ થવા લાગી અને સાથે મોઢાનો એક બાજુનો ભાગ ઓછું કામ કરતો થઈ ગયો હોય એવું લાગ્યું.

આ તકલીફ જોતા પરિવારના સભ્યો એમને હોસ્પિટલ લઈ ગયા. હજુ હોસ્પિટલ પહોંચ્યા એટલામાં એમણે આંચકી ચાલુ થઈ ગઈ. તરત જ એમની સારવાર શરૂ કરવામાં આવી. શરૂઆતમાં સારવારથી તબિયતમાં સુધારો જણાયો પણ બાદમાં તબિયત બગડવા લાગી અને ડૉક્ટરની સલાહ મુજબ વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવા લઈ જવામાં આવ્યા. જોકે અમદાવાદ પહોંચે ત્યાં સુધીમાં જ એમ્બ્યુલન્સમાં તબિયત વધુ ખરાબ થઈ અને બેભાન જેવી સ્થિતિ સર્જાઈ. અમદાવાદ પહોચતાં જ તરત જ એમને આઈ.સી.યુ. માં દાખલ કરવામાં આવ્યા અને અશોકભાઈ કોમામાં છે એવું નિદાન થયું. તબિયત વધુ બગડતા અંતે બ્રેન ડેડ જાહેર કરવામાં આવ્યા.

આમ તો પરિવારના સભ્યો ટી.વી. અને બીજા પ્રચાર પ્રસારના માધ્યમોથી અંગદાન વિશે જાણતા હતા. ફરજ પરના ડૉક્ટરે એમને અંગદાન કરવાનું જણાવ્યું અને પરિવાર એમાં સહમત થયો. બાદમાં અશોકભાઈના બે કિડની અને લીવર જેવા અંગોનું અંગદાન કરવામાં આવ્યું. અંગદાનના આ નિર્ણય થકી અશોકભાઈ ત્રણ લોકોને નવજીવન આપીને હંમેશને માટે અમર થઈ ગયા.

# વેલજીભાઈ શિયાળ બીજાની જિંદગી બચાવી, આજે પણ એ જીવે છે

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં નાનકડા ગામમાં વાલજીભાઈ શિયાળ એમના બે દીકરાઓ અને એમના પરિવાર સાથે રહેતા હતા. પોતે મોટા દીકરા હિંમતભાઈ સાથે રહેતા હતા ત્યારે અચાનક એક દિવસ વેલજીભાઈને માથામાં અસહ્ય દુખાવો અને ચક્કર સહિતની તકલીફો થવા લાગી એથી જલ્દીથી નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ત્યાંના ડૉક્ટરની સલાહ મુજબ વધુ સારવાર માટે ભાવનગર શહેરમાં આવેલી સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા.



આ ક્ષણ સુધીમાં એમની હાલત લગભગ બેભાન જેવી થઈ ગઈ. ત્યાં સી ટી સ્કેન વગેરે રીપોર્ટસ કરવામાં આવ્યા અને જરૂરી સારવાર અને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા. એમના નિદાનમાં બ્લડ પ્રેશર વધી જવાથી મગજમાં લોહીની નળીઓ ફાટી ગઈ હોવાથી બ્રેન હેમરેજ હોવાનું સામે આવ્યું. આ હાલતમાં કંઈ બીજી સારવાર કરવી પણ શક્ય હતી નહિ અને પરિસ્થિતિ ગંભીર થતી ગઈ. એવામાં ફરજ પરના ડૉક્ટરે વેલજીભાઈને બ્રેન ડેડ જાહેર કર્યા. આ બિચારા ગામડાના પરિવારને બ્રેન ડેડ વિશે શું ખબર હોય પણ મૂળ હવે કોઈ સારવારથી સારું થાય એવું શક્ય નથી એમ જણાવ્યું. આ સાથે જ અંગદાન કરવાની સલાહ આપી અને એના થકી કેટલીયે જિંદગીઓ બચાવી શકાય એવી વાત કરી.

બીજાની જિંદગી બચાવીને પરોપકારની ભાવના માટે સમગ્ર પરિવાર તરત જ માની ગયો અને વેલજીભાઈના અંગોનું દાન કરવામાં આવ્યું. આ કાર્યમાં સહમતી માટે સમાજના અન્ય જાગ્રત અને પ્રભાવી લોકોએ પણ પરિવારને હિંમત આપી. અંગદાન થકી વેલજીભાઈએ અનેક લોકોને નવજીવન આપ્યું.

# શૈલેષભાઈ પટેલની પાછળ પરિવારે પણ પ્રતિજ્ઞા લીધી



શૈલેષભાઈ પટેલ અમદાવાદના બાપુનગર વિસ્તારમાં એમના પત્ની, પુત્ર અને પુત્રી સાથે રહેતા હતા. પોતે હીરાના કારખાના તેમજ જમીનની દલાલી વગેરે કામ કરીને જીવન નિર્વાહ કરતા હતા. પંખીના માળા જેવા ઘરમાં જાણે કે ઉંચે આકાશેથી પથ્થર પટકાયો અને એ ઘરના મોભીએ માથે ઝીલ્યો...

એક દિવસ સાંજના સમયે શૈલેષભાઈ પોતાનું વાહન લઈને બહાર ગયેલા એવામાં અકસ્માત થતાં રસ્તાની બાજુમાં આવેલા ડીવાઈડર સાથે માથું ભટકાયું અને ગંભીર ઈજા થઈ. એમના માથા અને કાન નથી લોહીની ધારાઓ વહેતી થઈ ગઈ. સ્થળ પર તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પરિવારને જાણ કરતા એ લોકો પણ દોડી આવ્યા. શૈલેષભાઈ બેભાન અવસ્થામાં હતા. સી ટી સ્કેન કરીને નિદાન કર્યું તો બ્રેન હેમરેજ હોવાનું જાણવા મળ્યું. અને ઈજાઓ ગંભીર હોવાથી બ્રેન હેમરેજ કોમા અને બ્રેન ડેડ જેવી સ્થિતિ તરફ લઈ ગયું. આ વખતે ફરજ પરના ડૉક્ટરે અંગદાન કરવાનું જણાવ્યું.

પરિવારને અંગદાન વિશે વિસ્તૃત માહિતી તો નહોતી પણ એમના દાદીમાની આંખોનું દાન કરેલું એટલે પ્રાથમિક માહિતી હતી. શૈલેષભાઈના ભાઈ ભરતભાઈ અને સમગ્ર પરિવાર જ્યારે એમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે ત્યાં લગાવેલા અંગદાન જાગૃતિ માટેના પોસ્ટર જોયેલા અને તરત જ મનમાં અંગદાન કરવાની ગાંઠ બંધાઈ ગઈ. શૈલેષભાઈની બે આંખો, બે કિડની અને લીવર જેવા અંગોનું દાન કરવામાં આવ્યું. અને આ ઘટના પછી સમગ્ર પરિવારે અંગદાન કરવાની પ્રતિજ્ઞા પણ લીધી છે. આજે સમાજમાં આ પરિવાર અંગદાન જાગૃતિ માટેની પ્રેરણા પૂરી પાડી રહ્યો છે. અને આવી પ્રેરણા અને જાગૃતિ થકી જ આજે કેટલાયે લોકોને જીવનદાન મળી રહ્યા છે.

# ભારતીબેન ધામેલિયા આપણું અંગ બીજાને કામ આવે એથી રૂડું શું !

ભારતીબેન તેમના પરિવાર સાથે સુરતમાં રહેતા હતા. પરિવારમાં પતિ, પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર-પૌત્રીથી ભરેલો સુખી પરિવાર. એક દિવસ ભારતીબેનને શરીરમાં ધ્રુજારી થવા લાગી. શરીર એકદમ કમજોર પડી ગયું જેથી તેમના પરિવરજનો તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કર્યા.



ઘણી સારવાર અને દવાઓ પછી નિદાન આવે છે કે ભારતીબેનને બ્રેન ડેડ થઈ ચૂક્યા છે.

પરિવાર માટે આ ઘણો મોટો આઘાત હતો. તેમના ફેમિલી ડૉક્ટર કાબરિયા સાહેબ પરિવારને સાંત્વના આપી અને જણાવ્યું કે હવે ભારતીબેન બચે એમ નથી.

સાથે જ ડૉક્ટર સાહેબ એક સોનેરી સલાહ આપે છે ભારતીબેનના અંગોનું દાન કરવાની. પરિવારજનો સમજુ છે અને એમનું માનવું છે કે માણસ જ માણસના કામ આવી શકે. પોતાના શરીરથી બીજાનું જીવન બચતું હોય તો માણસે એ કાર્ય તો કરવું જ જોઈએ અને તરત બધા જ સભ્યો અંગદાન કરવા માટે તૈયાર થઈ ગયા.

ભારતીબેનના લીવર અને બે કિડનીનું દાન કરવામાં આવ્યું અને ત્રણ લોકોને જીવન દાન મળ્યું. ડૉક્ટર સાહેબને સમય સુચકતા વાપરીને જે સલાહ આપી અને પરિવાર જનો એ તરત વધાવી લીધી. એવી કપરી ઘડીમાં પણ ત્વરિત નિર્ણય લઈ શક્યા જેના લીધે બાકીનાને જીવનદાન મળ્યું.

# વિક્રમભાઈ વોરાઃ અગ્નિદાહ પહેલાં અંગદાન



વિક્રમભાઈ ધીરજભાઈ વોરા. મા-બાપ ચાર ભાઈ અને બે બહેનોના બનેલા મોટા પરિવારના ભાગ રૂપે વિક્રમભાઈ સૌથી મોટા ભાઈ હતા. જે પોતે ઈલેક્ટ્રિક એન્જિનિયર હતા અને નોકરી કરતા હતા. પણ અનુકૂળ ના આવતા નોકરી મૂકીને તેમના નાના ભાઈ ઉદયનભાઈ વ્હોરા સાથે કામમાં જોડાયા હતા.

પરિવાર પહેલેથી જ આધુનિક વિચારધારા ધરાવનાર અને ઉચ્ચ શિક્ષિત. એવામાં એક દુર્ઘટના બની. વિક્રમભાઈ એમના પત્ની સાથે સ્કુટર પર જતા હતા અને પડી ગયા. તેમને ગંભીર ઈજા પહોંચી. તાત્કાલીક ૧૦૮ નંબર ડાયલ કરી એમ્બ્યુલન્સ બોલાવી અને દવાખાને લઈ ગયા જ્યાં ડોકટરે તેમને મૃત જાહેર કર્યા. પણ એમના પત્નીને બીજા ડૉક્ટરને બતાવવાનો વિચાર આવતા સરકારી દવાખાનામાં લઈ ગયા અને ડૉ. કાબારિયા સાહેબે જણાવ્યું કે એક વાર પ્રયત્ન કરી જોઈએ.

એમને જરૂરી સારવાર આપી વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા, પણ કુદરતને ગમ્યું એ ખરું. એ બચે એમ નહોતા અને બ્રેઈન ડેડ જાહેર થયા. ત્યારે કાબારિયા સાહેબે એમના મોટાભાઈ ઉદયનભાઈ સાથે વાત કરીને કહ્યું કે તમે વિક્રમભાઈના અંગોનું દાન કરી શકો છો. ઉદયનભાઈ એ તરત જ એમના ભાભી અને અન્ય પરિવારજનોની સંમતિ લઈ અને ડોકટર સાહેબને અંગદાન માટે જરૂરી થતું કરવા મંજૂરી આપી દીધી.

વિક્રમભાઈના લીવર અને બે કિડનીનું દાન કરવામાં આવ્યું, જેનાથી અન્ય ત્રણને નવું જીવન મળ્યું. આ સાથે ઉદયનભાઈ સમાજને સંદેશ આપે છે કે ‘‘આપણે આપણી સંસ્કૃતિમાં કહ્યા મુજબ સ્મશાનમાં અગ્નિદાહ આપીએ જ છીએ પણ એના પેહલા જો મૃત માણસ કોઈને જીવાડી જતું હોય તો એનાથી મોટું કોઈ પુણ્ય નથી.’’

અહીં નોંધનીય છે કે ઉદયનભાઈના સાસુનું ચક્ષુદાન અને એમના સસરાનું દેહદાન કરવામાં આવ્યું હતું.

# ધર્મેશભાઈ પટેલઃ મા અંબાની મરજી સર્વોપરી રહી



ધર્મેશભાઈ એક મધ્યમ વર્ગીય પરિવારમાં પોતાના વૃદ્ધ પિતા તેમના પત્ની રીમાબેન અને પુત્ર કુંજ સાથે રહેતા વ્યવસાયે તેઓ પ્રાઈવેટમાં જોબ કરતા. એક દિવસ એવું બન્યું કે ધર્મેશભાઈ નાહવા ગયા અને ઘણીવાર થવા છતાં બહાર આવ્યા નહિ. તેમના પત્ની રીનાબેને બારણું ખખડાવ્યું પણ કોઈ જવાબ મળ્યો નહીં. છેવટે પાડોશીઓની મદદથી દરવાજો તોડી પાડ્યો અને જોયું તો ધર્મેશભાઈ અર્ધબેભાન અવસ્થામાં હતા. આંખો ખુલી ગઈ પણ હલન ચલન હતું નહિ. તાત્કાલિક નજીકની પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ ગયા.

ત્યાં ન્યુરોસર્જને બોલવામાં આવ્યા અને તેમણે નિદાન કર્યું કે મગજમાં બઉ મોટો ઉત્પાત થયેલો છે એટલે તાત્કાલિક સારવાર આપવી પડશે. ડૉ. સુહાસે તેમની સારવાર કરી અને જરૂરી ઈન્જેક્શન-દવા આપ્યા. પણ તેમણે જણાવ્યું કે હજી સુધી જે જોઈએ એવું પરિણામ મળ્યું નથી. એટલે હવે ભગવાન ચમત્કાર કરે તો જ ધર્મેશભાઈ બચે એમ છે.

પાંચ-છ દિવસ સુધી રાહ જોયા પછી પણ ધર્મેશભાઈની તબિયતમાં કોઈ સુધાર આવ્યો નહિ. ધર્મેશભાઈના બનેવીએ ઘરના બાળકો જે મેડિકલ ફિલ્ડમાં છે એમને ધર્મેશભાઈના રિપોર્ટ મોકલી આપ્યા. એમને પણ જણાવ્યું કે ધર્મેશભાઈ બચે એમ નથી. એ બ્રેઈન ડેડ થઈ ચૂક્યા છે. તેમના બનેવીને વિચાર આવ્યો કે એમનું અંગદાન કરાવીએ. એ જ્યાં બેઠા હતા હોસ્પિટલમાં ત્યાં જોડે કોઈ બીજા દર્દીના સગા હતા તેમની સાથે વાતચીત થઈ તો એમણે કહ્યું કે તમારે અંગદાનની ઈચ્છા હોય તો હું તમને સંપર્ક કરવી આપું.

તેમણે ડૉ. સંજય સોલંકીનો સંપર્ક કર્યો અને અંગદાનની તૈયારી બતાવી. ડૉ. સંજયે જણાવ્યું કે એમના પત્ની તથા પપ્પાની મંજૂરી હોય તો આપણે આ કામ કરી શકીએ એમ છીએ. એમના પપ્પા અંબે માના ભક્ત હતા અને એ દિવસે માં અંબેનો પ્રાગટ્ય દિવસ હતો. એમણે કહ્યું કે જેવી માતાજીની મરજી, અને તેમણે મંજૂરી આપી. ધર્મેશભાઈના લીવર, બે કિડની અને આંખોનું દાન કરવામાં આવ્યું. જેનાથી અન્યોને નવજીવન મળ્યું.

# અંગદાન એજ મહાદાન




આપણા શરીરમાં કેટલાક અવયવો એવા છે કે જેમનું કાર્ય ખરાબ થઈ જાય અથવા બંધ પડી જાય તો મનુષ્યનું જીવન જોખમાય છે. લીવર, હૃદય, ફેફસાં, કિડની વગેરે અંગો ખરાબ થાય તો અંગોનાં પ્રત્યારોપણોની જરૂર પડે છે. દા.ત., લીવર ખરાબ થાય તો લીવરનું પ્રત્યારોપણ કરવાથી દર્દીનો જીવ બચાવી શકાય છે.

**બ્રેઈન ડેથ એટલે શું ?**

મનુષ્યનું મગજ શરીરનું સર્વોચ્ચ અવયવ છે અને તે શરીરની તમામ પ્રક્રિયાઓનું સંચાલન કરે છે. મગજના કારણે જ વ્યક્તિની ઓળખ છે. તે શ્વાસની પ્રક્રિયા તથા હૃદયના ધબકારાઓનું નિયમન પણ કરે છે. જ્યારે મગજને ગંભીર ઈજા પહોંચે ત્યારે તે ફૂલવા લાગે છે અને તેમાં રક્તનું પરિભ્રમણ અટકી જાય છે. મગજમાં રક્તનું પરિભ્રમણ અટકી જવાથી તેનાં તમામ કાર્યો બંધ પડી જાય છે. આ સમયે દર્દીના શ્વાસની પ્રક્રિયા તથા હૃદયનાં ધબકારા પણ એકદમ ઓછા થઈ જાય છે. આવા દર્દીને કૃત્રિમ રીતે શ્વાસ આપવા માટે વેન્ટિલેટર પર મુકવામાં આવે છે. વેન્ટિલેટરની મદદથી શ્વાસ ચાલે ત્યારે શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ જળવાઈ રહે છે અને હૃદય પણ કાર્ય કરે છે. આ પરિસ્થિતિ ફક્ત થોડા કલાકો કે એક-બે દિવસ સુધી દર્દીને બચાવવાના ડૉક્ટરો દ્વારા કરવામાં આવતા પ્રયત્નો છે. સમયાંતરે દર્દીનાં મગજના કાર્યોની ચકાસણી કરવામાં આવે છે. જો મગજ દ્વારા જરા પણ કાર્યરત ન થાય તો તેવા દર્દીને બ્રેઈન ડેથ જાહેર કરવામાં આવે છે. કૃત્રિમ રીતે વેન્ટિલેટરથી શ્વાસ અપાતો હોઈ બ્રેઈન ડેથ વ્યક્તિ શ્વાસ લેતાં સૂઈ ગયો હોય તેવો ભાસ થાય છે અને મોનીટરમાં હૃદયનાં ધબકારાની પણ નોંધ લેવાય છે. દર્દીનાં સગાને એમ જ લાગે છે કે દર્દી હજુ જીવે છે, પરંતુ આ એક કૃત્રિમ રીતે ફેફસાં અને હૃદયને ટકાવી રાખવા માટેની થોડા સમયની વ્યવસ્થા છે. થોડા કલાકોમાં કે એક-બે દિવસમાં દર્દીનું હૃદય બંધ પડી જાય છે.

**અવયવોનું દાન એટલે શું ?**

જ્યારે દર્દી બ્રેઈન ડેડ જાહેર થાય ત્યારે સગા-સંબંધીઓ પાસે બે વિકલ્પો હોય છે : (૧) બ્રેઈન ડેડ વ્યક્તિની ડેડ બોડીને વેન્ટિલેટર પરથી ઉતાર્યા બાદ તે

દર્દીને અંતિમ ક્રિયા માટે લઈ જવો. (૨) બ્રેઈન ડેડ વ્યક્તિના અવયવોનું દાન કરવું. અવયવોના દાન માટેનો નિર્ણય ખૂબ જ ઝડપથી લેવો પડે છે. કારણ કે વેન્ટિલેટર પર રહેલ બ્રેઈનડેડ વ્યક્તિનું હૃદય લાંબા સમય સુધી ચાલુ રહી શકતું નથી અને જો તે બંધ પડી જાય તો અવયવોનું દાન મોટા ભાગના કેસોમાં થઈ શકતું નથી.

**અયવયોનું દાન આપવા માટે શું કરવું ?**

બ્રેઈન ડેડ દર્દીનાં સગા-સંબંધીઓએ તેમની સારવાર કરતા ડૉક્ટરને અંગદાન કરવા માટેની ઈચ્છા વ્યક્ત કરી તેમની પાસેથી sotto.nic.in website પરથી Gujarat State Select કરી Home Page પરથી Form-૮ અને Form-૧૦ Download કરી ભરવાનું હોય છે તથા નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવાની હોય છે. બ્રેઈન ડેડ દર્દી જે હોસ્પિટલમાં દાખલ હોય તે હોસ્પિટલને અંગદાન માટે દર્દીનું અને હોસ્પિટલનું રજિસ્ટ્રેશન SOTTO Gujarat અને NOTTOમાં કરાવવાનું ફરજિયાત છે. હોસ્પિટલ Registration માટે બ્રેઈન ડેડ જાહેર કરનાર ડૉક્ટરની ટીમ અને દરેક ડૉક્ટરની ડીગ્રી તથા રજિસ્ટ્રેશન નંબરની માહિતી upload કરવાની હોય છે. હોસ્પિટલનું રજિસ્ટ્રેશન ફક્ત એક જ વાર કરવાનું હોય છે. દરેક હોસ્પિટલ કે જેમાં વેન્ટીલેટર સાથેના ICU ની અને ઓપરેશન થીયેટરની વ્યવસ્થા છે તેનું રજિસ્ટ્રેશન પહેલેથી જ કરાવી લીધું હોય તો અંગદાન સમયે કિંમતી સમય વેડફાતો અટકી જાય છે.

બ્રેઈન ડેડ વ્યક્તિનાં લોહીનાં સેમ્પલ યોગ્ય લેબોરેટરીમાં મોકલવામાં આવે છે. ઉપરાંત કોવિડ માટેનું સેમ્પલ એન્ડોટ્રેકીયલ ટ્યુબમાંથી RT-PCR માટે મોકલાય છે. હૃદય અને ફેફસાનાં દાન માટે ૨D બ્રોન્કોસ્કોપી અને સીટીસ્કેન કરવામાં આવે છે. આ બધા ટેસ્ટ કરતાં લગભગ ૧૨ થી ૧૮ કલાકનો સમય જાય છે. રીપોર્ટ થઈ ગયા પછી ડૉક્ટરોની ટીમ અંગ સ્વીકાર કરવા માટે આવેછે. બ્રેઈન ડેડ દર્દીને ચકાસ્યા બાદ ICU માંથી ઓપરેશન થીયેટરમાં ખૂબ સન્માનપૂર્વક લઈ જવામાં આવે છે. હૃદય, ફેફસાં, લીવર અને કિડની, આંખો તથા અન્ય ટીશ્યુ કે અંગોને ડૉક્ટરો ઓપરેશન કરી કાળજીપૂર્વક કાઢી અને સાચવીને પ્રત્યારોપણ માટે લઈ જાય છે. અંગદાન પછી બ્રેઈન ડેડ દાતાનાં પાર્થિવ શરીરને સન્માનપૂર્વક વિધિ માટે સગા-સંબંધીઓને સોંપવામાં આવે છે. મેડીકો-લીગલ કેસમાં પોસ્ટમોર્ટમની વિધિ કર્યા પછી પાર્થિવ શરીરને અંતિમ વિધિ માટે લઈ જવામાં આવે છે.

# આવો મળીને અંગદાન કરીએ...

જીવન નથી ખાલી મૃત્યુ સુધી
આવુ સર્વે માં ભાંન કરીએ
મૃત્યુ પછીએ જીવતા રહેવા
આવો મળી ને અંગદાન કરીએ

પાપ પુણ્ય ના પટારા થી છૂટી
માણસ- માણસની મદદનું કામ કરીએ
નાશવંત દેહનો આત્મા અમર કરવા
આવો મળી ને અંગદાન કરીએ

અગ્નિમય વલોપાતના રામ પછી બોલીએ
પહેલા નવી પહેલ પરોપકારી રામ બનીએ
કોઈના કુળદિપમાં થોડું ઘી હોમવા
આવો મળી ને અંગદાન કરીએ

કોઈના મહાભારતમાં અમર થવા
કર્ણ બની સ-સ્મિત આ દાન કરીએ
દાદાનું દિવ્ય સ્વપ્ન પુર્ણ કરવા
આવો મળી ને અંગદાન કરીએ

- ડૉ. સ્મિત મહેતા




ISBN 978-93-91907-74-1

नमस्कार Research & Policy Foundation